GJMH010044242024

## FORM-A

**IN THE COURT OF THE 4TH ADDITIONAL SESSIONS JUDEGE & SPECIAL JUDGE (POCSO), MAHESANA AT MAHESANA.**

---

Present: 4th Addl. Sessions Judge & Special Judge(POCSO)

**Date of Judgement : - 02.04.2026** **SPl.POCSO Case No.63 of 2024**

**EX.152**

**( Mahesana Taluka Police Station Part-A No.11206043240677/24)**
**Charge : For the Offences Punishable U/s. 64(2)(M), 78,115(2),137(2), 351(3),54, 123 of B.N.S. and Sec. 4, 5(L), 6, 8, 17 of Pocso Act & G.P.Act 135**

| | |
|---|---|
| **Complainant** | **The State of Gujarat** |
| Represented By | The Ld. Ad.P.P. Shri N.S.Shah |
| **Accused** | (1) Vijay Karsanbhai Arjanbhai Raval<br>Age : About 30 years,<br>Resi.Suvidha Society, Uchharpi Road,Mahesana.<br>(2) Rahul Ashokbhai Hargovanbhai Raval<br>Age : About 26 years,<br>Resi. Kherva, Ravalvas, Ta.& Dist.Mahesana.<br>(3) Savadhanji @ Chintu Hariji Mansang Thakor<br>Age : About 30 years,<br>Resi.Lakhavad, Ta.Dist.Mahesana.<br>(4) Kuldipsinh Bakulsinh Laxmansinh Vaghela<br>Age : About 24 years,<br>Resi.Mahesana, Nagalpur, PatelVas, Mahesana.<br>(5) Sathvara Sanjaykumar Kanubhai Ambalal<br>Age : About 37 years,<br>Resi.A/22, Vishwakarma Society, Kherva,<br>Ta. & Dist.Mahesana. |
| Accused No.1 to 3 Represented By | Ld. Advocate Shri J. L. Thakor |
| Accused No.4 Represented By | Ld. Advocate Shri V.M.Brahmbhatt |
| Accusued No.5 Represented By | Ld.Advocate Shri R.N.Barot |

| | |
|---|---|
| Date of Offence | 24.09.2024 |
| Date of FIR | 26.09.2024 |
| Date of Chargesheet | 29.11.2024 |
| Date of Framing of charges | 01.04.2025 |
| Date of commencement of evidence | 29.04.2025 |
| Date on which judgement is reserved | 02.04.2026 |
| Date of the Judgment | 02.04.2026 |
| Date of the Sentencing Order, if any | - |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Vijay Karsanbhai Arjanbhai Raval | 30.9.24 | - | U/s.64(2)(M), 78,115(2),137(2), 351(3),54, 123 of B.N.S. and Sec. 4, 5(L), 6, 8, 17 of Pocso Act & G.P.Act 135 | Acquitted | - | |
| 2 | Rahul Ashokbhai Hargovanbhai Raval | 30.9.24 | 6.12.24 | - " - | Acquitted | - | |
| 3 | Savadhanji @ Chintu Hariji Mansang Thakor | 30.9.24 | 3.7.25 | - " - | Acquitted | - | |
| 4 | Kuldipsinh Bakulsinh Laxmansinh Vaghela | 1.10.24 | 9.12.24 | - " - | Acquitted | - | |
| 5 | Sathvara Sanjaykumar Kanubhai Ambalal | 1.10.24 | 8.10.24 | - " - | Acquitted | - | |

## FORM-C
## LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES

### A. Prosecution:

| Rank | Exh. No. | Name | Nature of Evidence (Eye witness, Police witness, Expert witness, Medical witness, Panch witness, other witness |
|---|---|---|---|
| PW-1 | 18 | Victim | Victim Witness |
| PW-2 | 23 | Narmadaben Rameshbhai Patel | Witness (Mother of Victim) |
| PW-3 | 27 | Rameshbhai Shivrambhai Patel | Witness (Father of Victim) |
| PW-4 | 33 | Dr. Patel Kunjkumar Vishnubhai | Medical Officer |
| PW-5 | 40 | Dr. Pradip Shobharam Rathor | Medical Officer |
| PW-6 | 46 | Chaudhary Ajaybhai Bababhai | Panch Witness |
| PW-7 | 53 | Desai Gafurbhai Limbabhai | Panch Witness |
| PW-8 | 59 | Zala Narendrasinh Karsanji | Panch Witness |
| PW-9 | 70 | Savaji Ratuji Thakor | Panch Witness |
| PW-10 | 75 | Vijyasinh Badaji Thakor | Panch Witness |
| PW-11 | 79 | Patel Kalpeshkumar Amrutlal | Witness (Tution Class) |
| PW-12 | 85 | Mit Baldevbhai Patel | Witness |
| PW-13 | 86 | Gautambhai Shaileshbhai Patel | Witness |
| PW-14 | 89 | Kanubhai Ambalal Sathwara | Witness (Owner of Guset House) |
| PW-15 | 90 | Sureshbhai Mansangbhai Chaudhary | Witness (Nagar Palika) |
| PW-16 | 97 | Chaudhary Yogeshkumar Shankarbhai | Witness |
| PW-17 | 104 | Pravinbhai Mohanbhai Patel | Witness |
| PW-18 | 108 | Jitendrakumar Pitambarbhai Patel | Witness (I.O.) |
| PW-19 | 132 | Badva Dilipkumar Gangabhai | Witness (I.O.) |

### B. Defence Witness, if any :

| Rank | Exh. No. | Name | Nature of Evidence (Eye witness, Police witness, Expert witness, Medical witness, Panch witness, other witness |
|---|---|---|---|
| - | - | - | - |

દાખલ તારીખ: ૨૯–૧૧–૨૦૨૪
રજી.તારીખ : ૨૯–૧૧–૨૦૨૪
ફેસલ તારીખ : ૦૨–૦૪–૨૦૨૬
અવધિ : વર્ષ–૦૧, માસ–૦૪, દિવસ–૦૪

**મહેસાણાની મે.ચોથી એડીશ્નલ સેસન્સ કોર્ટ અને સ્પેશ્યલ (પોકસો) કોર્ટમાં, મુ.મહેસાણા.**

**સ્પે.કેસ(પોકસો) નં.૬૩/૨૦૨૪**

**<u>આંક–૧૫૨</u>**

**શ્રી સરકાર ..... ફરીયાદી**

**<u>વિરૂધ્ધ</u>**

(૧) **વિજય કરશનભાઇ અરજણભાઇ રાવળ**
ઉ.વ.આ.૩૦, ધંધો–મજુરી,
રહે.સુવિધા સોસાયટી, ઉચરપી રોડ,મહેસાણા.
મુળ વતન: દવાડા,તા.જી.મહેસાણા.

(૨) **રાહુલ અશોકભાઇ હરગોવનભાઇ રાવળ**
ઉ.વ.આ.૨૬, ધંધો–મજુરી,
રહે.ખેરવા, રાવળવાસ,તા.જી.મહેસાણા.

(૩) **સવધાનજી ઉર્ફે ચિન્ટુ હરીજી માનસંગજી ઠાકોર**
ઉ.વ.આ.૩૦, ધંધો–મજુરી,
રહે.લાખવડ, તા.જી.મહેસાણા.

(૪) **કુલદીપસિંહ બકુલસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા**
ઉ.વ.આ.૨૪, ધંધો–મજુરી,
રહે.મહેસાણા,નાગલપુર, પટેલવાસ, રામજી મંદિર પાછળ,
તા.જી.મહેસાણા.
મુળ રહે.ભલગામ, ભવાની માતાના મંદિર પાસે,
તા. કાંકરેજ, જી.બનાસકાંઠા.

(૫) **સથવારા સંજયકુમાર કનુભાઇ અંબાલાલ**
ઉ.વ.આ.૩૭, ધંધો–વેપાર,
રહે.એ/૨૨, વિશ્વકર્મા સોસાયટી,
ખેરવા,તા.જી.મહેસાણા. **.......આરોપીઓ**

**<u>ગુનો</u>: <u>બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(એમ),૭૮,૧૧૫(૨), ૧૩૭(૨), ૩૫૧(૩), ૫૪, ૧૨૩ તથા પોકસો એકટની કલમ–૪,૫(એલ), ૬,૮,૧૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ</u>**

---

| | | |
|---|---|---|
| ફરીયાદી તરફે | : | વિ.એ.પી.પી.શ્રી એન.એસ.શાહ |
| આરોપી નં.૧ થી ૩ તરફે | : | વિ.વ.શ્રી જે.એલ.ઠાકોર |
| આરોપી નં.૪ તરફે | : | વિ.વ.શ્રી વી.એમ.બ્રહ્મભટ્ટ |
| આરોપી નં.૫ તરફે | : | વિ.વ.શ્રી આર.એન.બારોટ |

---

## <u>ચુ કા દો</u>

(૧) નામ.સુપ્રિમ કોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત લક્ષ્માં રાખી તેમજ પ્રોટેકશનબ ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટની જોગવાઇ અનુસાર હાલના ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેણીના નામની જગ્યાએ ''ભોગબનનાર'' તરીકે હવે પછીથી ઉલ્લેખ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓ સામે બી.એન.એસ.ની કલમ–૬૪(૨) (એમ),૭૮,૧૧૫(૨), ૧૩૭(૨), ૩૫૧(૩), ૫૪, ૧૨૩ તથા પોકસો એકટની કલમ–૪,૫(એલ), ૬,૮,૧૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાઓનું તહોમત મુકવામાં આવેલ છે.

(૩) આ કામના ફરીયાદી/ભોગબનનારે તા.૨૬/૦૯/૨૦૨૪ ના રોજ મહેસાણા તાલુકા પો.સ્ટે. એવી ફરીયાદ નોંધાવેલ છે કે, તેણી ફરીયાદમાં જણાવેલ સરનામે તેના પરીવાર સાથે રહેલ છે અને હલામાં મહેસાણા ખાતે અર્બન પ્રોગેસીવ ગર્લ્સ હાઇસ્કૂલમાં ધોરણ–૧૨ માં અભ્યાસ કરે છે, તેના પિતા ખેતીકામ કરે છે

તેમજ માતા નર્મદાબેનનાઓ ઘરકામ તેમજ રસોડાનુ કામકાજ કરે છે. તેઓ સાત ભાઇ બહેન છે, જેમાં સૌથી મોટી ખ્યાતિબેન છે. તેમજ તેનાથી નાનો હાર્દિક છે. તેનાથી નાની પ્રિયંકા છે. તેમજ તેનાથી નાની રીયા છે તેમજ તેનાથી નાની મોનીકા છે. તેમજ તેનાથી નાનો જય છે તેમજ સૌથી નાની તેણી પોતે છે. તેની મોટી ચાર બહેનોના લગ્ન થયેલ છે અને તેઓ તેમની સાસરીમાં રહે છે. તેણી મહેસાણા ખાતે સિદ્ધપુરી બજારમાં કલ્પેશભાઇ પટેલ નાઓના સિદ્ધેશ્વરી ટ્યુશન કલાસીસમાં ટ્યુશન જાય છે અને ટ્યુશનનો ટાઇમ બપોરે સાડા બારથી દોઢ વાગ્યાનો છે. અને હાઇસ્કૂલનો સમય સાત વાગ્યાથી બાર વાગ્યા સુધીનો હોય છે. તેનું મોસાળ દેદીયાસણ મુકામે થાય છે અને તેના મામા પ્રવિણભાઇ મોહનભાઇ પટેલ નાઓ છે. તેણી ધોરણ-૧૦ માં તેના મોસાળમાં તેના મામા પ્રવિણભાઇ મોહનભાઇ પટેલ રહે.દેદીયાસણ તા.જી.મહેસાણા નાઓના ઘરે રહેતી હતી તે વખતે તેના મામાના મિત્ર કુલદિપ વાઘેલા જેઓ અવાર નવાર તેઓ સાથે ઘરે આવતા અને જેથી તેણી આ કુલદીપને ઓળખતી હતી. તેમજ ફરીયાદ આપ્યાના ત્રણેક માસ અગાઉ તેણી તેની સ્કૂલ પતાવી બપોરના સિદ્ધેશ્વરી ટ્યુશન કલાસીસમાં ટ્યુશન જતી હતી અને ટ્યુશન પતાવી ઘરે જતી હતી તે વખતે આ કુલદીપ તથા તેના કેટલાક મિત્રો તેમની સોસાયટી હનુમાનનગર આગળ બેસતા હતા અને આ કુલદીપના કારણે તેણીની ઓળખાણ વિજય રાવળ પિતાનુ નામ ખબર નથી, રહે.સુવિધા સોસાયટી, ઉંચરપી રોડ, મહેસાણા નાઓ સાથે મુલાકાત થયેલી અને અવાર નવાર તેઓને

એકબીજા સાથે વાતચીત થતી હતી અને **થોડોક સમય પછી આ વિજય રાવળ તેણીને પ્રેમ સબંધ સારૂ કહેવા લાગેલો અને તેણીએ તેને ના કહેલ હતી અને જેથી આ વિજય અવાર નવાર તેણીના ઘરેથી સ્કૂલ તેમજ ટ્યુશન ક્લાસીસમાં પીછો કરતો હતો અને તેની સાથે પ્રેમસબંધ નહિ રાખે તો તેને મારી નાખવાની ધમકી આપતો હતો અને જેથી બિકના કારણે તેણીએ તેની સાથે મિત્રતા કરેલી અને તેણીને મોબાઇલ ઉપર વાતચીત કરવા દબાણ કરતો હોય જેથી તેણીની સાથે મોબાઇલ ના હોય, તેણી તેના પિતાના મોબાઇલ ઉપરથી તેની સાથે વાતીચત કરતી હતી** અને આ વિજયે તેણીને કહેલ કે મારા લગ્ન થયેલ નથી, મારે તારી સાથે લગ્ન કરવા છે તેમ કહી તેણીને લગ્ન માટે લલચાવેલી અને તેની પાસે મારૂતી સ્વીફ્ટ બ્લ્યુ કલરની ગાડી હોય નંબર ખબર નથી અને **ઉનાળા વેકેશન પછી સ્કૂલ ખુલેલી અને તે તેણીને તેના ઘરેથી સ્કૂલમાં મહેસાણા તેની ગાડીમાં મૂકવા આવેલો અને તે વખતે તેણે તેણીની સાથે બળજબરી કરેલી અને તેણીએ ના કહેતા ઉશ્કેરાઇ જઇ, તેણીની સાથે લાપટ ઝાપટ પણ કરેલી અને તેણીને અવાર – નવાર ડરાવતો હતો કે ''જો તુ મને મળવા નહિ આવે તો હુ બધાને આપણા વચ્ચે પ્રેમસબંધ છે તેવુ કહી તને બદનામ કરી દઇશ'' તેવુ કહેલુ અને તે વખતે તેણી ગભરાઇ ગયેલ હોય ડરના કારણે તેને ગાડીમાં મળતી હતી અને આ વિજય રાવળ તેણીને મહેસાણાથી ખેરવા જતા પહેલા એક ગેસ્ટ હાઉસ આવેલ છે જે ગેસ્ટ હાઉસનું નામ તેણીને ખબર નથી તેમાં લઇ ગયેલો અને તેણીને ડરાવી ધમકાવી તેણીની સાથે શરીર સબંધ બાંધેલ હતો**

**અને તેણી ગભરાઇ ગયેલ હોય આ વાતની જાણ તેણીએ કોઇને કહેલ નહિ અને આ વિજય રાવળ તેણીને અવાર નવાર ધમકાવતો હતો અને તેની ધમકીના કારણે તેણી ડરીને તેને મળવા જતી હતી અને આ વિજય તેણીને અવાર નવાર દસથી પંદર વખત ખેરવા નજીક આવેલ ગેસ્ટહાઉસમાં લઇ ગયેલ છે અને તેણીની સાથે તેણીની મરજી વિરૂદ્ધ શરીર સબંધ બાંધેલ હતો** અને તેણી તા.૨૪/૦૯/૨૦૨૪ ના રોજ સવારે સાતેક વાગે મહેસાણા કુકસ ચોકડી આવેલી અને આ વિજય રાવળ પણ મહેસાણા તેની ગાડી લઇ આવી ગયેલો અને ડરના કારણે તેણી તેની સાથે તેની ગાડીમાં બેસી મહેસાણા બજારમાં ગયેલી અને ટ્યુશન છુટવાના સમયે આ વિજયે તેણીને મહેસાણા ઉતારી દીધેલી અને તેણી બપોરના બે વાગે ઘરે ગયેલી તે વખતે તેની માતાએ તેણીને કહેલ કે ''તારી સ્કૂલમાંથી ફોન આવેલ છે કે તુ સ્કૂલમાં કે ટ્યુશનમાં ગયેલ નથી'' જેથી તેણી રડવા લાગેલી અને તેની માતાને આ વિજય રાવળે તેણીને ડરાવી ધમકાવી તેણીની સાથે શરીર સબંધ બાંધેલ તે બધી વાત કહેલ હતી અને સાંજના તેના પિતાજી પણ ઘરે આવતા તેમને પણ આ વાતની જાણ કરેલ હતી. જેથી આ વિજય રાવળ બાપનુ નામ ખબર નથી જેઓએ તેણીને ડરાવી ધમકાવી તેની ગાડીમાં બેસાડી તેણીની સાથે લાપટ ઝાપટ કરી, બળજબરી કરી તેમજ અવાર નવાર ખેરવા નજીક ગેસ્ટ હાઉસમાં લઇ જઇ, તેણીની સાથે તેની મરજી વિરૂદ્ધ શરીર સબંધ બાંધી, તેણીની સાથે બળાત્કાર કરેલ હોય, તેણી તેની માતા તથા તેના પિતા સાથે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા

આવેલ હોવાનું જણાવી, તેણીના જન્મના દાખલાની નકલ ફરીયાદ સાથે રજુ કરેલ હોવાનું જણાવેલ છે.

(૪) ફરીયાદીની ફરીયાદ આધારે મહેસાણા તાલુકા પો.સ્ટે. પાર્ટ એ નં.૧૧૨૦૬૦૪૩૨૪૦૬૭૭/૨૦૨૪ થી બી.એન.એસ.ની કલમ-૬૪, ૭૮, ૧૧૫(૨) તથા પોકસો એકટની કલમ-૪, ૫(એલ),૬, ૮ મુજબનો ગુનો નોંધવામાં આવેલ અને ત્યારબાદ ગુનાની તપાસ, તપાસ કરનાર અમલદારે કરી, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, ભોગબનનારના અને આરોપી નં.૧ વિજયના બનાવ વખતે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે કરેલ, આરોપી તથા ભોગબનનારને મેડીકલ ચકાસણી સારૂ સરકારી હોસ્પીટલ, મહેસાણા તેમજ ગાયનેક તપાસ સારૂ મોકલવામાં આવેલ અને મેડી.સર્ટી. મેળવી કામે સામેલ રાખેલ, ભોગબનનાર તથા લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા, તપાસના કામે કબજ કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. ખાતે તપાસણી સારૂ મોકલેલ અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા મળતા બી.એન.એસ.ની કલમ-૬૪(૨)(એમ), ૭૮, ૧૧૫(૨), ૧૩૭ (૨), ૩૫૧(૩), ૫૪, ૧૨૩ તથા પોકસો એકટની કલમ-૪, ૫(એલ), ૬,૮,૧૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુના સબંધેનું ચાર્જશીટ દાખલ કરેલ. આ કેસ સ્પેશ્યલ પોકસો અદાલતની હકુમતનો હોય, અને પોકસો કેસ ચલાવવા માટે '**Notified**' અદાલત સમક્ષ કેસ આવતાં, આરોપીઓને ધી બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ હેઠળ

નકલો પુરી પાડાવમાં આવેલ હતી.

(૫) આ કામે આરોપી નં.૨,૩,૪,૫ નાઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતાં તેમજ આરોપી નં.૧ જયુડીશીયલ કસ્ટડીમાં હોઇ, આરોપી નં.૩ ને જેલ ઓથોરીટી ધ્વારા અત્રેની કોર્ટ સમક્ષ હાજર કરતા, આરોપીઓ સામે આંક–૭ થી બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(એમ),૭૮,૧૧૫(૨), ૧૩૭(૨), ૩૫૧(૩), ૫૪, ૧૨૩ તથા પોકસો એકટની કલમ–૪,૫(એલ), ૬,૮,૧૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાઓનું તહોમતનામું ફરમાવતાં આરોપીઓએ અનુક્રમે આંક–૮ થી ૧૨ હેઠળ પોતાનો જવાબ આપી, તેમને આ ગુનો કબુલ ન હોવાનું જણાવી પોતાનો બચાવ કરવાનું પસંદ કરેલ છે.

(૬) જેથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૩ વંચાણે લઇ, બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૪ મુજબ ફરીયાદપક્ષ ધ્વારા સાહેદોના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૭) ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવજી પુરાવો આપેલ છે.

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| PW ૧ | ૧૮ | ભોગબનનાર | વિકટીમ સાહેદ |
| PW ૨ | ૨૩ | નર્મદાબેન રમેશભાઇ પટેલ | સાહેદ(ભો.બ.ની માતા) |
| PW ૩ | ૨૭ | રમેશભાઇ શીવરામભાઇ પટેલ | સાહેદ (ભો.બ.ના પિતા) |
| PW ૪ | ૩૩ | ડો.પટેલ કુંજકુમાર વિષ્ણુભાઇ | મેડી. સાહેદ |

| | | | |
|---|---|---|---|
| PW ૫ | ૪૦ | ડો.પ્રદિપ શોભારામ રાઠોર | મેડી. સાહેદ |
| PW ૬ | ૪૬ | ચૌધરી અજયભાઇ બબાભાઇ | પંચ સાહેદ |
| PW ૭ | ૫૩ | દેસાઇ ગફુરભાઇ લીંબાભાઇ | પંચ સાહેદ |
| PW ૮ | ૫૯ | ઝાલા નરેન્દ્રસિંહ કરશનજી | પંચ સાહેદ |
| PW ૯ | ૭૦ | સવાજી રતુજી ઠાકોર | પંચ સાહેદ |
| PW ૧૦ | ૭૫ | વિજયસિંહ બદાજી ઠાકોર | પંચ સાહેદ |
| PW ૧૧ | ૭૯ | પટેલ કલ્પેશકુમાર અમૃતલાલ | સાહેદ(ટયુશન કલાસીસ) |
| PW ૧૨ | ૮૫ | મીત બળદેવભાઇ પટેલ | સાહેદ |
| PW ૧૩ | ૮૬ | ગૌતમભાઇ શૈલેષભાઇ પટેલ | સાહેદ |
| PW ૧૪ | ૮૯ | કનુભાઇ અંબાલાલ સથવારા | સાહેદ(ગેસ્ટ હાઉસના માલીક) |
| PW ૧૫ | ૯૦ | સુરેશભાઇ માનસંગભાઇ ચૌધરી | સાહેદ (નગર પાલીકા મહેસાણા, જન્મ-મરણ વિભાગના રજીસ્ટ્રાર) |
| PW ૧૬ | ૯૭ | ચૌધરી યોગેશકુમાર શંકરભાઇ | સાહેદ |
| PW ૧૭ | ૧૦૪ | પ્રવિણભાઇ મોહનભાઇ પટેલ | સાહેદ(ભો.બ.ના મામા) |
| PW ૧૮ | ૧૦૮ | જીતેન્દ્રકુમાર પિતાંબરભાઇ સોલંકી | સાહેદ(ત.ક.અધિ.) |
| PW ૧૯ | ૧૩૨ | બડવા દીલીપકુમાર ગાંગાભાઇ | સાહેદ(ત.ક.અધિ.) |

(૭.૧) આરોપીપક્ષે બચાવમાં સાહેદ તપાસેલ નથી.

(૮) ફરીયાદપક્ષે ઉપરોકત મૌખિક પુરાવા ઉપરાંત નીચે મજુબના દસ્તાવેજી પરુાવા પણ રજુ કરેલ છે.

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| ૧. | Exh.P-૧૯/ PW1 | ફરીયાદ |
| ૨. | Exh.P-૨૦/ PW1 | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન |

| | | | |
|---|---|---|---|
| ૩. | Exh.P–૩૪/ | PW4 | ભોગબનનારની શારીરિક તપાસણીનું સર્ટીફીકેટ (સીવીલ હોસ્પી., મહેસાણા) |
| ૪. | Exh.P–૩૫/ | PW4 | ભોગબનનારના અસલ એમ.એલ.સી. કેસ પેપર્સ પાન–૧૧, એક્સ–રે નંગ–૨ |
| ૫. | Exh.P–૩૬/ | PW4 | ભોગબનનારની મેડી.તપાસણી અર્થેની પોલીસ યાદી |
| ૬. | Exh.P–૪૨/ | PW5 | આરોપી નં.૧ ની શારીરિક તપાસણીનું સર્ટીફીકેટ (સીવીલ હોસ્પી.,મહેસાણા) |
| ૭. | Exh.P–૪૩/ | PW5 | આરોપી નં.૧ ની મેડી.તપાસણી અર્થેની પોલીસ યાદી |
| ૮. | Exh.P–૪૪/ | PW5 | આરોપી નં.૧ના નમુના એફ.એસ.એલ. માં તપાસ અર્થે મોકલ્યાના ફોર્મની સ્થળપ્રત |
| ૯. | Exh.P–૪૭/ | PW6 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૦. | Exh.P–૪૮/ | PW6 | ભોગબનનારના બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૧૧. | Exh.P–૪૯ થી ૫૨/ | PW6 | મુદ્દામાલ આર્ટી.નં.૧ થી ૪ માંથી નીકળેલ પંચસ્લીપો |
| ૧૨. | Exh.P–૫૪/ | PW7 | આરોપી વિજય વિ.ની શરીર સ્થીતીનું તથા મોબાઇલ કબજે કર્યાનું પંચનામું |
| ૧૩. | Exh.P–૬૦/ | PW8 | આરોપી વિજયે બનાવ સમયે પહેરેલ કપડા તથા ગુનાના કામે વપરાયેલ છરી તથા ગાડી કબજે કર્યાનું પંચનામું |
| ૧૪. | Exh.P–૬૧ થી ૬૪/ | PW8 | મુદ્દામાલ આર્ટી.નં.૬ થી ૯ માંથી નીકળેલ પંચસ્લીપો |
| ૧૫. | Exh.P–૬૫/ | PW8 | ગુનાના કામે ગેસ્ટ હાઉસના સીસીટીવી ફુટેજ રજુ કરતા પેન ડ્રાઇવમાં કબજે કર્યાનું પંચનામું |
| ૧૬. | Exh.P–૬૬/ | PW8 | પેન ડ્રાઇવ |
| ૧૭. | Exh.P–૬૭/ | PW8 | ભોગબનનારે બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૮. | Exh.P–૭૧/ | PW9 | ગુનાના કામે વપરાયેલ મોટર સાયકલ કબજે કર્યાનું પંચનામું |

| | | | |
|---|---|---|---|
| ૧૯. | Exh.P–૯૧/ | PW15 | મહેસાણા નગર પાલીકાના જન્મ–મરણ નોંધણી રજી.ના ઉતારાની ખરી નકલ |
| ૨૦. | Exh.P–૯૨/ | PW15 | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર |
| ૨૧. | Exh.P–૧૦૯/ | PW18 | ડેપ્યુટ હુકમ |
| ૨૨. | Exh.P–૧૧૦/ | PW18 | સીસીટીવી કુટજની પેન ડ્રાઇવનું કલમ–૬૩ મુજબનું પ્રમાણપત્ર |
| ૨૩. | Exh.P–૧૧૧/ | PW18 | મુદ્દામાલ રવાનગી પત્રક |
| ૨૪. | Exh.P–૧૧૨/ | PW18 | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| ૨૫. | Exh.P–૧૧૩/ | PW18 | મુદ્દામાલ રવાનગી પત્રક |
| ૨૬. | Exh.P–૧૧૪/ | PW18 | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| ૨૭. | Exh.P–૧૧૫/ | PW18 | ગુજરાત પોલીસ અધિ.ની કલમ–૩૭(૧) પ્રમાણે હથિયાર બંધીના જાહેરનામાની નકલ |
| ૨૮. | Exh.P–૧૩૩/ | PW19 | મુદ્દામાલ રવાનગી પત્રક |
| ૨૯. | Exh.P–૧૩૪/ | PW19 | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| ૩૦. | Exh.P–૧૩૫/ | PW19 | એફ.એફ.એલ.ઓ પત્ર તથા બાયોલોજી તથા સિરોલોજી વિભાગનો રીપોર્ટ |

(૯) મટીરીયલ ઓબ્જેકટસ:

| **ક્રમ** | **મટેરીયલ ઓબ્જેકટસ** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | ભોગબનનારના કપડા | એક કપડાનો શર્ટ કાળા તથા સફેદ કલરનો ચોકસનો ચાલુ વપરાશનો જુના જેવો કોલરવાળો બટનવાળો અડધી બાયનો |

| | | |
|---|---|---|
| ૨ | ભોગબનનારના કપડા | એક કપડાનું જીન્સ કાર્ગો પેન્ટ, કાળા કલરનું આગળ પાછળ ખિસ્સાવાળુ તેમજ બંને ઢીંચણના ભાગે ખિસ્સાવાળુ |
| ૩ | ભોગબનનારના કપડા | એક બ્રા ગુલાબી કલરની, ગ્રે કલરના બોર્ડરવાળી જુની ચાલુ વપરાશની |
| ૪ | ભોગબનનારના કપડા | એક નીકર કથ્થાઇ કલરની મોટી સાઇઝની ઇલાસ્ટીકવાળી જુની ચાલુ વપરાશની |
| ૫ | આરોપી વિજયે રજુ કરેલ | એક મોબાઇલ ફોન કાળા કલરના કવર સાથેનો, ઓપો કંપનીનો એન્ડ્રોઇડ ફોન મોડલ નં.CPH2693 નો પર્પલ કલરનો છે તે |
| ૬ | આરોપી વિજયના કપડા | એક શર્ટ લીલા કલરનો વાદળી તથા સફેદ કલરની ફુલભાતની ડીઝાઇનવાળો |
| ૭ | આરોપી વિજયના કપડા | એક ફોર્મલ પેન્ટ ક્રીમ કલરનું આગળ પાછળ બે ખિસ્સાવાળુ તથા ચેઇનવાળુ ચાલુ વપરાશનું જુનુ |
| ૮ | આરોપી વિજયના કપડા | એક જાંગીયો કથ્થાઇ કલરનો જુનો ચાલુ વપરાશનો ઉપર નીચે ઇલાસ્ટીકવાળો |
| ૯ | અશ્વિનજી અમરતજીએ રજુ કરેલ | છરી લાકડાના મ્યાનમાં રાખેલ હોય જે મ્યાનમાંથી છરી બહાર કાઢી જોતાં લોખંડની છરી લાકડાના હાથામાં રીવર્ટથી ફીટ કરેલ, કાટવાળી, એકબાજુ ધારવાળી આગળના ભાગે અણીવાળી, છરીની ફળ હાથા સાથેની લંબાઇ ૨૩ સે.મી. તેમજ ફળની લંબાઇ ૧૩ સે.મી. છે તથા હાથાની લંબાઇ ૧૦ સે.મી. છે. |
| ૧૦ | અશ્વિનજી અમરતજીએ રજુ કરેલ | મારૂતિ સુઝુકી કંપનીની બ્લ્યુ કલરની સ્વીફ્ટ ગાડી, જેના આગળ પાછળ નંબર પ્લેટ લગાવેલ નથી, ચેસીસ નં.MBHCZCB3SPKD40349 તથા એન્જીન નં.K12NP1524421 નો લખેલ છે તે |
| ૧૧ | આરોપી સંજયભાઇએ રજુ કરેલ | પેન ડ્રાઇવ, Master s-24 કંપનીની ૩૨ જીબીની સ્ટીલ મટીરીયલ્સ ની છે તે |

| | | |
|---|---|---|
| ૧૨ | અશ્વિનજી અમરતજીએ રજુ કરેલ | બજાજ કંપનીનું પલ્સર મોટર સાયકલ રજી. નંબર જીજે૦૨સીકયુ૭૫૭૯ બ્લેક કલરનું |

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી વિ.એ.પી.પી.શ્રીએ આંક–૧૩૬ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ બી.એન. એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીઓ વિરૂધ્ધના સંજોગો અંગે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં તેઓએ ફરીયાદ પક્ષના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં આરોપી નં.૧ નાએ જણાવેલ છે કે ''અમો નિર્દોષ છીએ, અમારા ઉપર ખોટો કેસ કરેલ છે, અમો કુટુંબવાળા માત્ર એકના એકજ સંતાન છીએ, કુટુંબની તમામ જવાબદારી અમારા ઉપર છે, અમોને જાણી જોઇને ફસાવવામાં આવેલ છે, અમો નિર્દોષ છીએ'' જયારે અન્ય આરોપીઓએ તેઓએ કોઇ ગુનો કરેલ ન હોવાનું, તેઓ નિર્દોષ હોવાનું અને તેઓએ આવું કોઇ કૃત્ય કરેલ ન હોવાનું જણાવેલ છે.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે વિ.સરકારી વકીલ શ્રી દલીલ કરતા જણાવેલ છે કે ફરીયાદપક્ષે આક્ષેપિત તહોમત ભોગબનનાર, ભોગબનનારના માતા, પિતા, મામા તથા અન્ય સાહેદો તથા પંચ સાહેદો, મેડીકલ ઓફીસરશ્રીઓ,ગેસ્ટહાઉસના માલીક, જન્મ–મરણ વિભાગના રજીસ્ટ્રાર, અને ત.ક.અધિ.શ્રીઓને તપાસ પુરવાર કરેલ છે. ભોગબનનારની જન્મ તા.૩૦/૦૪/૨૦૦૮ છે. ભોગબનનાર બનાવ સમયે સગીર વયની હોવા બાબતે મહેસાણા

નગરપાલીકાના જન્મ–મરણ વિભાગના રજીસ્ટ્રાર સુરેશભાઇ માનસંગભાઇ ચૌધરીને આંક–૯૦ થી તપાસી, મહેસાણા નગર પાલીકાના જન્મ–મરણ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ આંક–૯૧ થી અને ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર આંક–૯૨ થી રજુ કરેલ છે અને ભોગબનનારની જન્મ તા.૩૦/૦૪/૨૦૦૮ ની હોવાનું પુરવાર કરેલ છે. વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૩ થી તપાસવામાં આવેલ મેડી.ઓફી.શ્રી ડો.પટેલ કુંજકુમાર વિષ્ણુભાઇનાએ ભોગબનનારની શારીરિક તપાસણી કરેલી છે અને તેઓએ ભોગબનનારને ડેન્ટલ અને રેડીયોલોજીસ્ટની તપાસ સારૂ રીફર કરેલ અને ડો.શ્રીના અભિપ્રાય મુજબ ભોગબનનારની ઉંમર ડેન્ટીસ્ટના અભિપ્રાય પ્રમાણે ભોગબનનારની ઉંમર ૧૩ વર્ષથી ૧૫ વર્ષની હોવાનું અને રેડીયોલોજીસ્ટના અભિપ્રાય પ્રમાણે ભોગબનનારની ઉંમર ૧૬ વર્ષથી વધુ અને ૧૭ વર્ષ કરતા ઓછી હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષે ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર કરેલ હોઇ, ભોગબનનાર બનાવ વખતે સગીર વયની હોય તેની સંમતિ કાયદેસરની ગણાય નહી. ડોકટરશ્રીઓનો પુરાવો જોતાં ભોગબનનાર સાથે અવાર નવાર શારીરિક સબંધ બંધાયેલ હોવાનું પુરવાર થાય છે. ફરીયાદી/ભોગબનનારનો પુરાવો જોતાં ભોગબનનારે ફરીયાદ હકીકત તેમજ બનાવ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. ભોગબનાનરના પુરાવાથી આરોપી નં.૧ નાએ ભોગબનનાર/ફરીયાદી તથા સાહેદ મીતને ગડદા પાટુનો માર મારી, ફરીયાદીને એકટીવામાં બેસાડી, જુની

કોર્ટ રાજમહેલ અને ત્યાંથી સીવીલ આગળ રોડ ઉપર લઈ જઈ, ગડદા પાટુનો માર મારી, ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં આરોપી નં.૧ વિજય રાવળે તથા આરોપી નં.૩ સવધાનજી ઉર્ફે ચિન્ટુ હરીજીનાઓ ભોગબનનારને મહેસાણાથી જબરજસ્તીથી અપહરણ કરી, એકટીવા ઉપર ગુંજાળા રોડ ઉપર લાખવડ ગામની સીમમાં આરોપી નં.૩ સવધાનજી ઉર્ફે ચિન્ટુના વાડામાં લઈ જઈ, ગડદા પાટુનો માર મારી અને કોઈને કહેશે તો જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપી તેમજ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં આરોપી નં.૧ વિજય રાવળે તા.૨૪/૯/૨૪ ના બપોરના બે વાગ્યા પહેલાથી ત્રણેક માસ અગાઉના વચ્ચેની કોઈપણ તારીખ અને સમયે ફરીયાદી/ભોગબનનારની સ્પષ્ટ અનિચ્છા હોવા છતાં પોતાનું વ્યકિતગત હિત સાધવાના હેતુથી પીછો કરી, ભોગબનનારને ડરાવી, ધમકાવી ગાડીમાં બેસાડી લાપટ ઝાપટ કરી, અવાર નવાર ખેરવા નજીક આવેલ આશીર્વાદ ગેસ્ટહાઉસમાં લઈ જઈ, દારૂ પીવડાવી, સગીર વયની ભોગબનનારની મરજી વિરૂધ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર કરી તેમજ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં આરોપી નં.૨ રાહુલ અશોકભાઈ તથા આરોપી નં.૫ સથવારા સંજયકુમાર કનુભાઈ નાઓએ ખેરવા નજીક આશીર્વાદ ગેસ્ટહાઉસમાં રૂમની વ્યવસ્થા કરી આપી, ગુનો કરવામાં મદદગારી કરી તેમજ ફરીયાદી/ભોગબનનાર અને સાહેદોને આરોપી નં.૧ વિજય રાવળે સમાધાન સારૂ બોલાવી,

છરો લઇ આવી જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોવાનું પુરવાર થાય છે. ભોગબનનારની માતાનો પુરાવો જોતાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. ફરીયાદપક્ષે શંકારહીત, સચોટ પુરાવાથી પોતાનો કેસ પુરવાર કરેલ છે. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે ફરીયાદપક્ષે આંક–૪૬ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ ચૌધરી અજયભાઇ બબાભાઇએ આંક–૪૭ ના ગુનાવાળી જગ્યાના પંચનામાને તેમજ આંક–૪૮ ના ભોગબનનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ છે. ફરીયાદપક્ષે આંક–૫૩ થી તપાસવામાં આવેલા પંચ સાહેદ દેસાઇ ગફુરભાઇ લીંબાભાઇએ આંક–૫૪ ના આરોપી નં.૧ વિજયની શરીરસ્થીતીના પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ છે. વધુમાં ફરીયાદપક્ષે આંક–૫૯ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ ઝાલા નરેન્દ્ર્રસિંહ કરશનજીનો પુરાવો જોતાં આ પંચ સાહેદે આંક–૬૦ ના આરોપી વિજયે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના તેમજ બનાવમાં વપરાયેલ ગાડી અને હથિયાર છરી કબજે કર્યાના પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ છે. ફરીયાદપક્ષે આંક–૭૦ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ સવાજી રતુજી ઠાકોર અને આંક–૭૫ થી તપાસવામાં આવેલા પંચ સાહેદ વિજયસિંહ બદાજી ઠાકોર હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને આ સાહેદોએ ગુનાના કામે વપરાયેલ મોટર સાયકલ કબજે કર્યાના પંચનામાને સમર્થન કરેલ નથી પરંતુ ત.ક.અધિ.શ્રીના

પુરાવાથી પંચનામાની હકીકતને સમર્થન મળે છે. ત.ક.અધિ.શ્રીઓએ કરેલ તપાસમાં કોઇ ખામી નથી. ફરીયાદપક્ષે શંકા રહીત સચોટ પુરાવાથી પોતાનો કેસ પુરવાર કરેલ છે. સમગ્ર પુરાવાથી આરોપીઓ સામેના આક્ષેપ પુરવાર થતા હોય આરોપીઓને તકસીરવાન ઠરાવી નશ્યત કરવા લંબાણપુર્વક દલીલ કરેલી છે.

(૧૨) આરોપી નં.૧ થી ૩ તરફે વિ.વ.શ્રી જે.એલ.ઠાકોરે તેમની દલીલમાં જણાવેલ છે કે ફરીયાદપક્ષે રજુ થયેલ સાહેદોની જુબાની તથા ઉલટ તપાસ અને દસ્તાવેજી પુરાવાથી આરોપીઓ સામે નિ:શંકપણે કેસ પુરવાર થતો નથી, ફરીયાદ ખોટી અને બનાવટી ઉભી કરેલી છે. બનાવ હકીકતો મુજબનો બનાવ બનવા પામેલ છે કે કેમ? તે શંકા ઉપજાવે છે. ફરીયાદી/ભોગબનનારે આંક-૧૯ વાળી ફરીયાદ બનાવ બન્યાના બે દિવસ બાદ લેટ આપવામાં આવેલ છે અને ફરીયાદ લેટ આપવા અંગે શું કારણ તુ તેનો કોઇ સ્પષ્ટ ખુલાસો કરવામાં આવેલ નથી. ફરીયાદી/ભોગબનનારનો આંક-૧૮ નો પુરાવો જોતાં ભોગબનાનરે પોતાના પુરાવામાં ફરીયાદ હકીકતમાં જણાવેલ હકીકતોથી વધારાની હકીકતો જણાવેલી છે અને તે બચાવપક્ષે ઉલટતપાસમાં પુરવાર કરેલી છે. ફરીયાદમાં આરોપી વિજય કઇ તારીખે ગેસ્ટ હાઉસમાં લઇ ગયેલ તેનો ઉલ્લખે કરેલ નથી, બનાવના ત્રણ મહીના પહેલા તેઓએ કોઇ જગ્યાએ ફરીયાદ કરેલ નથી અને જે દિવસે ફરીયાદ આપેલ તે દિવસે કોઇ બનાવ બનેલ નથી. ભોગબનાનરને પોતાના

પુરાવામાં પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતોથી વધારાની હકીકતો જણાવેલી છે. ભોગબનનારે કોર્ટ સમક્ષના પુરાવામાં, તેના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનમાં અને ડો.શ્રી રૂબરૂની હીસ્ટ્રીમાં જે હકીકતો લખાવેલી છે તે હકીકતોમાં વિરોધાભાસ છે. ભોગબનનારનો પુરાવો વિશ્વસનીય અને માનવા લાયક નથી. વધુમાં ભોગબનનારની માતાનો આંક–૨૩ નો પુરાવો જોતાં તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને જે દિવસે તેમને ટયુશન કલાસમાં સાહેબે ફોન કરેલો તે દિવસે તેઓએ પોલીસ ફરીયાદ કરેલ ન હોવાનું અને તેજ દિવસે તેમની દિકરી ઘરે આવ્યા બાદ તેણીએ તેમને કોઇ વાત કરેલ ન હોવાનો સ્વીકાર કરેલ છે. ભોગબનનારની માતાએ પોતાના પુરાવામાં પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતોથી વધારાની હકીકતો જણાવેલી છે. ભોગબનનારની માતાના પુરાવામાં પણ એકઝાગરેશન છે, પુરાવો વિશ્વસનીય અને માનવા લાયક નથી.

તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે ભોગબનનારના પિતાનો આંક–૨૭ નો પુરાવો જોતાં આ સાહેદે ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલા છે. વધુમાં પંચ સાહેદ ચૌધરી અજયભાઇ બબાભાઇનો આંક–૪૬ નો પુરાવો જોતાં ભોગબનનારના કપડા ભોગબનનારની માતાએ આપેલ હોવાનું અને તેઓ ગયા તે વખતે પો.સ્ટે.માં ભોગબનનાર હાજર ન હોવાનું અને ત્યારબાદ આવેલ હોવાનું સ્વીકારેલ છે. આરોપી વિજયની શરીરસ્થીતીના આંક–૫૪ ના પંચનામાના પંચ

સાહેદ દેસાઇ ગફુરભાઇ લીંબાભાઇનો આંક–૫૩ પુરાવો જોતાં આ સાહેદે તેઓ ગયા તે વખતે પો.સ્ટે.માં આરોપી હાજર ન હોવાનું સ્વીકારેલ છે. આંક–૬૦ ના આરોપી વિજયે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના તેમજ બનાવમાં વપરાયેલ ગાડી અને હથિયાર છરી કબજે કર્યાના પંચનામા પંચ સાહેદ ઝાલા નરેન્દ્રસિંહ કરશનજીનો આંક–૫૯ નો પુરાવો જોતાં પો.સ્ટે.માં આરોપીના કપડા ટેબલ ઉપર પડેલ હોવાનું અને તેમને બતાવેલા હોવાનું સ્વીકારેલ છે તેમજ પેન ડ્રાઇવ કોની પાસે બનાવેલી અને કેવી રીતે બનાવેલી તે તેમને ખબર નથી અને ગુનાવાળી જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે અને આ જગ્યા ઉપર કોઇ લખાણ કરવામાં આવેલ નથી કે સહી કરાવવામાં આવેલ નથી તેમજ બીજી જગ્યા જુની કોર્ટ પાસે આવેલ છે અને ત્રીજી જગ્યા સીવીલ હોસ્પીટલની બાજુમાં આવેલ છે અને આ જગ્યાઓ ઉપર લખાણમાં કોઇ સહી કરાવવામાં આવેલ નથી અને તમામ પંચનામામાં સહીઓ પો.સ્ટે.માં આવ્યા બાદ કરેલ હોવાનું સ્વીકારેલ છે. આમ, આંક–૬૦ નું પંચનામું શંકાસ્પદ જણાય છે. ફરીયાદપક્ષે આંક–૭૧ ના ગુનાના કામે વપરાયેલ મોટર સાયકલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ સવાજી રતુજી ઠાકોરને આંક–૭૦ અને બીજા પંચ સાહેદ વિજયસિંહ બદાજી ઠાકોર આંક–૭૫ થી તપાસવામાં આવેલા છે. આ બંને હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને આંક–૭૧ નું પંચનામું પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા ભોગબનનારના મામાનો પુરાવો જોતાં ફરીયાદ હકીકત કે બનાવ હકીકતને

લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી. આ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરેલા છે. આંક–૮૯ થી તપાસવામાં આવેલ ગેસ્ટ હાઉસના માલીક કનુભાઇ અંબાલાલ સથવારાનો પુરાવો જોતાં સી.સી.ટી.વી. કેમેરામાં જે ગાડી હતી તે આરોપીની હતી તે તેઓ કહી શકે નહી અને આરોપી કે ભોગબનનારને તેઓએ જોયેલ નથી.

તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે ડો.શ્રીઓનો પુરાવો જોતાં ભોગબનનારના શરીરના કોઇ ભાગે લોહી નીકળતું ન હતુ, દુ:ખાવો ન હતો કે સોજો કે ડીસ્ચાર્જ જોવા મળેલ નથી તેમજ ભોગબનનારના શરીર ઉપર આંતરીક ભાગે તેમજ બાહ્ય ભાગે તેમજ ગુપ્ત ભાગે ઈજા કે જોરજુલમના કોઇ નિશાન ન હતા. આમ, મેડીકલ પુરાવાથી પણ ભોગબનનાર સાથે ખરાબ કૃત્ય થયું હોય તેવું જણાતું નથી. ત.ક.અધિ.શ્રી બડવા દિલીપકુમાર ગાંગાભાઇનો આંક–૧૩૨ નો પુરાવો જોતાં આરોપી અને ભોગબનનાર હોટલમાં રોકાયેલ હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો મળી આવેલ નથી તેમજ સી.સી.ટી.વી. ફુટેજમાં સ્પષ્ટ જણાતું નથી, પરંતુ કોઇ છોકરો કે છોકરી ગાડીમાંથી ઉતરતા દેખાય છે અને સી.સી.ટી.વી. ફુટેજમાં ગેસ્ટહાઉસનું નામ દેખાતું નથી અને ફુટેજમાં ગાડીનો નંબર પણ દેખાતો નથી અને ફુટેજમાં અન્ય પણ ઘણા બધા વ્યકિતઓ ત્યાં હાજર હોય તેવું જોવા મળેલ અને તે અન્ય વ્યકિતઓ કોણ હતા તે અંગે કોઇ તપાસ કરેલ નથી તેમજ ફરીયાદી અને ભોગબનનારનો મોબાઇલ ફોન તપાસના કામે કબજે કરેલ નથી. વધુમાં તપાસ દરમ્યાન કબજે

કરવામાં આવેલ ભોગબનનાર તેમજ આરોપી વિજયના કપડા ઉપર કોઇ રૂધિર કે વીર્ય કે અન્ય વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નથી અને સદર હકીકત આંક–૧૩૫ થી રજુ થયેલ બાયોલોજી તેમજ સિરોલોજી વિભાગનો રીપોર્ટ વંચાણે લેતા જણાઇ આવે છે. વધુમાં તેમણે દલીલ કરતા જણાવેલ છે કે સૌ પ્રથમ પોલીસ ફરીયાદ જે આપવામાં આવી ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે ભોગબનનારને જુદી જુદી તારીખોએ પો.સ્ટે.માં બોલાવીને ભોગબનનારના વિશેષ નિવેદન લેવામાં આવેલા છે. આ તમામ નિવેદનો ભોગબનનારને પાછળથી શિખવાડીને લેવામાં આવેલા છે. આ તમામ નિવેદનો અને ભોગબનનારની જુબાની ધ્યાને લઇએ તો આરોપી નં.૧ નાએ ભોગબનનાર સાથે કોઇ દિવસ ફોન ઉપર વાત કરેલ હોય, ભોગબનનારને ગેસ્ટહાઉસમાં લઇ જઇને બળાત્કાર કર્યો હોય, ભોગબનનારને દારૂ પીવડાવ્યો હોય, ભોગબનનારના આપત્તિજનક ફોટા કે વિડીયો ઉતાર્યા હોય તેવી કોઇ હકીકત સાબિત થતી નથી. જેથી આરોપી નં.૧ સદરહું ગુનામાંથી નિર્દોષ ઠરાવવા જોઇએ. સાયન્ટીફીક પુરાવો ધ્યાને લેતાં પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત જણાતી નથી. ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પરાુવો જોતાં આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઇ, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા લંબાણપુર્વક દલીલ કરેલી છે.

(૧૨.૧) આરોપી નં.૪ તરફે વિ.વ.શ્રી વી.એમ. બ્રહ્મભટ્ટે તેમની દલીલમાં જણાવેલ છે કે આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ નથી, આરોપી નં.૧ વિજયને હાલના આરોપીએ ગુનો કરવામાં કોઇ મદદગારી કરેલ નથી, ભોગબનનારનો પુરાવો જોતાં આરોપીએ કોઇ મદદગારી કરેલ હોય કે કોઇ ધાક ધમકી આપેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વધુમાં તેમણે દલીલ કરતા જણાવેલ છે કે આ તહોમતદાર ઉપર એવો આક્ષેપ મુકવામાં આવેલ છે કે આ તહોમતદારે વિજયના નામે ભોગબનનારને વિજયના મોબાઇલમાંથી કયારેય કોઇ અંગ્રેજીમાં મેસેજ કરેલા નથી કે ભોગબનનારને અન્ય કોઇ રીતે મોબાઇલથી કોન્ટેકટ કરેલ નથી. ઓરીજનલ ફરીયાદ ધ્યાને લઇ એ તો આરોપી નં.૪ વિરૂધધ્ કોઇ તહોમત હતુ નહી પરંતુ ભોગબનનારને પાછળથી પો.સ્ટે. બોલાવી હાલના આરોપીનું નામ લેવડાવવામાં આવેલ છે. નામ લેવડાવવામાં આવે તેનો વાંધો નહી પરંતુ હાલના આરોપી ઉપર જે આરોપો મુકેલ છે, પોલીસે તેના સંદર્ભે કોઇ તપાસ કરેલ નથી. તો પોલીસે કયા પુરાવાના આધારે હાલના આરોપીને આરોપી બનાવેલ છે? ત.ક.અમલદારે પુરાવામાં કબુલેલ છે કે ભોગબનનારનો મોબાઇલ, ભોગબનનારે અને તેની માતાએ તપાસ અર્થે આપવાની શરૂઆતમાં ના પાડેલી. ચાર્જશીટ કરતા સમયે પણ ભોગબનનારે કે તેની માતાએ પોલીસને પોતાનો મોબાઇલ તપાસ માટે આપેલ નથી. જેથી ભોગબનનારની દાનત સારી ન હોવાનું સ્પષ્ટ થાય છે તેમજ હાલના આરોપી નં.૧ વિજય રાવળનો ફોન પોલીસે કબજે લીધેલ છે, તેને એફ.એસ.એલ.માં

મોકલીને પૃથ્થકરણ કરાવેલ છે તેમછતાં વિજય રાવળના મોબાઇલમાંથી ભોગબનનાર સાથે તેના મોબાઇલથી કોઇ ચેટ કરવામાં આવેલ હોય તેવો કોઇ પુરાવો આ કામે ઉપલબ્ધ નથી. જેથી આરોપી નં.૪ સામે મદદગારીનો કોઇ ગુનો પુરવાર થતો ન હોવાથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલી છે.

(૧૨.૨) આરોપી નં.૫ તરફે વિ.વ.શ્રી આર.એન.બારોટે તેમની દલીલમાં જણાવેલ છે કે આરોપીએ મુખ્ય આરોપી વિજય અને ભોગબનનારને ગેસ્ટ હાઉસમાં રહેવાની કોઇ સગવડ કરી આપેલ હોય કે ગુનો કરવામાં કોઇ મદદગારી કરેલ હોય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાથી નિ:શંકપણે પુરવાર થતી નથી. ફરીયાદપક્ષ તરફે એવો કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે જેના પરથી એવું સાબિત થાય કે, આરોપી નં.૫ તે આશીર્વાદ ગેસ્ટહાઉસના મેનેજર છે, તેણે કોઇ એન્ટ્રી કર્યા વગર દસથી પંદર વખત આરોપીને રૂમ આપી હોય. ફરીયાદપક્ષ તરફે એક પેનડ્રાઇવમાં સી.સી.ટી.વી. કેમેરાની ફુટેજ ઉપર આધાર રાખવામાં આવેલ છે. પરંતુ તે સી.સી.ટી.વી.ની ફુટેજમાં જે જગ્યા દેખાય છે તે જગ્યા આશીર્વાદ ગેસ્ટહાઉસ છે તેવું કયાંય દેખાતું નથી. સી.સી.ટી.વી. ફુટેજમાં આશીર્વાદ ગેસ્ટહાઉસ નામનું બોર્ડ લાગેલું હોય તેવું કયાંય જણાતું નથી. વધુમાં તે સી.સી.ટી.વી. ફુટેજમાં આરોપી અને ભોગબનનારની ઓળખાણ પણ થઇ શકે તેમ નથી. પોલીસે આશીર્વાદ ગેસ્ટહાઉસના કોઇ ચોપડા કબજે કરેલા નથી કે આશીર્વાદ ગેસ્ટહાઉસના કોઇ કર્મચારીઓના નિવેદનો પણ

લીધેલા નથી. બીજી બાજુ, ભોગબનનારના નિવેદનોમાં સાતત્યતા નથી વિરોધાભાસ છે. જેથી આરોપી નં.૫ સામે ફરીયાદપક્ષ કોઇ ગુનો પુરવાર કરવામાં સફળ નિવડેલ નથી. જેથી આરોપીને નિર્દોષ્ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલી છે.

(૧૩) આ કામે બી.એન.એસ.એસ.ની જોગવાઈઓ, આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલા ગુના સંબંધે નામદાર સર્વોચ્ચ અદાલત તથા આપણી નામદાર ઉચ્ચ અદાલત ધ્વારા ઠરાવવામાં આવેલા સિધ્ધાંતો, પુરાવાનાં કાયદાનાં પાયાના સિધ્ધાંતો વિગેરે નજર સમક્ષ રાખતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-// <u>મુ દ્દા ઓ</u> //-**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતાં ?

૨. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૪ કુલદિપસિંહ બકુલસિંહ નાઓએ આરોપી નં.૧ વિજય કરશનભાઇ રાવળનાઓની ફરીયાદી/ભોગબનનાર ઉંમર ૧૬ વર્ષ, ૪ માસ અને ૨૭ દિવસની સગીર વયની સાથે મુલાકાત કરાવી આપી, ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં આરોપી નં.૧ નાઓની મદદગારી કરી, ભોગબનનારને લચાવવા સારૂ આરોપી નં.૧ વતી પોતે ભોગબનનાર સાથે મોબાઇલ ચેટીંગથી વાતચીત કરી તેમજ આરોપીઓએ તા.૧૩/૦૯/૨૦૨૪ ના રોજ ભોગબનનારનો પીછો કરી, અર્બન સ્કુલ આગળ સાહેદ મીત બળદેવભાઇ સાથે વાતચીત કરતા સમયે બપોરના સાડા બાર વાગ્યાના સમયે આરોપી નં.૧ વિજય

રાવળે આવી, ફરીયાદી તથા સાહેદ મીતને ગડદા પાટુનો માર મારી, ફરીયાદીને એકટીવામાં બેસાડી, જુની કોર્ટ રાજમહેલ અને ત્યાંથી સીવીલ આગળ રોડ ઉપર લઈ જઈ, ગડદા પાટુનો માર મારી, ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં આરોપી નં.૧ વિજય રાવળે તથા આરોપી નં.૩ સવધાનજી ઉર્ફે ચિન્ટુ હરીજીનાઓ ભોગબનનારને મહેસાણાથી જબરજસ્તીથી અપહરણ કરી, એકટીવા ઉપર ગુંજાળા રોડ ઉપર લાખવડ ગામની સીમમાં આરોપી નં.૩ સવધાનજી ઉર્ફે ચિન્ટુના વાડામાં લઈ જઈ, ગડદા પાટુનો માર મારી અને કોઈને કહેશે તો જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપી તેમજ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં આરોપી નં.૧ વિજય રાવળે તા.૨૪/૯/૨૪ ના બપોરના બે વાગ્યા પહેલાથી ત્રણેક માસ અગાઉના વચ્ચેની કોઈપણ તારીખ અને સમયે ફરીયાદી/ભોગબનનારની સ્પષ્ટ અનિચ્છા હોવા છતાં પોતાનું વ્યકિતગત હિત સાધવાના હેતુથી પીછો કરી, ભોગબનનારને ડરાવી, ધમકાવી ગાડીમાં બેસાડી લાપટ ઝાપટ કરી, અવાર નવાર ખેરવા નજીક આવેલ આશીર્વાદ ગેસ્ટહાઉસમાં લઈ જઈ, દારૂ પીવડાવી, સગીર વયની ભોગબનનારની મરજી વિરૂધ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર કરી તેમજ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં આરોપી નં.૨ રાહુલ અશોકભાઈ તથા આરોપી નં.૫ સથવારા સંજયકુમાર કનુભાઈ નાઓએ ખેરવા નજીક આશીર્વાદ ગેસ્ટહાઉસમાં રૂમની વ્યવસ્થા કરી આપી, ગુનો કરવામાં મદદગારી કરી તેમજ ફરીયાદી/ભોગબનનાર અને સાહેદોને આરોપી નં.૧ વિજય રાવળે સમાધાન સારૂ બોલાવી, છરો લઈ આવી

જાનથી મારી નાખવાની ધમકી આપી, જીલ્લા મેજી.શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, **બી.એન.એસ. ની કલમ– ૬૪(૨)(એમ),૭૮,૧૧૫(૨), ૧૩૭(૨), ૩૫૧(૩), ૫૪, ૧૨૩ તથા પોક્સો એકટની કલમ– ૪,૫(એલ), ૬,૮,૧૭ તથા જી.પી. એકટની કલમ– ૧૩૫** મુજબના શિક્ષાપાત્ર ગુના આ અદાલતની હકુમતમાં કરેલ છે.

૩. શું હુકમ ?

(૧૪) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયોના તારણો સાથે નીચે મુજબ છે.

૧. હકારમાં.
૨. નકારમાં.
૩. આખરી હુકમ મુજબ.

–// **કા ર ણો** //–

**મુદ્દા નં.૧:–**

(૧૫) આ કામે ફરીયાદપક્ષે ભોગબનનારની ઉંમર બાબતે સાહેદ નં.૨ ભોગબનનારના માતાને આંક–૨૩ થી તથા ભોગબનનારના પિતા સાહેદ નં.૩ ને આંક–૨૭ થી તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદે પોતાના પુરાવામાં તેઓને સંતામનમાં સાત બાળકો હોવાનું, જેમાં સૌથી નાની ભોગબનનાર હોવાનું અને ભોગબનનારની જન્મ તા.૩૦/૦૪/૨૦૦૮ ની હોવાનું અને ભોગબનનાર ધોરણ ૧૨ સુધી ભણેલી હોવાનું અને મહેસાણા ખાતે અર્બન પ્રોગ્રેસીવ ગર્લ્સ હાઇસ્કુલમાં ભણેલી હોવાનું જણાવેલ છે.

વધુમાં આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૫, આંક–૯૦ થી સુરેશભાઇ માનસંગભાઇ ચૌધરીને તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ મહાનગરપાલીકા મહેસાણા ખાતે જન્મ મરણ સબ રજીસ્ટાર તરીકે છેલ્લા બે વર્ષથી ફરજ બજાવે છે, તેમની ફરજમાં જન્મ મરણ નોંધણી કરવાનું આવે છે. તેમને કોર્ટ સમંસ બજતાં તેઓ તેમની સાથે સને ૨૦૦૮ ના વર્ષનું જન્મ મરણ રજી. અસલ સાથે લઈ આવેલ,જેમાં નોંધણી ક્રમાંક નંબર ૨૮૧૫ માં જન્મ થયેલ બાળકનું નામ ભોગબનનાર લખેલ છે, સદર નોંધ તા.૮–૫–૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ છે. ભોગબનનારની જન્મ તા.૩૦–૪–૨૦૦૮ નોંધેલ છે. ભોગબનનારના માતાનું નામ નર્મદાબેન અને પિતાનું નામ રમેશભાઈ પટેલ લખેલ છે. આ નોંધ ટી.આઈ.પટેલ હોસ્પીટલ, મહેસાણા દવારા આપવામાં આવેલ લેખીત યાદી આધારે કરવામાં આવેલ છે. જે રજીસ્ટરની પાન નં.૧૫૩ ની ઝેરોક્ષ ખરી નકલ અસલ બતાવી આંક–૯૧ થી રજુ કરેલ છે. સાહેદને નિ.૬/૧૦ જન્મનું પ્રમાણ પત્ર બતાવતા તેમાંની વિગતો તેમની પાસેના જન્મ મરણ રજી.માં નોંધણી કમાંક ૨૮૧૫ ઉપર નોંધેલ છે, તે જ પ્રમાણે છે, જે તે અસલ જોઈ જણાવેલ છે. જે આંક–૯૨ થી રજુ કરેલ છે.

આ કામે ફરીયાદપક્ષ ધ્વારા ભોગબનનારની શારીરિક તપાસણી કરનાર મેડીકલ ઓફીસર ડો.કુંજકુમાર વ્ષિણુભાઇ પટેલને આંક–૩૩ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે ભોગબનનારને રેડીયોલોજીસ્ટ અને ડેન્ટીસ્ટ પાસે રીફર કરેલ, ડેન્ટીસ્ટના અભિપ્રાય પ્રમાણે

ભોગબનનારની ઉંમર ૧૩ વર્ષથી ૧૫ વર્ષની હોવાનું અને રેડીયોલોજીસ્ટના અભિપ્રાય પ્રમાણે ભોગબનનારની ઉંમર ૧૬ વર્ષથી વધુ અને ૧૭ વર્ષ કરતા ઓછી હોવાનું જણાવવામાં આવેલ છે.

(૧૬) આ તબકકે **<u>સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ વિરૂધ્ધ અનુપસિંઘ રીપોર્ટેડ ઈન (૨૦૧૫) ૭ સુ.કો.કેસીસ પેજ નં.૭૭૩</u>** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. સદરહું ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એવું તારવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નિર્ણીત કરતી વખતે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઈ ધ્યાને લેવાની રહે છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે **<u>મહાડીઓ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર રીપોર્ટેડ ઈન ૨૦૧૩(૧૪) એસ.સી.સ.પેજ નં.૬૩૭</u>** ના કેસમાં આપેલ ચુકાદામાં તેમજ **<u>જર્નેલસીંગ વિ. સ્ટેટ ઓફ હરીયાણા રીપોર્ટેડ ઈન ૨૦૧૩(૭) એસ.સી.સી. પેજ નં.૨૬૩</u>** ના કેસમાં પણ એવું ઠરાવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) લાગુ પાડે છે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઈ શકાય. જેથી ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે **<u>જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ ૨૦૦૭ ના નિયમ–૧૨(૩)</u>** ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે:

"12.(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the

court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining--

(a)(i)the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii)the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii)the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year.

and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i), (ii),(iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law."

(૧૭) આ તબક્કે નવા સુધારેલા જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ચીલ્ડ્રન)–એક્ટ ૨૦૧૫ ની કલમ ૯૪ રીફર કરવી જરૂરી છે જે નીચે મુજબ છે:

94. Presumption and determination of age.- (1) Where, it is obvious to the Committee or Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 orsection 36, as the case may be, without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination by seeking evidence by obtaining-

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examining Board, if available, and in the absence thereof;
(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;
(iii)and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board; Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.

(૧૮) આમ, જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એકટ ૨૦૧૫ ની કલમ–૯૪ ની જોગવાઇ મુજબ પ્રથમ સ્કુલનું જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીકયુલેશન કે તેની સમકક્ષ સર્ટીફીકેટ જો ઉપલબ્ધ હોય તો તે ધ્યાને લેવાનું રહે પરંતુ, સ્કુલનું જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીકયુલેશન સર્ટીફીકેટ કે તેની સમકક્ષ સર્ટીફીકેટ ઉપલબ્ધ ન હોય તો, કોર્પોરેશન કે મ્યુનિસિપલ ઓથોરીટી કે પંચાયત ધ્વારા જન્મનું પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તો તે ધ્યાને લેવાનું રહે છે પરંતુ કલોઝ (iii) મુજબ કલોઝ (i) અને (ii) માં દર્શાવેલા દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો ઉંમર ઓસીફીકેશન ટેસ્ટ કે મેડીકલ તપાસથી નકકી કરવાની રહે છે.

(૧૯) આ કેસમાં ભોગબનનારની ઉંમર બાબતે ફરીયાદપક્ષ તરફથી આંક–૯૧ અને ૯૨ થી જે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે તેમાં ભોગબનનારની જન્મ તા.૩૦/૦૪/૨૦૦૮ ની દર્શાવેલ છે. આમ, ભોગબનનારની જન્મ તારીખ બાબતના ઉપરોકત

પુરાવાઓ ધ્યાનમાં લેતાં ભોગબનનાર બનાવ તા. ૨૪/૦૯/૨૦૨૪ ના રોજ ઉંમર ૧૬ વર્ષ અને ૪ માસ અને ૨૭ દિવની હોવાનું ફલીત થાય છે.

આ તબકકે જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આવતા અધિનિમની કલમ–૨(ડી) રીફ્રર કરવી જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે:

**કલમ :૨ (ડી).** 'બાળક' એટલે ૧૮ વર્ષની ઉંમર પુરી ન કરી હોય તેવી કોઇ વ્યકિત. આમ,જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૨(ડી) જોતાં અને ભોગબનનારની ઉંમર બનાવ સમયે ૧૮ વર્ષ કરતા ઓછી હોય, ભોગબનાનરનો બાળકની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. આમ, હાલના કામે ફરીયાદપક્ષ ધ્વારા બનાવ સમયે ભોગબનનાર ૧૬ વર્ષ અને ૪ માસ અને ૨૭ દિવસની ઉંમરના એટલે કે બાળક હોવાનું પુરવાર કરેલ છે. જેથી **મુદ્દા નં.૧** નો જવાબ "**હકારમાં**" આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ ની ચર્ચા :–</u>**

(૨૦) આ મુદ્દો સાબિત કરવા માટે આ કામે ફરીયાદપક્ષ ધ્વારા ફરીયાદી /ભોગબનનાર, ભોગબનનારના માતા પિતા, મામા, પંચ સાહેદ, અન્ય સાહેદો, મેડીકલ ઓફીસરશ્રીઓ અને ત.ક.અધિ.શ્રીઓને તપાસેલા છે. આ તમામના પુરાવા સગવડતા ખાતર નીચે દર્શાવવામાં આવેલ છે.

**<u>ભોગબનનારનો પુરાવો:–</u>**

(૨૧) ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નં.૧ તરીકે ફરીયાદી/ભોગબનનારને આંક–૧૮** થી તપાસવામાં આવેલા છે. ભોગબનનાર સાહેદની

જુબાની ઈનકેમેરા વ્યથિત સાહેદ જુબાની કેન્દ્રમાં, વિ.એ.પી.પી.શ્રી, આરોપીના વિ.વ.શ્રી તથા ફરીયાદીના વિ.વ.શ્રીની હાજરીમાં નોંધવામાં આવેલ, ભોગબનનાર કોઈ પણ દબાણ હેઠળ કે શરમ કે સંકોચ વિના જુબાની આપી શકે તે અંગે જરૂરી સમજ મેળવી તથા ખાત્રી કર્યા બાદ સપોર્ટ પર્સનની હાજરીમાં પુરાવો નોંધવામાં આવેલો છે.

ભોગબનનારે પોતાની આંક–૧૮ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ વખતે તેણી તેના માતા પિતા સાથે રહેતી હતી. તેઓ સાત ભાઈ બહેન છે, જેમાં સૌથી નાની તેણી પોતે છે, તેણી ધો.૧૨ સુધી અર્બન પ્રોગેશીવ ગર્લ્સ હાઈસ્કુલ, મહેસાણા ખાતે ભણતી હતી. તેની જન્મ તા. ૩૦/૪/૨૦૦૮ ની છે. તેણી સિધ્ધપુરી બજારમાં સિધેશ્વરી ટયુશન કલાસમાં ટયુશન જતી હતી. તેના ટયુશનનો સમય બપોરે સાડા બારથી દોઢ વાગ્યાનો હતો. તેણી ધો.૧૦ માં દેદીયાસણ ગામે તેના મામાના ઘરે ભણતી હતી. <u>તેના મામાના ઘરે કુલદીપ વાઘેલા આવતો જતો હતો અને મામાના ઘરે કુલદીપ સાથે બીજુ કોઈ આવતુ ન હતુ</u>. તેના મામાના ઘરની સોસાયટીની બહાર કુલદીપ અને તેના કેટલાક મીત્રો બેસતા હતા. કુલદીપના કોઈ મીત્રને તેણી ઓળખતી ન હતી. ફરીયાદના ત્રણેક માસ પહેલા કુલદીપ અને તેના કેટલાક મીત્રો સોસાયટીની આગળ બેસતા હતા ત્યારે તેણી સ્કુલથી ટયુશન કલાસમાં જઈને ઘરે આવતી હતી ત્યારે કુલદીપ અને તેના કેટલાક મીત્રો સોસાયટી આગળ બેસતા હતા. <u>કુલદીપના કારણે વિજય રાવળની ઓળખાણ થયેલી અને</u>

તેઓ અવાર નવાર એકબીજા સાથે વાતચીત કરતા હતા. તે થોડાક સમય પછી તેણીને પ્રેમ સબંધ માટે કહેવા લાગેલો. તેણીએ તેને ના પાડેલી. જેથી તે તેણીના ઘરેથી સ્કુલ અને ટ્યુશન કલાસીસમાં પીછો કરતો હતો. તેણીને ધમકી આપતો હતો કે જો તુ મારી સાથે પ્રેમ સબંધ નહી બાંધે તો હુ તને મારી નાખીશ. પછી તેણીને મોબાઈલ ઉપર વાતચીત કરવા વિજય દબાણ કરતો હતો. તેણીની પાસે મોબાઈલ ન હોવાથી તેણી તેના પિતાના મોબાઈલ ઉપરથી તેની સાથે વાતચીત કરતી હતી. તે તેણીને અવાર નવાર ધમકી આપતો હતો તેથી તેણીએ તેની સાથે મીત્રતા કરેલી. તેણીની સ્કુલનુ વેકેશન ખુલતાં મહેસાણા સ્કુલે મુકવા આવેલ હતો ત્યારે તેણે તેણીની સાથે પ્રેમ સબંધ બાંધવા બળજબરી કરી હતી. તેણીએ તેને ના પાડતાં ઉશ્કેરાઈ જઈ, તે તેણીને લાફટ ઝાપટ કરવા લાગેલો અને ધમકી આપવા લાગ્યો કે જો તુ મને મળવા નહી આવે તો હુ બધાને કહી દઈશ કે આપણા બંને વચ્ચે પ્રેમ સબંધ છે. જેથી તેણી ગભરાઈને વિજયને મળવા જતી હતી. તેણી અને વિજય ગાડીમાં મળતા હતા. મહેસાણાથી ખેરવા જતાં એક ગેસ્ટ હાઉસ જેનુ નામ આર્શીવાદ ગેસ્ટ હાઉસ છે ત્યાં વિજય તેણીને લઈ જતો હતો. ત્યાં તેણીને ડરાવી, ધમકી શરીરી સબંધ બાંધતો હતો. આ ગેસ્ટ હાઉસમાં ૧૦ થી ૧૫ વખત લઈ ગયેલ હતો અને દરેક વખતે તેણીની જોડે શરીર સબંધ બાંધતો હતો. તા. ૨૪/૯/૨૪ ના રોજ સવારે સાતેક વાગતાં તેણી કુકશ ચોકડી આવેલી ત્યાં વિજય પણ તેની ગાડી લઈને આવેલ હતો. જેથી તેણી ડરીને તેની ગાડીમાં બેસી ગયેલી. ત્યાંથી

તે તેણીને બજારમાં લઈ ગયેલ હતો અને તેણીને બપોરે બે વાગતાં મહેસાણા ઉતારી હતી. આ બધી વાતોની બીકના લીધે તેણી ઘરે કોઈને જાણ કરેલ ન હતી. વિજયે બે વાગે મહેસાણા ઉતારી ત્યારે તેણી તેના ઘરે ગયેલી. ત્યાં મમ્મી મને કહેવા લાગી કે તારા સ્કુલમાથી ફોન આવેલો કે તુ સ્કુલ કે ટયુશન ગયેલ નથી. જેથી તેણી રડવા લાગેલી. પછી મમ્મીને કહયુ કે વિજય રાવળે મને ડરાવી ધમકાવી શરીર સબંધ બાંધેલ છે. સાંજે પપ્પા ઘરે આવ્યા ત્યારે તેમને પણ વાત જણાવી. આ વિજય રાવળ તેણીને ડરાવી ધમકાવી લાફટ ઝાપટ કરી જબરજસ્તી મરજી વિરૂધ્ધ પ્રેમ સબંધ બાંધેલ. જેથી તેણી, તેની માતા અને પિતા પો.સ્ટે.ગયેલા. ત્યાં પો.સ્ટે.માં તેણીએ ફરીયાદ લખાવેલી. સાહેદને નિ.૬/૧ વાળી અસલ ફરીયાદ બતાવતાં તેમાં તેમની સહી ઓળખી બતાવતા ફરીયાદ આંક–૧૯ થી રજુ કરેલ છે.

સાહેદે વધુમાં પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેણી એકટીવા ઉપર જતી હતી ત્યારે તેણીને ગમે તે જગ્યાએ ઉભી રાખી ડરાવી ગાડીમાં બેસવા કહેતો હતો. તે વખતે તેણીની સાથે કોઈ ન હતુ. વિજય તેણીને ધમકી આપી ગાડીમાં બેસાડતો હતો. પછી તે તેણીને અવાર નવાર ખેરવા ગેસ્ટ હાઉસમાં લઈ જતો હતો અને પ્રેમ સબંધ બાંધતો હતો અને મહેસાણા પરત લાવી તેણીને ઉતારી દેતો હતો. તેણીને બીજી કોઈ જગ્યાએ લઈ જતો ન હતો. વિજયના મીત્રોએ પણ લાફટ ઝાપટ કરી વિજય સાથે પ્રેમ સબંધ બાંધવાનુ કહેતા હતા. વિજયના મીત્રોનુ નામ ચીંટુ ઠાકોર, કુલદીપ વાઘેલા, રાહુલ રાવળનાઓ હતા. વિજયના મીત્રો તેણીને

ગેસ્ટ હાઉસ જોડે લઈ જઈ લાફટ ઝાપટ કરી વિજય સાથે પ્રેમ સબંધ માટે દબાણ કરતા હતા. તેણી પ્રવિણભાઈ, યોગેશભાઈ, માસુમ પટેલ, ગૌતમભાઈ, વીકી પટેલનાઓને ઓળખે છે. આ બધા લોકો સાથે તેઓ વિજય રાવળ સાથે સમાધાન માટે ગયેલા. ત્યાં વિજય રાવળ તેની માતાને છરા બતાવી ભાવતોલ કરતો હતો કે તારી કીંમત અને તારી છોકરીની કીમત બોલ. ત્યાંથી પછી તેઓ ઘરે આવતા રહેલા. પોલીસે તેણીની વધુ પુછપરછ કરેલી. તેણીને પોલીસ લાયસન્સ હોસ્પીટલ, મહેસાણા લઈ ગયેલા, ત્યાં ડૉ. તેની પુછપરછ કરેલી. તેણીએ પોલીસને કપડા આપેલા. સાહેદને મુદ્દામાલ કપડા બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવેલ છે. મુદ્દામાલ નામ.કોર્ટમાં રજુ નથી. પોલીસ તેણીને મહેસાણાની કોર્ટમાં લઈ ગયેલી, ત્યાં જજ સાહેબે તેની પુછપરછ કરી નિવેદન લીધેલ અને તેમાં તેની સહી લેવામાં આવેલી. સદર બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન તેણીને બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવતા સદર નિવેદન આંક–૨૦ થી રજુ કરેલ છે. આરોપીઓને ઓળખતા હોવાનું જણાવી, સાહેદે ચાર જણમાંથી ત્રણ જણને ઓળખતા હોવાનું જણાવેલ છે. સાહેદે બધા આરોપીઓને ઓળખતા હોવાનું જણાવી, કોર્ટ રૂબરૂ આરોપીઓમાં વિજય પોતે અને બાકી બે વિજયના મીત્રો છે. જેમાં વિજયે શર્ટ પહેરેલ છે, તેની બાજુમાં કાળી ટીશર્ટ પહેરીને ચીંટુ ઠાકોર બેઠેલો છે, આગળના પાટીયા ઉપર રાહુલ રાવળ બેઠો છે અને રાહુલ રાવળની બેંચ ઉપર ગેસ્ટ હાઉસના મેનેજર સંજય સથવારા બેઠા છે, આ તમામાં કુલદીપ

હાજર નથી તેમ જણાવેલ છે. (કુલદીપની ઓળખ અંગે તકરાર નથી તેને હાજરીમાંથી માફી આપવામાં આવેલ છે )

(૨૧.૧) **આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે** '' એ વાત ખરી છે કે તમે સરતપાસમાં જે હકીકત જણાવી છે કે ફરીયાદ આપ્યાના ત્રણ મહીના પહેલા મારી ઓળખાણ કુલદીપ સાથે થયેલી, તે ઓળખાણ કઈ તારીખે થયેલી, કેયા મહીનો અને કઈ સાલમાં થયેલી તે મે મારી ફરીયાદમા લખાવેલ નથી. એ વાત ખરી છે કે મારી સ્કુલમાં બીજી ધણી વિદ્યાર્થીનીઓ આવતી જતી હતી. એ વાત ખરી છે કે ટયુશન કલાસીસમાં પણ બીજી ધણી વિદ્યાર્થીનીઓ આવતી જતી હતી. એ વાત ખરી છે કે હુ મારા પિતાના મોબાઈલથી વાત કરતી હતી. એ વાત ખરી છે કે મારે વિજય સાથે મીત્રતા થયેલી અને તેની સાથે વાતો કરતી તે બાબતે મે મારા માતા, પિતા, ટયુશનમાં મારી સાથે આવતી બહેનપણીઓ કે ટયુશનના સાહેબોને કોઈ વાતચીત કરેલી નથી. એ વાત ખરી છે કે મને દોઢ થી બે મહીનાનુ વેકેશન પડેલુ. એ વાત ખરી છે કે મને આ વેકેશન દરમ્યાન વિજય જોડે કોઈ સંપર્ક થયેલો નહી. **એ વાત ખરી છે કે મે મારા પોલીસ ફરીયાદમાં કે અન્ય કોઈ જગ્યાએ વિજય મને કઈ તારીખે ગેસ્ટ હાઉમાં લઈ ગયેલો તે લખાવેલ નથી.** એ વાત ખરી નથી કે વિજય મને ગેસ્ટ હાઉસમાં લઈ ગયેલ નથી. **એ વાત ખરી છે કે બનાવના ત્રણ મહીના પહેલા મે કોઈ જગ્યાએ કે પોલીસમાં ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે જે દિવસે ફરીયાદ આપી તે દિવસે કોઈ**

**<u>બનાવ બનેલ નથી.</u>** હું મીત કુમાર બળદેવભાઈ પટેલને ઓળખુ છુ. એ વાત ખરી નથી કે મારે મીતકુમાર બળદેવભાઈ પટેલ સાથે મારે પ્રેમ સબંધ હતો. **<u>એ વાત ખરી નથી કે ફરીયાદ કરી તે દિવસે હુ અને મીત તેના બાઈક પાસે ઉભા રહીને વાતો કરતા હતા.</u>** એ વાત ખરી છે કે મીત પાસે આઈ.૨૦ ગાડી છે. એ વાત ખરી નથી કે તા. ૧૩/૯/૨૪ ના રોજ હુ મીત પટેલ સાથે બપોરે સાડા બાર વાગે લાખવડ રોડ ઉપર ઉભી હતી. **<u>એ વાત ખરી છે કે તે દિવસે મીત અને વિજય વચ્ચે ઝધડો થયેલ અને મારામારી થયેલી. એ વાત ખરી નથી કે જેથી મીત પટેલે મને જણાવેલ કે વિજયને સીધો કરી જેલમાં પુરાવો પડશે જેથી મે ફરીયાદ આપેલી.</u>**એ વાત ખરી છે કે તા.૨૪/૯/૨૪ ના રોજ પોલીસે ફરીયાદ લીધી ન હતી. એ વાત ખરી નથી કે હુ, મારા પિતા બધા કોર્ટમાં જઈ યુવા સંજય વિદ્યાર્થી નામના વ્યકિતને મળેલા. એ વાત ખરી નથી કે યુવા સંજય વિદ્યાર્થીએ અમારી ઓળખાણ આમ આદમ પાર્ટીના નેતાઓ જોડે કરાવેલી અને તેમના કહેવા મુજબ અમે ફરીયાદ આપેલી. **<u>એ વાત ખરી છે કે મને તપાસમાં દવાખાને લઈ ગયેલા ત્યારે મારા માતા પિતા સાથે હતા.</u>** એ વાત ખરી નથી કે ડૉ. સમક્ષ જે હકીકત લખાવેલી તે મારી માતાએ લખાવેલી. એ વાત ખરી નથી કે મે ડૉ.રૂબરૂની હીસ્ટ્રીમાં એવુ લખાવેલ નથી કે તા.૨૫/૬/૨૪ ના રોજ પહેલી વખત વિજય રાવળ સાથે ગેસ્ટ હાઉસમાં શરીર સબંધ બાંધેલો. **<u>એ વાત ખરી છે કે મને મહેસાણા કોર્ટમાં લઈ ગયા તે વખતે મારા માતા પિતા સાથે હતા.</u>** એ વાત ખરી નથી કે કોર્ટમાં શુ લખાવવાનુ તે મારા માતા પીતાએ મને

શીખવાડયા મુજબ મે લખાવેલી. એ વાત ખરી નથી કે આરોપી મને કોઈ દિવસ મળેલ નથી કે કોઈ ગેસ્ટ હાઉસમાં લઈ ગયેલ નથી. **એ વાત ખરી છે કે આરોપીઓએ મારી સાથે કરેલ મારઝુડ બાબતે મે કોઈ મેડીકલ સારવાર કરાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારા વિશેષ નિવેનદમાં એવુ લખાવેલ નથી કે અવાર નવાર ગેસ્ટ હાઉસમાં લઈ જતો હતો અને મહેસાણા પરત લાવીને ઉતારી દેતો હતો.** એ વાત ખરી નથી કે આ બધા લોકો મને વિજય રાવળ સાથે સમાધાન માટે લઈ ગયેલા અને ત્યાં વિજય રાવળ છરો બતાવી ભાવતાલ કરવા લાગેલો તેવુ મે લખાવેલ નથી. **એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં ગેસ્ટ હાઉસનુ નામ લખાવેલ નથી.''**

(૨૧.૨) **આરોપી નં.૪ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે** ''એ વાત ખરી છે કે પ્રવિણભાઈ મોહનભાઈ પટેલ મારા મામા થાય છે. એ વાત ખરી છે કે આરોપી કુલદીપ મારા મામાનો મીત્ર થતો હોઈ અવાર નવાર મામાના ઘરે આવતો હતો અને એટલે હુ તેને ઓળખતી હતી. એ વાત ખરી છે કે ર્ડા.સમક્ષની હીસ્ટ્રીમાં આરોપી કુલદીપ વાઘેલાને અમે ઓળખતા હોઈએ તથા કુલદીપ વાઘેલાએ અમારી અન્ય આરોપી સાથે ઓળખાણ કરાવેલી હોય તેવુ લખાવેલ નથી. એ વાત ખરી છે કે ૧૬૪ ના નિવેદનમાં અમોએ આરોપી કુલદીપ વાઘેલાને અમે ઓળખતા હોઈએ તથા કુલદીપ વાઘેલાએ અમારી અન્ય આરોપી સાથે ઓળખાણ કરાવેલી હોય તેવુ લખાવેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદ આપ્યા સિવાય પોલીસ મારી કોઈ પુછપરછ કરેલ નથી. **એ વાત**

**ખરી છે કે મે મારી ફરીયાદમાં તેમજ અન્ય નિવેદનમાં આરોપી કુલદીપ વાઘેલાએ મારી જોડે લાફટ ઝાપટ કરેલ હોય અને વિજય સાથે પ્રેમ સબંધ બાંધવાનુ કહેલ હોય તેવી કોઈ વિગત લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં તેમજ અન્ય નિવેદનમાં આરોપી રાહુલ અને ચીટુએ લાફટ ઝાપટ કરેલ હોય અને વિજય સાથે પ્રેમ સબંધ બાંધવાનુ કહેલ હોય તેવુ લખાવેલ નથી.** એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદમાં આરોપી કુલદીપ તથા તેના મીત્રો મામાની સોસાયટી આગળ બેસતા હતા તેવુ લખાવેલ નથી. એ વાત ખરી છે કે મારા મામા દેદીયાસણ રહે છે અને જે સોસાયટી બહાર કુલદીપ અને તેના મીત્રો બેસતા હતા તે સોસાયટીકુકશ મુકામે આવેલી છે. **એ વાત ખરી છે કે મારા મામાની સોસાયટીની બહાર આરોપી કુલદીપ તેના મીત્રો સાથે બેસતો ન હતો.** એ વાત ખરી નથી કે આરોપી કુલદીપે મારી અન્ય કોઈ પણ આરોપી સાથે મુલાકાત કરાવેલ નથી અને હુ આરોપી કુલદીપને પણ ઓળખતી નથી.

(૨૧.૩) **આરોપી નં. ૫ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે** '' એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં તથા નિવેદનમાં કોઈ જગ્યાએ સથવારા સં જયભાઈનુ નામ લખાવેલ નથી. એ વાત ખરી નથી કે અમો ગેસ્ટ હાઉસમાં ગયેલ નથી અને આરોપી સંજયને મળેલ નથી. **એ વાત ખરી છે કે મારા નિવેદનમાં ગેસ્ટ હાઉસમાં આધાર કાર્ડ લેતા ન હતા તેવુ લખાવેલ નથી.**''

(૨૨) **<u>ભોગબનનારના માતાનો પુરાવો</u>:–**

ફરીયાદપક્ષે તરફે ભોગબનનારના માતા નર્મદાબેન રમેશભાઇ પટેલને આંક–૨૩ થી સાહેદ નં.ર તરીકે તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ મહેસાણા ખાતે તેમના પરીવાર સાથે રહે છે અને રસોડાનુ કામ કરે છે, તેમના પતિનુ નામ રમેશભાઈ છે. તેઓને સંતાનમાં સાત બાળકો છે. જેમાં સૌથી નાની ભોગબનનાર છે. ભોગબનનારની જન્મ તા. ૩૦/૪/૨૦૦૮ ની છે. તે ધોરણ ૧૨ સુધી ભણેલ છે અને મહેસાણા ખાતે અર્બન પ્રોગ્રેશીવ ગર્લ્સ હાઈસ્કુલમાં ભણેલ છે. ભોગબનનાર આ સિવાય સિધ્ધપુરી બજારમાં આવેલ સિધ્ધેશ્વરી ટયુશન કલાસમાં ટયુશન જતી હતી. બનાવ તા.૧૩/૯/૨૪ ના રોજથી આરોપી વિજય રાવળ હેરાન કરતો હતો. તા.૨૪/૯/૨૪ ના રોજ સ્કુલેથી છુટીને સિધ્ધેશ્વરી ટયુશન કલાસમાં બપોરે સાડા બારથી દોઢ વાગ્યા સુધી જતા હતા અને તે દિવસે તેમની દિકરી સ્કુલમાં કે ટયુશનમાં ગયેલ ન હતી. જેથી ટયુશનના સાહેબ કમલેશભાઈનો ફોન આવેલો કે ભોગબનનાર સ્કુલમાં કે ટયુશનમાં આવેલ નથી. જેથી તેઓએ કહેલ કે સ્કુલે તો ગઈ છે. બાદ તેમના પતિ એરંડા વેચી ટયુશન કલાસમાં ગયેલા ત્યાં ભોગબનનાર હાજર ન હતી. ભોગબનનાર બપોરે આશરે બે વાગે ઘરે આવેલ જેથી તેઓએ કહેલ કે કયાં ગઈ હતી જેથી તે રડવા લાગેલી અને તેમને જણાવેલ કે વિજય રાવળ મને ત્રણ માસથી હેરાન કરે છે. તેઓએ કહેલ કે તુ વિજય રાવળને કવી રીતે ઓળખે છે જેથી તેણે જણાવેલ કે તેણીની ધો.૧૦ તેના મામાના ઘરે ભણતી હતી ત્યારે

આરોપી કુલદીપ વાઘેલા જે મારા ભાઈનો મીત્ર હતો તે અવાર નવાર ઘરે આવતો હતો તેથી હુ ઓળખુ છુ. તેના દ્વારા તેણીને વિજય રાવળની ઓળખાણ થયેલી. **આ રાવળ વિજય તથા કુલદીપ વિ. તેમની કુકશ હનુમાનનગર સોસાયટીના આગળ બેસતા હતા. ત્યાંથી તેમની ભોગબનનાર દીકરી સ્કુલે આવતી જતી હતી. ત્યાં કુલદીપે વિજય રાવળની ઓળખાણ કરાવેલી. વિજય રાવળે તેમની ભોગબનનાર દીકરીને ફોન ઉપર વાતચીત કરવાનુ કહેલુ. તેમની દીકરીને ચેટ કરવાનુ કહેલ પરંતુ તેમની દીકરીએ વિજય રાવળને કહેલ કે તેને ચેટ કરતા આવડતુ નથી તો કોણ કરે છે જેથી તેણે કુલદીપ વાઘેલાનુ નામ આપેલ અને કુલદીપ વાઘેલા ચેટ કરે છે તેવુ જણાવેલુ.** વિજય રાવળે તેમની ભોગબનનાર દીકરીને લગ્નની લાલચ આપેલી. તેના બે મહીના બાદ તેમની દીકરીને માલુમ પડેલ કે વિજય રાવળ પરણીત છે. જેથી તેમની દીકરીએ વિજય રાવળને સબંધની ના પાડેલ અને તેનો સંસાર સંભાળી લેવા કીધેલુ. તા.૧૩/૯/૨૪ ના રોજ તેમની દીકરીને વિજય રાવળ એકટીવા ઉપર બેસાડીને જુની કોર્ટના સીવીલવાળા રસ્તે દીકરી સાથે લાફટ ઝાપટ કરેલ અને જુની કોર્ટમાં પણ લાફટ ઝાપટ કરેલી. તેમની દીકરી ભોગબનનાર સબંધ રાખવાની ના પાડતા વિજયે લાફટ ઝાપટ કરેલી. ત્યાંથી ચીંટુ ઠાકોરના લાખવડ ખાતે આવેલ વાડામાં લઈ ગયેલ અને ત્યાં વિજય રાવળે મારઝુડ કરેલી. ત્યાંથી ભોગબનનાર કગરી જેથી તેણીને ઘરે મોકલી દીધેલી. તેમની ભોગબનનાર દીકરીએ તા.૨૪/૯/૨૪ ના રોજ તેમને જણાવેલ કે આરોપી વિજય મને

ખેરવા નજીક આર્શીવાદ ગેસ્ટ હાઉસમાં લઈ ગયેલો અને ત્યાં આગળ વિજયે મારી સાથે મારી મરજી વિરૂધ્ધ બળાત્કાર કરેલો. આરોપી વિજય મને બ્લુ કલરની ગાડીમાં ગેસ્ટ હાઉસ લઈ ગયેલો. આ ગેસ્ટ હાઉસમાં વિજય રાવળે મારી સાથે બળજબરી પુર્વેક દશ થી પંદર વખત આ ગેસ્ટ હાઉસમાં લઈ જઈ બળાત્કાર કરેલો.આ વાત તેમના પતિ ઘરે આવતા તેમને આ વાત કરેલી તથા સોસાયટીના માણસોને વાત કરેલી. બાદ તેઓ તા. ૨૬/૯/૨૪ ના રોજ મહેસાણા તાલુકા પો.સ્ટે.ગયેલા. ત્યાં પોલીસને તેમની ભોગબનનાર દીકરીએ ફરીયાદ આપેલી. ભોગબનનાર દીકરીએ પોલીસને બનાવવાળી જગ્યા બતાવેલી અને પોલીસે પંચો રૂબરૂ પંચનામુ કરેલુ. ભોગબનનારના કપડા પોલીસને સોપેલા અને ભોગબનનારનુ મેડીકલ ચેકઅપ મહેસાણા સીવીલ હોસ્પીટલમાં કરાવેલુ. પોલીસે તેમનો જવાબો લીધેલ. આરોપી વિજય રાવળે સમાધાન માટે દવાળાના પાટીયે ભાંડુશીવ હોટલ આગળ બોલાવેલા અને તેઓ, ગૌતમભાઈ, ભોગબનનાર, વીકીકુમાર, માસુમબેન, પ્રવિણભાઈ, ચૌધરી ભાઈ જેનુ નામ આવડતુ નથી ત્યાં વિજય રાવળ દશથી પંદર જણાને લઈને આવેલ હતો. વિજય રાવળને ''ભોગબનનાર દીકરી સાથે આવુ કેમ કરે છે'' તેવુ જણાવતાં તેણે જણાવેલ કે ''મારે તમારી ભોગબનનાર દીકરીને લઈ જવાની છે તો તેના માટે કિંમત બોલ, હુ તારી દીકરીના રૂા.૫૦,૦૦,૦૦૦/–આપવા તૈયાર છુ''. તેઓએ સભ્યતાથી વાત કરવાનુ જણાવેલ. તેની સાથે બોલાચાલી થયેલી અને આરોપી વિજય રાવળે તેમને છરો બતાવી ધમકી આપેલી. ત્યાંથી

તેઓ નીકળી ગયેલા. આરોપી વિજય રાવળ અને કુલદીપ વાઘેલાને આ સાહેદે ઓળખતા હોવાનું જણાવી તથા અન્ય આરોપી રાહુલ તથા ચીંટુને ઓળખતા હોવાનું જણા, કોર્ટ રૂબરૂ આરોપીઓ પૈકી વિજય અને ચીંટુ અને કુલદીપને ઓળખી બતાવેલ છે અને રાહુલને તેઓ જોયે ઓળખતા ન હોવાનું જણાવેલ છે.

(૨૨.૧) **આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે** '' એ વાત ખરી છે કે ભોગબનનાર બનાવ સમયે ધો.૧૨ માં ભણતી હતી. એ વાત ખરી છે કે ભોગબનનાર ૬થી ૭ વર્ષની હશે અને ધો.૧ માં ભણવા મુકી હશે. એ વાત ખરી છે કે તેનો ટ્યુશન જવાનો સમય અને સ્કુલનો સમય અલગ અલગ હતો. એ વાત ખરી નથી કે મારી દીકરી સાથે અન્ય છોકરા છોકરીઓ પણ સ્કુલે આવજાવ કરતા હતા. બનાવના દિવસે હુ જયારે મારા ધરે હતી ત્યારે કલ્પેશભાઈનો મારા ઉપર ફોન આવેલો. એ વાત ખરી છે કે કલ્પેશભાઈ સાથે વાત કર્યા બાદ હું જાતે ટ્યુશન કલાસમાં ગયેલ નહી. એ વાત ખરી નથી કે કલ્પેશભાઈ ભોગબનનારના સ્કુલના પણ શિક્ષક છે. એ વાત ખરી છે કે જે દિવસે મને ટ્યુશન કલાસમાં સાહેબે ફોન કરેલો તે દિવસે મે પોલીસ ફરીયાદ કરેલ નહી. એ વાત ખરી છે કે તે જ દિવસે મારી દીકરી ઘરે આવ્યા બાદ તેણીએ મને કંઈ વાત કરેલ નહી. એ વાત ખરી છે કે તા.૨૪/૯/૨૪ ના રોજ મે કોઈ ફરીયાદ કરેલ નથી. **એ વાત ખરી છે કે તા.૨૪/૯/૨૪ ના રોજ અમને ખબર પડયા પછી તે જ દિવસે અમે મહેસાણા કોર્ટમાં આવીને સંજય**

**વિદ્યાર્થી નામના વ્યકિત સાથે મળેલા. એ વાત ખરી છે કે તે દિવસે સંજયે પ્રેસ મીડીયાવાળાને બોલાવેલા અને આમ આદમી પાર્ટીના નેતાઓ સાથે મુલાકાત કરાવેલી. એ વાત ખરી છે કે આ બધા નેતાઓએ કહેલ કે ફરીયાદ કરીએ ત્યારે અમે પો.સ્ટે.ગયેલા.** એ વાત ખરી નથી કે આ નેતાઓએ પોલીસને વાત કરેલી અને પોલીસ ફરીયાદ લખાવેલી. એ વાત ખરી છે કે મારી દીકરીને મીત પટેલ સાથે મીત્રતા હતી. એ વાત ખરી છે કે બનાવના દિવસે મીત અને વિજય વચ્ચે ઝઘડો થયેલો. એ વાત ખરી છે કે આ ઝઘડામાં વિજયે મીતને લાફા મારેલા. એ વાત ખરી નથી કે આ બનાવનો બદલો લેવા મીત સાથે મળીને અમે ખોટા બનાવની ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ છે કે "તા.૧૩/૯/૨૪ ના રોજ થી આરોપી વિજય રાવળ હેરાન કરતો હતો" એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કલ્પેશભાઈએ જણાવેલ કે સ્કુલમાં આવેલ નથી જેથી મે કહેલ કે સ્કુલેતો ગયેલ છે'' તેમજ મારા પતિ એરંડા વેચી ટયુશન કલાસમાં ગયેલા ત્યાં ભોગબનનાર હાજર હતી નહી". તેમજ મારી દીકરીને વિજય રાવળને કહેલ કે તને ચેટ કરતા આવડતુ નથી તો કોણ કરે છે તો તેણે કુલદીપ વાઘેલાનુ નામ આપેલ અને કુલદીપવાઘેલા ચેટ કરે છે તેવુ જણાવેલ". તેમજ " જેથી મારી દીકરીએ વિજય રાવળને સબંધની ના પાડેલ અને તેણે સંસાર સંભાળી લેવા કીધેલુ". મે મારા કોઈ નિવેદનમાં હુ,ગૌતમભાઈ, ભોગબનનાર, વીકીકુમાર, માસુમબેન, પ્રવિણભાઈ, ચૌધરી ભાઈ જેનુ નામ આવડતુ નથી.

ત્યાં વિજય રાવળ દશથી પંદર જણાને લઈને આવેલ હતો તેવુ લખાવેલ નથી.

(૨૨.૨) **આરોપી નં.૪ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં ઉપર મુજબની ઉલટતપાસ એડોપ્ટ કરવામાં આવેલ છે.**

(૨૨.૩) **આરોપી નં.૫ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે** ''એ વાત ખરી છે કે મે જે કંઈ જણાવેલ તે મારી દીકરીના કહેવાથી જણાવેલુ. એ વાત ખરી છે કે મારા નિવેદનમાં ગેસ્ટ હાઉસનુ નામ આર્શીવાદ ગેસ્ટ હાઉસ છે તેવુ લખાવેલુ નથી. એ વાત ખરી છે કે પોલીસે મારી પુછપરછ પો.સ્ટે.બોલાવીને કરેલી. એ વાત ખરી છે કે તે જ દિવસે પોલીસે મારી દીકરી, મારા પતિ તથા બીજા સબંધીઓની પુછપરછ કરેલી. એ વાત ખરી છે કે પોલીસ જયારે મને પુછપરછ કરતી હતી ત્યારે મારા પતિ મને જબાબ આપવામાં માર્ગદર્શન આપતા હતા.''

(૨૩) **<u>ભોગબનનારના પિતાનો પુરાવો</u>:-**

ફરીયાદપક્ષે તરફે ભોગબનનારના પિતા રમેશભાઈ શીવરામભાઈ પટેલને સાહેદ નં.૩ તરીકે આંક-૨૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ મહેસાણા ખાતે તેમના પરીવાર સાથે રહે છે અને ખેતી કામ કરે છે, તેમની પત્નિનુ નામ નર્મદાબેન છે, તેઓને સંતાનમાં સાત બાળકો છે. જેમાં સૌથી નાની ભોગબનનાર છે. ભોગબનનારની જન્મ તા. ૩૦/૪/૨૦૦૮ ની છે. તે ધોરણ ૧૨ સુધી ભણેલ છે અને મહેસાણા ખાતે અર્બન પ્રોગ્રેશીવ ગર્લ્સ હાઈસ્કુલમાં ભણેલ છે.

ભોગબનનાર આ સિવાય સિધ્ધપુરી બજારમાં આવેલ સિધ્ધેશ્વરી ટ્યુશન કલાસમાં ટ્યુશન જતી હતી. બનાવ તા. ૨૪/૯/૨૪ ના રોજ બળાત્કારનો બનાવ બનેલો. બનાવના દિવસે આરોપી વિજય રાવળ ભોગબનનારને આર્શીવાદ હોટલ ખાતે સવારે ૭.૦૦ વાગે લઈ ગયેલ અને આરોપી ભોગબનનારને વાદળી કલરની સ્વીફટ ગાડીમાં લઈ ગયેલો. આ ગાડીનો નંબર તેમને ખબર નથી. ત્યાં આગળ ભોગબનનાર ઉપર આરોપી વિજયે બળાત્કાર કરેલો. બપોરે અઢી ત્રણ વાગે ભોગબનનાર ઘરે આવેલી. ભોગબનનારે ઘરે આવી તેમને ઉપરોકત હકીકત જણાવેલી. બનાવ બન્યો તે દિવસ પહેલા ભોગબનનાર સાથે બળાત્કાર બનેલ હોય તેની તેમને ખબર નથી. બનાવના દિવસે સવારે તેઓ ગંજ બજારમાં એરંડાનો પાક  વેચવા ગયેલ હતા અને બપોરે પરત આવેલા. બનાવના દિવસે ભોગબનનાર સ્કુલે કે ટ્યુશનમાં ગયેલ નહી. ભોગબનનાર દીકરીએ અગાઉ આરોપીએ કંઈ સતાવેલ હોય તેવું જણાવેલ નહી. આ સિવાય બીજુ કંઈ જાણતા નથી. આરોપીને ઓળખતા હોવાનું જણાવી આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. પોલીસે તેમનો જવાબ લીધેલો. આ સાહેદને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરી વિગતવાર પુછપરછ કરવા છતાં પણ ફરીયાદમાંની હકીકતોને તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી.

(૨૩.૧) **આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે ''** હાલ મારી ઉંમર ૬૫ વર્ષ છે. મારા લગ્નને ૩૫ વર્ષની ઉમરે થયા છે. એ વાત ખરી છે કે મે મારા નિવેદનમાં એવી હકીકત લખાવેલ

નથી કે, " બનાવ તા. ૨૪/૯/૨૪ ના રોજ બળાત્કારનો બનાવ બનેલો. બનાવના દિવસે આરોપી વિજય રાવળ ભોગબનનારને આર્શીવાદ હોટલ ખાતે સવારે ૭.૦૦ વાગે લઈ ગયેલ અને આરોપી ભોગબનનારને વાદળી કલરની સ્વીફ્ટ ગાડીમાં લઈ ગયેલો. આ ગાડીનો નંબર મને ખબર નથી. ત્યાં આગળ ભોગબનનાર ઉપર આરોપી વિજયે બળાત્કાર કરેલો.'' એ વાત ખરી નથી કે ફરીયાદ આપવા ગયા ત્યારે અમારી સાથે આમ આદમી પાર્ટીના આગેવાનો આવ્યા હતા. એ વાત ખરી નથી કે તે વખતે અમારી સાથે સંજય ઠાકોર નામનો છોકરો હતો. એ વાત ખરી છે કે પોલીસે મારી કોઈ પુછપરછ કરલી નહી. મારી પત્નિ અને દીકરીની કરેલી.''

(૨૩.૨) **આરોપી નં.૪ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.**

(૨૩.૩) **આરોપી નં.પ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે** '' એ વાત ખરી છે કે પો.સ્ટે.માં હુ, મારી પત્નિ અને ભોગબનનાર ગયેલા. એ વાત ખરી છે કે જે દિવસે પો.સ્ટે.માં ગયો તે દિવસે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલી નહી.''

(૨૪) **<u>ભોગબનનારના મામાનો પુરાવો</u>:–**

ફરીયાદપક્ષે તરફે ભોગબનનારના મામા પ્રવિણભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૧૭ તરીકે આંક–૧૦૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે ભોગબનનાર તેમની ભાણી થાય છે. એક વર્ષ પહેલા વિકી

કુમારનો ફોન તેમના બહેન નર્મદા બહેન ઉપર આવેલ અને વીકી કુમારે તેમની બહેન નર્મદાને સમાધાન માટે બોલાવેલા. વીકી કુમાર તેમના બહેન નર્મદાબેનના સબંધી થાય છે. **તેમની ભાણી ભોગબનનાર સાથે જે બળાત્કારનો બનાવ બનેલો તેના સમાધાન માટે સહયોગ હોટલ પાસે વિજયકુમાર (આરોપી) એ બોલાવેલા.** જેથી વિજયના કહેવાથી વીકી કુમારે તેમની બહેન નર્મદાને ફોન કરેલો. જેથી સહયોગ હોટલ પાસે વીકી કુમાર, ભોગબનનાર, નર્મદા બહેન, ચૌધરી કાકા, તેઓ હતા. તેઓ હોટલ પાસે ગયા ત્યારે આરોપી વિજય અને તેની સાથે બીજા દશથી પંદર માણસો હતા. વિજયે તેઓને એવુ કહેલ કે તારી ભાણીના પચાસ લાખ રૂપીયા આપી દઉ પછી કહેલ કે અગ્યાર લાખ રૂપીયા આપી દઉ પછી વિજય તેમની બહેન નર્મદાબેનને છરો લઈને મારવા માટે આવેલો અને વિજય લોકો નાગી નાગી ગાળો અમોને બોલતા હતા અને પછી ત્યાંથી અમે નિકળી ગયા હતા. તેઓ હોટલ પાસે રાતના આઠથી નવ વાગ્યાના સમયે ગયેલ હતા. પછી તેઓ ત્યાં થી નીકળી ગયેલ હતા. પોલીસે તેમન જવાબ લીધેલો. આરોપીને ઓળખતા હોવાનું જણાવી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૨૪.૧) **આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે** ''ભોગબનનાર મારી સગી ભાણી થાય છે. એ વાત ખરી છે કે સમાધાનની વાત આવી ત્યારે મારા ઉપર વિજયનો ફોન આવેલ ન હતો. એ વાત ખરી છે કે સમાધાન બાબતની વાત થયેલ ત્યાં સુધીમાં કોઈ ફરીયાદ દાખલ થયેલ ન હતી. એ વાત ખરી નથી કે અમે આરોપીનો કોઈ મોબાઈલ જોયેલ નથી. **એ વાત**

**ખરી છે કે આરોપીએ છરી વડે હુમલો કરેલ તેમજ બોલાચાલી કરેલ તે બાબતેની કોઈ ફરીયાદ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે સહયોગ ઉપર ભેગા થયા ત્યારબાદ અમે ફરીયાદ કરવા ગયેલા. એ વાત ખરી છે કે ફરીયાદ કરવા ગયા તે પહેલા વકીલને મળેલા. એ વાત ખરી છે કે તે વકીલે અમને એવુ કહેલ કે હુ કહુ તે રીતે તમો ફરીયાદ દાખલ કરો. એ વાત ખર છે કે વકીલ સાહેબે જે રીતે શીખવાડ્યુ તે મુજબ પો.સ્ટે.માં જઈ અમે ફરીયાદ આપેલી.** એ વાત ખરી છે કે મારા નિવેદનમાં એવી હકકીત લખાવેલ નથી કે, " એક વર્ષ પહેલા વિકી કુમારનો ફોન મારા બહેન નર્મદા બહેન ઉપર આવેલો અને વીકી કુમારે મારી બહેન નર્મદાને સમાધાન માટે બોલાવેલા. વીકી કુમાર મારા બહેન નર્મદાબેનના સબંધી થાય છે. મારી ભાણી ભોગબનનાર સાથે જે બળાત્કારનો બનાવ બનેલો તેના સમાધાન માટે સહયોગ હોટલ પાસે વિજયકુમાર (આરોપી) એ બોલાવેલા. જેથી વિજયના કહેવાથી વીકી કુમારે મારી બહેન નર્મદાને ફોન કરેલો. જેથી સહયોગ હોટલ પાસે વીકી કુમાર, ભોગબનનાર, નર્મદા બહેન, ચૌધરી કાકા, હું હતો. અમે હોટલ પાસે ગયા ત્યારે આરોપી વિજય અને તેની સાથે બીજા દશથી પંદર માણસો હતા. વિજયે અમોને એવુ કહેલ કે તારી ભાણીના પચાસ લાખ રૂપીયા આપી દઉં પછી કહેલ કે અગ્યાર લાખ રૂપીયા આપી દઉં પછી વિજય મારી બહેન નર્મદાબેનને છરો લઈને મારવા માટે આવેલો અને વિજય લોકો નાગી નાગી ગાળો અમોને બોલતા હતા".

(૨૪.૨) **આરોપી નં.૪, ૫ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.**

**<u>મેડીકલ ઓફીસરશ્રીઓનો પુરાવો :–</u>**

(૨૫) આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૪ તરીકે ડો. પટેલ કુંજકુમાર વિષ્ણુભાઈ પટેલને આંક–૩૩** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓએ એમ.બી.બી.એસ. સુધીનો અભ્યાસ કરેલ છે અને તેઓ છેલ્લા ૧ વર્ષથી મેડી. ઓફીસર તરીકે સીવીલ હોસ્પિટલ મહેસાણા ખાતે ફરજ બજાવતા હતા અને હાલમાં કલોલ પી.એસ.એમ હોસ્પિટલ ખાતે ફરજ બજાવે છે. તા. ૨૬–૦૯–૨૪ ના રોજ મહેસાણા સીવીલ હોસ્પિટલ ખાતે તેઓ મેડી.ઓફીસર તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન ભોગબનનારને પોલીસ યાદી સાથે વુ.પો.કો. જોશનાબેન બ.નં.૧૪૯૯ મેડીકલ તપાસ સારૂ પોલીસ યાદી સાથે લાવેલા. ભોગબનનારના ઓળખના નિશાન નોંધેલા. ભોગબનનારે તેમને તેની લોકલ ભાષામાં સભાન અવસ્થામાં હીસ્ટ્રી આપેલી કે : ''તા.૨૫/૬/૨૪ ના રોજ પહેલી વખત વિજય રાવળ નામના યુવક સાથે મુલાકત થઈ હતી. ત્યાર બાદ તા.૧૩/૯/૨૪ ના રોજ મે મરજીથી વિજય રાવળ સાથે સંબંધ બાંધ્યો હતો. ત્યાર બાદ તેને સ્કુલમાં તથા જુની કોર્ટ પાસે માર મારી પછી સીવીલવાળા રોડ ઉપર તેની સાથે તેના મીત્ર લાખવાળા રોડ ઉપર લઈ ગયા હતા. ત્યા આગળ પણ માર મારેલ હતો. ત્યાર બાદ ધરે મોકલી દીધી હતી. પછી રોજ સ્કુલમાં હેરાન

ગતી વિજય દ્વારા કરવામાં આવતી હતી. તેના દ્વારા વીડીયો વાયરલ કરવાની ધમકીઓ આપવામાં આવતી હતી તથા મારવાની ધમકીઓ આપવામાં આવતી હતી. વિજય મને અવાર નવાર ગેસ્ટ હાઉસમાં દારૂ પીવડાવીને સંબંધ બાંધતો હતો. છેલ્લે વિજય તા.૨૪/૯/૨૪ ના રોજ મારી મરજી વિરૂધ્ધ કારમાં લઈ જઈને સંબંધ બાંધ્યો હતો''. તેઓએ ભોગબનનારની કંસેન્ટ લીધા બાદ તપાસ કરેલી. ભોગબનનારને તપાસની સંપુર્ણ વિગત તેમજ તેમાં લેવામાં આવતા સેમ્પલની સંપુર્ણ સમજણ તેઓએ આપેલી. ભોગબનનારની તપાસ એલ.પી.સી. જયોશનાબેનની હાજરીમાં કરેલ. ગાયનેક વિભાગના ઓપીનીયન પ્રમાણે ભોગબનનારે જાતે હીસ્ટ્રી આપેલ હતી, સ્ટાફ નર્સની હાજરીમાં અને વુમન પોલીસ કોન્સ્ટે.ની હાજરીમાં હીસ્ટ્રી તથા શારીરીક તપાસ થયેલી. સંભોગની હીસ્ટ્રીમાં પહેલો સંભોગ મરજીથી વિજય દ્વારા તા.૨૫/૬/૨૦૨૪ ના રોજ કોન્ડમ વગર લગ્નની લાલચ આપીને કર્યો હતો ત્યારબાદ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી હતી, છેલ્લો સંભોગ તા.૨૪/૯/૨૦૨૪ ના રોજ મરજી વિરૂધ્ધ સ્વીફ્ટ કારમાં મહેસાણા બજારમાં બપોરે સાડા બાર વાગ્યે કોન્ડમ વગર વિડીયો વાયરલ કરવાની ધમકી આપીને કર્યો હતો. સીમેન ઈમીશન–આઉટ સાઈડ વજાઈના ઓવર બોડી, લુબ્રીકન્ટસની હાજરી ન હતી, ભોગબનનારના શરીરમાં નાશાના તત્વો–છેલ્લા સંભોગમાં ન હતા પરંતુ પહેલાના સંભોગ વખતે દારૂ પીવડાવેલ હતો (જબરજસ્તીથી અમુક–અમુક વખત), ટોટલ સંભોગ પંદર વખત કોન્ડમ વગર કરેલો. એનલ ઈન્ટરકોર્ષ કરેલ ન

હતો. ઓરલ ઈન્ટર કોર્ષ કરેલ ન હતો, માસ્ટર બેશન કરેલ ન હતુ. છેલ્લા સંભોગ કર્યા બાદ સ્નાન કરેલ અને કપડા બદલેલ હતા, સ્ટુલ અને યુરીન પાસ કરેલ હતુ. ભોગબનનારની માસિકની હીસ્ટ્રી : છેલ્લી માસિકની તા.૭/૮/૨૦૨૪ હતી, માસિકની શરૂઆત ત્રણ વર્ષ પહેલા થયેલી અને ઓપ્લેટીક હીસ્ટ્રી– જી.પી.એ.એલ., લગ્ન કરેલ ન હતા, સગાઈ કરેલ ન હતી. જનરલ એકઝામીનેશન: ભોગબનનાર સભાન અવસ્થામાં હતી, એકઝયુલરી અને પ્યુબીક હેરની સામાન્ય હાજરી હતી, વેલડેવલપ હતા, દસ દિવસ પહેલા સેવ કરેલ હતુ, છાતી અને નિપલ સુવિકસીત હતા, ઈજાના નિશાન, સીમેનના નિશાન કે લોહીના નિશાન શરીરના કોઈ ભાગ ઉપર જોવા મળેલ ન હતા. ભોગબનનરના શરીરના કોઈ ભાગે લોહી નીકળતુ ન હતુ, દુઃખાવો ન હતો કે સોજો કે ડીસ્ચાર્જ જોવા મળેલ નહી. વલ્વલ એકઝામીનેશન: એકસ્ટર્નલ જેનીટેરીયા – નોર્મલ, વેલ ડેવલપ, કોઈ ઈજા ન હતી. ભોગબનનારના (૧) વજાઈનલ સ્વાબ, (૨) વજાઈનલ વોશ, (૩) વલ્વલ સ્વેબ, (૪) યુરેથલ સ્વાબ (૫) લોહીનું સેમ્પલ તેઓએ જાતે લીધેલ તથા સીલ કરી પોલીસ મારફતે એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલી આપેલ. ગાયનેકના ઓપીનીય પ્રમાણે ભોગબનનાર સાથે શારીરિક સંભોગ થયેલાનું નકારી શકાય નહી.સાઈક્રેટીક ઓપીનીયન પ્રમાણે સાઈકો સેકસ્યુલ કાઉન્સેલીંગ થયેલ અને કોઈ માનસિક બિમારી જણાયેલ નહી. ડેન્ટીસ્ટના અભિપ્રાય પ્રમાણે ભોગબનનારની ઉંમર ૧૩ વર્ષથી ૧૫ વર્ષની હોઈ શકે. રેડીયોલોજીસ્ટના

અભિપ્રાય પ્રમાણે ભોગબનનારની ઉંમર ૧૬ વર્ષથી વધારે અને ૧૭ વર્ષથી ઓછી હોઈ શકે. તેઓએ ભોગબનનારને ગાયનેક ઓપીનયન અને વધુ તપાસ માટે તેમજ સર્વાઈકલ સ્વાબ લેવા માટે ગાયનેક વિભાગમાં મોકલી આપેલ. આ અંગે તેઓએ તેમના હસ્તાક્ષરમાં સર્ટી. આપેલ, જે આ કામે નિ. ૬/૧૨ થી રજુ છે, જેમાં તેમની સહી અને હોદ્દાનો સીકકો કરેલ છે, તે ઓળખી બતાવી આંક–૩૪ થી, ભોગબનનાર ના અસલ કેસ પેપર્સ પેજ–૧૧ તથા એકસ–રે નંગ–૨ સંયુકત આંક–૩૫ થી, ભોગબનનારની મેડીકલ તપાસણી અર્થેની પોલીસ યાદી આંક–૩૬ થી રજુ કરેલ છે. ભોગબનનારના જે સેમ્પલ લઈ એફ.એસ.એલ. માં મોકલેલ તે ફોર્મની કોપી લાવેલ નથી.

(૨૫.૧) **આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલ્ટ તપાસમાં જણાવેલ છે કે** ''એ વાત ખરી છે કે ભોગબનનારને મારી પાસે લાવ્યા ત્યારે તેની માતા સાથે હતી. એ વાત ખરી નથી કે બનાવની હીસ્ટ્રી ભોગબનનારે જાતે નહી તેની માતાએ લખાવેલી. એ વાત ખરી છે કે ભોગબનનારના શરીર ઉપર આંતરીક ભાગે તેમજ બાહ્ય ભાગે તેમજ ગુપ્ત ભાગે ઈજા કે જોરજુલમના નિશાન ન હતા. એ વાત ખરી છે કે મે ભોગબનનારની ગાયનેક તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે ડેન્ટીસ્ટે ઉંમર અંગે જે અભિપ્રાય આપેલ છે તે ચોકકસ કહી શકાય નહી. એ વાત ખરી છે કે રેડીયોલોજીસ્ટે ઉંમર અંગે આપેલ અભિપ્રાય માં બે વર્ષનો ઉપર નીચેનો તફાવત હોઈ શકે.''

(૨૬) આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૫ તરીકે ડો.પ્રદિપ શોભારામ રાઠોરને આંક–૪૦** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓએ એમ.બી.બી.એસ. સુધીનો અભ્યાસ કરેલ છે અને છેલ્લા દોઢ વર્ષથી મેડી. ઓફીસર તરીકે સીવીલ હોસ્પીટલ મહેસાણા ખાતે ફરજ બજાવે છે. તા.૦૧–૧૦–૨૪ ના રોજ સીવીલ હોસ્પીટલ મહેસાણા ખાતે તેઓ મેડી. ઓફીસર તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન બપોરે ૧૨:૨૬ વાગ્યાના અરસામાં આરોપી વિજય કરશનભાઈ રાવળ ઉ.વ. ૩૦ રહે. ઉચરપી, મહેસાણાવાળાને પોલીસ યાદી સાથે એ.એસ.આઈ વિમલકુમાર લાલાજીભાઈ બ.નં. ૭૪૧ મેડીકલ તપાસ સારૂ લાવેલા.આરોપીના ઓળખના ચિન્હોમાં (૧) ડાબા હાથે સ્કારમાર્ક (૨) ડાબા પગ ઉપર સ્કારમાર્ક હતુ. આરોપીએ તેમને હીસ્ટ્રી પોતાની સભાન અવસ્થામાં અને પોતાની લોકલ ભાષામાં લખાવેલી કે :" હુ વિજય કરશનભાઈ રાવળ ભોગબનનારને ત્રણ મહીનાથી ઓળખુ છુ. મે તા.૨૪/૯/૨૪ ના રોજ બપોરે એક વાગ્યાની આસપાસ આર્શીવાદ હોટલ ખેરવા ભોગબનનાર સાથે તેની મરજીથી બે વાર નિરોધ વગર સંભોગ કરેલ". તેઓએ આરોપીની કંસેન્ટ લીધા બાદ તપાસ કરેલી. આરોપીને તપાસની સંપુર્ણ વિગત તેમજ તેમાં લેવામાં આવતા સેમ્પલની સંપુર્ણ સમજણ તેઓએ આપેલી. આરોપી શારીરીક તપાસમાં માનસીક રીતે સ્વસ્થ જણાયેલ. આરોપીને દારૂ કે અન્ય કોઈ કુટેવ ન હતી, ગુપ્તાંગના વાળ કાળા કલરના આશરે લાંબા હતા, તે ચોંટેલા ન હતા. ગુપ્તાંગની જગ્યાની તપાસ કરતાં કોઈ

પણ જાતની ઈજા, લોહી ના નિશાન,વીર્ય ના નિશાન કે કોઈ ફોરેન હેર ની હાજરી જણાયેલ નહી. ગુપ્તાંગ નોર્મલ હતું ગુપ્તાંગની ઉપરની ચામડી સહેલાઈ થી સરકતી હતી, સુન્નત કરાવેલ ન હતું, સ્મેગમા ની હાજરી હતી, આરોપીની અન્ય શારીરીક તપાસ સામાન્ય જણાયેલી. આરોપીના (૧) ગુપ્તાંગના વાળ, (૨) લાળ (૩) નખ, ,(૪) લોહી (ઈડીટીએ), (૫) સીમન,(૬) લોહી ઈન પ્લેન ના નમુના લઈ સીલ બંધ કરી એફ.એસ.એલ તપાસણી અર્થે પોલીસ મારફતે મોકલી આપેલ. તેમના અભિપ્રાય મુજબ આરોપી શારીરીક સમાગમ કરવા સક્ષમ હતો. આ અંગે તેઓએ તેમના હસ્તાક્ષરમાં સર્ટી. આપેલ, જે આ કામે નિ.૬/૧૩ થી રજુ છે, જેમાં તેમની સહી અને હોદ્દાનો સીકકો કરેલ છે, તે ઓળખી બતાવી આંક-૪૧ થી, આરોપીના અસલ કેસ પેપર્સ પેજ-૨ આંક-૪૨ થી, આરોપીની મેડીકલ તપાસણી અર્થેની પોલીસ યાદી આંક-૪૩ થી, આરોપીના લીધેલ નમુના સબબનુ ભરેલ ફોર્મ ૨-બી ની સ્થળપત્ર આંક-૪૪ થી રજુ કરેલ છે.

(૨૬.૧) **આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે** '''એ વાત ખરી છે કે આરોપીને અમો પાસે લાવ્યા ત્યારે સાથે પોલીસ યાદી પણ આવેલી. એ વાત ખરી છે કે અમોએ પોલીસ યાદી વાંચેલી. એ વાત ખરી નથી કે અમોએ આરોપીની હીસ્ટ્રી પોલીસ યાદી વાંચી લખેલી. એ વાત ખરી છે કે આરોપીના બાહ્ય કે ગુપ્તાંગ ઉપર ઈજા કે જોરજુલમ ના નિશાન ન હતા. એ વાત ખરી નથી કે આરોપી શારીરીક સબંધ બાંધવા સક્ષમ હોવાનુ ખોટુ જણાવેલ છે.''

**<u>પંચ સાહેદોનો પુરાવો :-</u>**

(૨૭) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૬ તરીકે ચૌધરી અજયભાઇ બબાભાઇને આંક-૪૬** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ તા.૨૭/૯/૨૪ ના રોજ મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા ખાતે ફરજ બજાવતા હતા અને હાલમાં પણ ત્યાંજ ફરજ બજાવે છે, તેઓને તા.૨૭/૯/૨૪ ના રોજ તેમના ઉપરી અધિકારીની સુચના આપેલી. તેમની સાથે બીજા પંચ તરીકે જયેશભાઈ ઠાકોર હતા. તેઓ તેમની કચેરીમાં ફરજ બજાવતા હતા અને હાલમાં પણ ત્યાંજ ફરજ બજાવે છે. તેમના ઉપરી અધિકારીની સુચનાથી તેઓ તા.૨૭/૯/૨૪ ના ક.૧૮.૦૫ થી ૧૯.૨૫ દરમ્યાન મોજે મહેસાણા તાલુકા પો.સ્ટે.માં પંચમાં રહેવા સારૂ હાજર થયેલા અને ત્યાં પોલીસે તેઓ પંચોને મહેસાણા તાલુકા પો.સ્ટે.પાર્ટ-એ ૧૧ ૨૦૬૦૪૩૨૪૦ ૬૭૭, બી.એન.એસ.ની કલમ ૬૪,૭૮ વિ. તથા પોકસો એકટની કલમ ૪,૫(એલ) વિ.ના કામે ભોગબનનાર ગુનાવાળી જગ્યા બતાવવા માંગતા હોય તે અંગેનુ પંચનનામું કરવા અંગે પોલીસે તેઓને સમજ આપેલી અને તેઓઅએ સ્વખુશી દર્શાવેલી. ત્યાં હાજર ભોગબનનારનુ નામ પુછતાં પોતે પોતાનુ નામ ભોગબનનાર હોવાનુ જણાવેલ અને આરોપી દુષ્કર્મ કરેલ તે જગ્યા બતાવવા માંગતા હોઈ તેવુ જણાવેલ તે અંગે પ્રાથમીક પંચનામું કરવામાં આવેલ જેમાં તેઓ પંચોએ સહીઓ કરેલ. બાદ સરકારી વાહનમાં તેઓ પંચો, પોલીસના માણસો, ભોગબનનાર, વુ.પો.કો વિ.ભોગબનનારના જણાવ્યા મુજબ ગોઝારીયા તરફ

જતા હાઈવે રોડની જમણી બાજુમાં આર્શીવાદ હોટલ અને ગેસ્ટ હાઉસવાળી જગ્યા બતાવેલી જે જગ્યાએ હાજર ગેસ્ટ હાઉસમાં મેનેજરનુ નામ પુછતાં પોતાનુ નામ સંજયભાઈ જણાવેલુ. સદરહુ જગ્યા જોતાં રૂમ નં.૬ હતો, તે રૂમ મેનેજરે ખોલી આપતાં રૂમની અંદર જોતાં રૂમ નીચેના ભાગે અન્ય રૂમો આવેલ છે. અને રૂમ નં.૬ નો લાકડાનો દરવાજો ખોલી જોતાં જે જગ્યાએ એક લોખંડનો પલંગ, ગાદલુ,ચાદર ઓસીકુ આવેલ છે. એક સીલીંગ પંખો આવેલ છે અને લોખંડના કબાટ છે અને તેની પાછળ સંડાસ આવેલ છે. દક્ષિણ દીવાલે લાકડાની બારી આવેલ છે. અને ભોયતળીયુ લાલ કલરની સ્ટાઈલ્સથી લગાડેલ છે અને રૂમમાં જોડાજોડ બે પલંગો આવેલ છે. સદરહુ જગ્યાએ કોઈ નોધપાત્ર ચીન્હો જણાયેલ નહી કે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નહી, પંચનામામાં જણાવ્યા મુજબ ચતુર્થે સીમા દર્શાવેલ છે. સાહેદને નિ.૬/૩ વાળુ અસલ પંચનામુ બતાવતા જેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે તથા પંચ નં.૨ જયેશભાઈ ઠાકોરની સહી છે, જે ઓળખી બતાવી પંચનામુ આંક-૪૭ થી રજુ કરેલ છે.

સાહેદે વધુમાં પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ તા.૨૭/૯/૨૪ ના રોજ મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા ખાતે ફરજ બજાવતા હતા અને હાલમાં પણ ત્યાંજ ફરજ બજાવે છે. તેઓને તા.૨૭/૯/૨૪ ના રોજ તેમના ઉપરી અધિકારીની સુચના આપેલી. તેમની સાથે બીજા પંચ તરીકે જયેશભાઈ ઠાકોર હતા. તેઓ તેમની કચેરીમાં ફરજ બજાવતા હતા અને હાલમાં પણ ત્યાંજ ફરજ બજાવે છે. તેમના ઉપરી અધિકારીની સુચનાથી તેઓ

તા.૨૭/૯/૨૪ ના ક.૨૦.૩૦ થી ૨૧.૧૫ દરમ્યાન મોજે મહેસાણા તાલુકા પો.સ્ટે.માં પંચમાં રહેવા સારૂ હાજર થયેલા અને ત્યાં પોલીસે તેઓ પંચોને મહેસાણા તાલુકા પો.સ્ટે.પાર્ટ–એ ૧૧૨૦૬૦૪૩૨૪૦૬૭૭, બી.એન.એસ.ની કલમ ૬૪,૭૮ વિ. તથા પોકસો એકટની કલમ ૪,૫(એલ) વિ.ના કામે ભોગબનનાર બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરવા માગતા હોઈ જે અંગેનુ પંચનામ કરવાની સમજ આપેલ હોય ભોગબનનાર તેની માતા નર્મદાબેન સાથે હાજર હોય અને ભોગબનનાર (૧) એક કાળા સફેદ કલરનો શર્ટ (૨) કાળા કલરનુ જીંશ પેંટ (૩) ગુલાબી કલરની બ્રા (૪) નીકર કથ્થઈ કલરનુ,જે તમામ કપડાની કીમત ૦૦/૦૦ ની ગણી તમામ કપડાઓને અલગ અલગ કાપડની બેગીઓમાં મુકી, તેઓ પોલીસ પંચોની તથા કાપલીઓ મુકી સાહેદની સહીઓવાળી બેગીઓને મોઢીયે દોરાથી સાંધી તેના ઉપર લાખથી અંગ્રેજીમાં મહેસાણા તાલુકા પો.સ્ટે.ના માર્કાના પાકા સીલ કરી તપાસ અર્થે કબજે કરેલ અને એ રીતનુ પંચનામુ તેઓ સરકારી પંચોના નજરે જોયા જાણ્યા અને લખાવ્યા મુજબનુ બરાબર અને ખરૂ હોઈ, જે જોઈ વાંચી સમજી આ નીચે તેઓએ તેમની સહીઓ કરી આપેલ. સાહેદને નિ.૬/૪ વાળુ અસલ પંચનામુ બતાવતા જેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે તથા પંચ નં.૨ જયેશભાઈ ઠાકોરની સહી છે, જે ઓળખી બતાવી પંચનામું આંક–૪૮ થી રજુ કરેલ છે.

સદરહું વધુમાં પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તેમને

મુદ્દામાલ આર્ટી. નં. ૧ થી ૪ બતાવતા તે જોઈને જણાવેલ છે કે આ તે જ મુદ્દામાલ છે, તેમને મુદ્દામાલ આર્ટી. નં. ૧ થી ૪ માંથી નીકળેલ પંચ સ્લીપ બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે તથા પંચ નં.ર જયેશભાઈ ઠાકોરની સહી છે, જે ઓળખી બતાવી પંચસ્લીપો આંક–૪૯ થી પર સુધી રજુ કરેલ છે.

(૨૭.૧) **આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે** ''એ વાત ખરી નથી કે અમારા ઉપરી અધિકારીએ લેખીતમાં કોઈ યાદી કરેલ નથી. એ વાત ખરી છે કે લેખીત યાદી પોલીસને આપેલ નથી. એ વાત ખરી છે કે અમે ગયા તે વખતે પો.સ્ટે.માં ભોગબનનાર હાજર ન હતી પરંતુ ત્યારબાદ આવેલ હતી અને તે વખતે તેની માતા સાથે હતી. એ વાત ખરી છે કે પોલીસે અમોને ગાડીમાં બેસાડી ગાડી સીધી ગેસ્ટ હાઉસ આગળ ઉભી રાખેલી. એ વાત ખરી નથી કે આ ગુનાવાળી જગ્યા અમને પોલીસે બતાવેલ. એ વાત ખરી છે કે ભોગબનનારના કપડા ભોગબનનારની માતાએ આપેલા. એ વાત ખરી નથી કે અમે તૈયાર પંચનામામાં સહીઓ કરેલી. એ વાત ખરી નથી કે સમર્થન આપવા માટે ખોટી જુબાની આપુ છુ.''

(૨૮) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૭ તરીકે દેસાઇ ગફુરભાઇ લીંબાભાઇને આંક–૫૩** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ તા.૩૦/૯/૨૪ ના રોજ એસ.ટી.ડેપો, મહેસાણા ખાતે ફરજ બજાવતા હતા અને હાલમાં પણ ત્યાંજ ફરજ બજાવે છે. તેઓને તા.૩૦/૯/૨૪ ના રોજ

તેમના ઉપરી અધિકારીની સુચના આપેલી. તેમની સાથે બીજા પંચ તરીકે સુરેશભાઈ મનસંગભાઈ ચૌધરી હતા. તેઓ તેમની કચેરીમાં ફરજ બજાવતા હતા અને હાલમાં પણ ત્યાંજ ફરજ બજાવે છે. તેમના ઉપરી અધિકારીની સુચનાથી તેઓ તા.૩૦/૯/૨૪ ના ક.૨૩.૦૦ થી ૨૩.૫૦ દરમ્યાન મોજે મહેસાણા તાલુકા પો.સ્ટે.માં પંચમાં રહેવા સારૂ હાજર થયેલા અને ત્યાં પોલીસે તેઓ પંચોને મહેસાણા તાલુકા પો.સ્ટે.પાર્ટ–એ ૧૧ ૨૦૬૦૪૩૨૪૦ ૬૭૭, બી.એન.એસ.ની કલમ ૬૪,૭૮ વિ. તથા પોકસો એકટની કલમ ૪,૫(એલ) વિ.ના કામે આરોપી વિજયકુમાર કરશનભાઈ અરજણ ભાઈની અંગજડતીનુ પંચનામું કરવાનુ કરતાં તેમની પાસેથી એક મોબાઈલ કાળા કલરનો ઓપો કંપનીનો મળેલો. જેની કિ.રૂા.૧૦,૦૦૦/– ગણી પોલીસે કબજે કરેલ. તથા બીજા આરોપી રાહુલ અશોરભાઈ તથા ત્રીજા આરોપી ઠાકોર સવધાનજીની તપાસ કરતાં તેઓની પાસેથી કોઈ ચીજવસ્તુ મળી આવેલ નહી. સાહે નિ.૬/૫ વાળુ અસલ પંચનામુ બતાવતા જેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે તથા પંચ નં.૨ સુરેશભાઈ ચૌધરીની સહી છે, જે ઓળખી બતાવી પંચનામું આંક–૫૪ થી રજુ કરેલ છે. તેમને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવી, તેમને મુદ્દામાલ આર્ટી. નં. ૫ બતાવતા જે જોઈને જણાવેલ છે કે આ તે જ મોબાઈલ છે. તેમને મુદ્દામાલ આર્ટી. નં.૫ માંથી નીકળેલ પંચ સ્લીપ બતાવતા, તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે તથા પંચ નં.૨ સુરેશભાઈ ચૌધરીની સહી છે, જે ઓળખી બતાવી પંચસ્લીપ આંક–૫૫ થી રજુ કરેલ છે.

(૨૮.૧) **આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે** તેમના ઉપરી અધિકારીએ લેખીતમાં કોઈ યાદી કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે લેખીત યાદી પોલીસને આપેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓ ગયા તે વખતે પો.સ્ટે.માં આરોપીઓ હાજર ન હતા. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ તૈયાર પંચનામામાં સહીઓ કરેલી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે સમર્થન આપવા માટે ખોટી જુબાની આપેલી છે.

(૨૯) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૮ તરીકે ઝાલા નરેન્દ્રસિંહ કરશનજીને આંક–૫૯** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ તા.૦૨/૧૦/૨૪ ના રોજ જીલ્લા પ્રાથમીક શિક્ષણ સમીતી, જીલ્લા પંચાયત, મહેસાણા ખાતે સીનીયર કલાર્ક તરીકે બજાવતા હતો અને હાલમાં પણ ત્યાંજ ફરજ બજાવે છે. તેઓને તા.૦૨/૧૦/૨૪ ના રોજ તેમના ઉપરી અધિકારીએ પંચમાં રહેવા મૌખીક સુચના આપેલી. તેમની સાથે બીજા પંચ તરીકે ભગીરથભાઈ બીપીનભાઈ હતા. તેઓ પણ તેમની સાથે જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તેમના સાહેબની સુચનાથી તેઓ તા.૦૨/૧૦/૨૪ ના ક.૧૪.૦૦ થી ૧૪.૪૫ દરમ્યાન મોજે મહેસાણા તાલુકા પો.સ્ટે.માં પંચમાં રહેવા સારૂ હાજર થયેલા અને ત્યાં પોલીસે તેઓ પંચોને મહેસાણા તાલુકા પો.સ્ટે. પાર્ટ–એ ૧૧૨૦૬૦૪૩૨૪૦૬૭૭, બી.એન.એસ.એસ.ની કલમ ૬૪(૨) વિ.મુજબના કામના

ભોગબનનારની સાથે આરોપીએ શરીર સબંધ બાંધેલ તે વખતે આરોપીએ પહેરેલ કપડા તથા જે ગાડીમાં લઈ ગયેલ તે ગાડી તથા મારક હથીયાર છરો રજુ કરતા હોય તે અંગેના પંચનામા કરવાની સમજ આપતા તેઓએ સંમતી દર્શાવેલી. ત્યાં હાજર આરોપી વિજય રાવળે બનાવ સમયે પહેરેલ કપડા જે જોતા (૧) એક લીલા કલરનો શર્ટ (૨) ક્રિમ કલરનુ પેંટ (૩) એક કથ્થઈ કલરનો જાંગીયો રજુ કરેલ તથા ગુનાના કામે વપરાયેલ છરો રજુ કરતાં જે લાકડાના હાથમાં ફીટ કરેલ હતો અને મ્યાનમાંથી બહાર કાઢતા છરો લાકડાના હાથમાં રીવટથી ફીટ કરેલ હતો જેના હાથા ઉપર આગળની બાજુએ તાંબાનો તાર વીંટાળેલ હતો જેની કિ.રૂા.૫૦/-ગણી તપાસ અર્થે કબજે કરેલ તથા કંપાઉન્ડમાં પડેલ એક મારૂતી સુઝુકી કં પનીની સ્વીફગાડી જેની આગળ પાછળ કોઈ નંબર પ્લેટ નથી જેનો ચેચીસ નં. MBHCZB35 PKD40349 તથા એન્જીન નં. K12NP1524421 જે કમ્પાઉન્ડમાં પડેલ હતી. જે મુદ્દામાલ કિ. રૂા. ૩,૦૦,૦૦૦/- ની ગણી તપાસ અર્થે કબજે લીધેલ છે, આ તમામ મુદ્દમાલ શીલ કરી એક કાગળની થેલીમાં પેક કરી પંચોની સહીઓ લઈ શીલ પેક કરેલ છે. સાહેદને નિ. ૬/૬ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે તેમની તથા પંચ નં.૨ તરીકે ભગીરથભાઈની સહી છે, જે ઓળખી બતાવી પંચનામુ આંક-૬૦ થી રજુ કરેલ છે. સાહેદને મુદ્દામાલ આર્ટી.નં.૬ થી ૯ બતાવતા જે આરોપીના કપડા, છરી જોઈ જણાવેલ છે કે આ તે જ મુદ્દામાલ છે જે તેઓએ પો.સ્ટે.માં જોયેલ છે. તેમને મુદ્દામાલ આર્ટી.નં. ૬ થી ૯ માથી નીકળેલ પંચ

સ્લીપો બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે તેમની તથા પંચ નં.ર તરીકે ભગીરથભાઈની સહી છે, જે ઓળખી બતાવી, પંચસ્લીપો આંક–૬૧ થી ૬૪ હેઠળ રજુ કરેલ છે.

સાહેદે વધુમાં પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ તા.૦૨/૧૦/૨૪ ના રોજ જીલ્લા પ્રાથમીક શિક્ષણ સમીતી, જીલ્લા પંચાયત, મહેસાણા ખાતે સીનીયર કલાર્ક તરીકે બજાવતા હતા અને હાલમાં પણ ત્યાંજ ફરજ બજાવે છે, તેઓને તા. ૦૨/૧૦/૨૪ ના રોજ તેમના ઉપરી અધિકારીએ પંચમાં રહેવા મૌખીક સુચના આપેલી. તેમની સાથે બીજા પંચ તરીકે ભગીરથભાઈ બીપીનભાઈ હતા. તેઓ પણ તેમની સાથે જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તેમના સાહેબની સુચનાથી તેઓ તા.૦૨/૧૦/૨૪ થી ૧૫.૩૦ દરમ્યાન મોજે મહેસાણા તાલુકા ના ક.૧૪.૪૫ પો.સ્ટે.માં પંચમાં રહેવા સારૂ હાજર થયેલા અને ત્યાં પોલીસે તેઓ પંચોને મહેસાણા તાલુકા પો.સ્ટે. પાર્ટ–એ ૧૧૨૦૬૦૪૩૨૪૦૬૭૭, બી.એન.એસ.એસ.ની કલમ ૬૪(૨) વિ.મુજબના આરોપીની શરીરસ્થિતી તથા પેન ડ્રાઈવ કબજે કરવામાં આવેલ તે અંગેનુ પંચનામુ કરેલ. આરોપીને માથામાં વાગેલ હોય અને ડૉ.ની પટ્ટી બાંધેલ હોય તે અંગે પુછતા જણાવેલ કે અગાઉ ખેતરમાં કામ કરતા વાગેલ છે. સાહેદને નિ. ૬/૭ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે તેમની તથા પંચ નં.ર તરીકે ભગીરથભાઈની સહી છે, જે ઓળખી બતાવી પંચનામું આંક–૬૫ થી રજુ કરેલ છે. સાહેદને નિ. ૬/૨૦ બતાવતા જે એક બંધ કવર છે જેમાં પેન ડ્રાઈવ મુકેલ છે.જે કવર

ખોલી જોતાં કોમ્પ્યુટરમાં ચાલુ કરી બતાવતાં તે તે જ પેનડ્રાઈવ છે જે તેમની રૂબરૂમાં કબજે કરેલ, જે આંક–૬૬ થી રજુ કરેલ છે.

સાહેદે વધુમાં પોતાના પુરાવામાં જણવેલ છે કે તેઓ તા. ૦૫/૧૦/૨૪ ના રોજ જીલ્લા પ્રાથમીક શિક્ષણ સમીતી, જીલ્લા પંચાયત, મહેસાણા ખાતે સીનીયર કલાર્ક તરીકે બજાવતા હતા અને હાલમાં પણ ત્યાંજ ફરજ બજાવે છે. તેઓને તા. ૦૫/૧૦/૨૪ ના રોજ તેમના ઉપરી અધિકારીએ પંચમાં રહેવા મૌખીક સુચના આપેલી. તેમની સાથે બીજા પંચ તરીકે ભગીરથભાઈ બીપીનભાઈ હતા. તેઓ પણ તેમની સાથે જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તેમના સાહેબની સુચનાથી તેઓ તા.૦૫/૧૦/૨૪ ના ક.૧૧.૪૫ થી ૧૪.૦૦ દરમ્યાન મોજે મહેસાણા તાલુકા પો.સ્ટે.માં પંચમાં રહેવા સારૂ હાજર થયેલા અને ત્યાં પોલીસે તેઓ પંચોને મહેસાણા તાલુકા પો.સ્ટે. પાર્ટ–એ ૧૧૨૦૬૦૪૩૨૪૦૬૭૭, બી.એન.એસ.એસ.ની કલમ ૬૪(૨) વિ.મુજબના ભોગબનનારનુ અપહરણ થયેલ તથા માર મારેલ જે જગ્યા ભોગબનનાર બતાવવા માંગતા હોઈ તે અંગેનુ પંચનામું કરવાની સમજ આપેલી અને તેઓએ સ્વખુશી દર્શાવેલી અને ત્યાં હાજર ભોગબનનારનુ નામ પુછતાં ભોગબનનાર જણાવેલ તથા તેની માતા નર્મદાબેન હાજર હતા અને તે અંગેનુ પ્રાથમીક પંચનામુ કરેલ. સરકારી વાહનમાં તેઓ પંચો,પોલીસ, ભોગબનનાર તથા તેની માતા ગયેલા અને ભોગબનનારે જે જગ્યા બતાવેલ તે મહેસાણા ટી.જે.હાઈસ્કુલની સામે મહીલા મંડળના મુખ્ય દરવાજા આગળ જગ્યા બતાવી તે પાકો રોડ આવેલ, ત્યાં

આરોપીએ તેને લાફા મારેલાનુ જણાવેલ, સદર જગ્યાએ પશ્ર્ચિમે કોંગ્રેસ ભવન આવેલ છે. વણીકર કલબની બાજુમાં આવેલ જુની કોર્ટ તરફ જતા ઢાળ ઉપર ગાડી ઉભી રખાવી ત્યાં જોગણી માતાના મંદીર આગળ લીમડાના ઝાડ નીચે એકટીવા ઉભુ રખાવેલ ત્યાં લાફા મારેલાનુ જણાવેલ. બાદ વાહનમાં બેસી આગળ જતાં રાજમહેલ રોડ જનરલ હોસ્પીટલ મહેસાણાના મુખ્ય ગેટ આગળ જગ્યા બતાવી જે જગ્યાએ આરોપીએ ફોન કરી તેના બે મીત્રો સધાનજી તથા બીજો હતો તેણે મો.સા.લઈ બોલાવેલ અને ઝઘડો કરી તેના મીત્રો સામે મને લાફા મારેલા. બાદ વાહનમાં બેસી માનવ આશ્રમ થઈ ગાંધીનગર લીંક રોડ ઉપર ગયેલા અને લાખવડ ગામના પ્રવેશ ધ્વાર આવતાં બાજુમાં એક કાચો માર્ગ આવેલ અને તે તરફ કાચા રસ્તે હંકારી લઈ જઈ પશ્ચિમ દીશાની ઓરડી આગળ આવેલ બોરડીના ઝાડ નીચે જણાવેલ આવેલ તે જગ્યાએ પણ માર મારેલ. આ તમામ જગ્યાએ કોઈ પણ ગુનાને લગત નોધપાત્ર નિશાન જણાયેલ નહી અને ચીજવસ્તુ કબજે કરેલ નથી. સાહેદને નિ. ૬/૮ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે તેમની તથા પંચ નં.ર તરીકે ભગીરથભાઈની સહી છે, જે ઓળખી બતાવી પંચનામું આંક–૬૭ થી રજુ કરેલ છે.

(૨૯.૧) **આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે** ''એ વાત ખરી છે કે પંચમાં રહેવા મને લેખીતમા કોઈ યાદી કરેલ નથી. એ વાત ખરી છે કે પો.સ્ટે.માં આરોપીના કપડા ટેબલ ઉપર પડેલા હતા અને અમને બતાવેલા. એ વાત

ખરી છે કે છરી અને ગાડી આરોપીએ જાતે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે પેન ડ્રાઈવ કોની પાસે બનાવેલી અને કેવી રીતે બનાવેલી તે મને ખબર નથી. એ વાત ખરી છે કે ગુનાવાળી જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે. એ વાત ખરી છે કે આ જગ્યા ઉપર કોઈ લખાણ કરવામાં આવેલ નથી કે સહી કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે બીજી જગ્યા જુની કોર્ટ પાસે આવેલ છે. એ વાત ખરી છે કે જુની કોર્ટ આગળ વકીલોની ઘણી બધી બેઠકો આવેલ છે. એ વાત ખરી છે કે ત્યાં નજીકમાં મામલતદાર કચેરી આવેલ છે. એ વાત ખરી છે કે આ જગ્યા ઉપર લખાણ માં મે કોઈ સહી કરેલ નથી. એ વાત ખરી છે કે ત્રીજી જગ્યા સીવીલ હોસ્પીટલની બાજુમાં આવેલ છે. એ વાત ખરી છે કે આ જગ્યા ઉપર મુખ્ય બસ સ્ટેન્ડ આવેલ છે. એ વાત ખરી છે કે આ જગ્યા ઉપર લખાણમાં કોઈ સહી કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે છેલ્લી જગ્યા મહેસાણાથી ગાંધીનગર જવાનો રોડ આવેલ છે. એ વાત ખરી છે કે તમામ પંચનામામાં સહીઓ પો.સ્ટે.માં આવ્યા બાદ કરેલી.''

(૨૯.૨) **આરોપી નં.૪,૫ તરફે આ સાહેદની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.**

(૩૦) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૯ તરીકે સવાજી રતુજી ઠાકોરને આંક–૭૦** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તા.૧૮/૧૧/૨૪ ના રોજ તેઓ તેમના મજુરીના કામે આઝાદચોકથી પસાર થતા હતા ત્યારે તેમને પોલીસે ઉભા

રાખી તૈયાર લખેલ કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ. શેનું પંચનામું હતુ તેની તેમને ખબર નથી. એવું બનેલ નથી કે તેમની હાજરીમાં કોઇ ઇસમે મોટર સાયકલ રજુ કરેલ હોય અને તે પંચનામાની રૂએ કબજે લેવામાં આવેલ હોય. તેમને નિ.૬/૯ વાળું પંચનામું બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવી પંચનામું આંક–૭૧ થી રજુ કરેલ છે. આ પંચ સાહેદે આંક–૭૧ ના પંચનામાની હકીતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોઇ, સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી, વિગતવાર પુછપરછ કરવા છતાં પણ આંક–૭૧ ના પંચનામાની હકીકતને આ સાહેદે લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**આરોપી પક્ષે આ સાહેદની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.**

(૩૧) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧૦ તરીકે વિજયસિંહ બદાજી ઠાકોરને આંક–૭૫** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તા.૧૮/૧૧/૨૪ ના રોજ તેઓ તેમના મજુરીના કામે આઝાદચોકથી પસાર થતા હતા ત્યારે તેમને પોલીસે ઉભા રાખી તૈયાર લખેલ કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ. શેનું પંચનામું હતુ તેની તેમને ખબર નથી. એવું બનેલ નથી કે તેમની હાજરીમાં કોઇ ઇસમે મોટર સાયકલ રજુ કરેલ હોય અને તે પંચનામાની રૂએ કબજે લેવામાં આવેલ હોય. તેમને આંક–૭૧ વાળુ પંચનામું બતાવતા તેમાં પંચ નં.૨ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. આ પંચ સાહેદે

આંક–૭૧ ના પંચનામાની હકીતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોઇ, સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી, વિગતવાર પુછપરછ કરવા છતાં પણ આંક–૭૧ ના પંચનામાની હકીકતને આ સાહેદે લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**આરોપી પક્ષે આ સાહેદની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.**

**<u>અન્ય સાહેદોનો પુરાવો</u> :–**

(૩૨) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧૧ તરીકે પટેલ કલ્પેશકુમાર અમૃતલાલને આંક–૭૯** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે બનાવ વખતે તેઓ મહેસાણા અર્બન પ્રોગેશીવ ગર્લ્સ હાલસ્કુલમાં આંકડા શાસ્ત્રના વિષયમાં હંગામી શિક્ષક તરીકે કામ કરતા હતા. કલાસ પુરો થયા પછી મહેસાણા ખાતે સિધ્ધપુરી બજારમાં સિધ્ધેશ્વરી ટયુશન કલાસ ચલાવતા હતા. ભોગબનનાર તેમના ત્યાં ટયુશનમાં આવતા હતા. તા.૨૪/૯/૨૪ ના રોજ તેઓ ટયુશન કલાસમાં હતા તે વખતે ભોગબનનારના પિતા રમેશભાઈ કલાસમાં આવેલા અને તેમને કહેલ કે ભોગબનનારને મોકલો જેથી તેઓએ કહેલ કે ભોગબનનાર આજે કલાસમાં આવેલ નથી અને ભોગબનનારની માતાને પણ તેઓએ ફોનમાં જાણ કરેલી. બાદ બપોરે ૧૩.૧૫ વાગે તેઓએ ભોગબનનારની માતાને ફોન કરીને ભોગબનનાર બાબતે પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે તેણી ઘરે આવી ગયેલ છે અને કંઈ બોલતી ચાલતી નથી અને બાદ વાતોવાતથી તેમને

ભોગબનનાર સાથે ખોટુ થયેલાનુ માલુમ પડેલુ. પોલીસે તેમનો જવાબ લીધેલો.

(૩૨.૧) **આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ કરવામાં જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે બનાવના દિવસે ભોગબનનાર ટ્યુશનમાં આવેલ ન હતી પરંતુ તે કયાં ગયેલી તેની તેમને ખબર નથી.''**

**આરોપી નં.૪, ૫ તરફે આ સાહેદની કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.**

(૩૩) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧૨ તરીકે મીત બળદેવભાઈ પટેલને આંક-૮૫** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેમની પાસે આઈ.૨૦ જેનો નં. જી.જે.૨૭ ડી.બી ૦૪૮૦ સફેદ કલરની હતી, જે લઈ તોરણવાળી માતાએ જતા હતા ત્યારે મહીલા મંડળના ગેટ આગળ તેમની ગાડી બગડી ગયેલ હતી. તે વખતે બપોરે સાડા બારેક વાગ્યાના અરસામાં ભોગબનનાર તેમને ઓળખતી હતી તેથી ગાડી આગળ આવી ઉભા રહેવાનું કારણ પુછેલુ જેથી તેઓએ જણાવેલ કે મારી ગાડી બગડી ગયેલ છે. તે વખતે પાછળથી એક ભાઈ આવેલો અને ભોગબનનારને લાફા મારેલા જેથી તેઓ છોડાવવા વચ્ચે પડેલા તો તેમને પણ મારેલ અને તેમને કહેલ કે હવે અહી આવતા નહી તુ કોણ છે જેથી ત્યાં લોકો ભેગા થઈ ગયેલા અને આ આવેલ વ્યકિત ભોગબનનારને પોતાના એકટીવા ઉપર બેસાડી ભોગબનનારને લઈ મહેસાણા મામલતદાર કચેરી તરફ ગયેલા.

પછી તેમની ગાડી ટોઈન કરાવી ગેરેજમાં લઈ ગયેલા. તેમને તથા ભોગબનનારને લાફો મારનાર ભાઈને તેઓએ જોયેલા પણ તે વખતે તેઓ ઓળખતા ન હતા. પછી તેમને ખબર પડેલ કે તેનુ નામ વિજયભાઈ છે. આરોપીને ઓળખતા હોવાનું જણાવી આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. પોલીસે તેમના જવાબો લીધેલા.

(૩૩.૧) **આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ કરવામાં જણાવેલ છે કે** '' ભોગબનનારને હુ બે ત્રણ વર્ષથી ઓળખતો હતો. એ વાત ખરી છે કે બનાવ બન્યો તે અગાઉ મારે ભોગબનનાર સાથે મોબાઈલ ફોન ઉપર વાતોચીતો થતી હતી. એ વાત ખરી નથી કે ભોગબનનાર સાથે મારે પ્રેમ સબંધ હતો. **એ વાત ખરી છે કે બનાવના દિવસે હુ અને ભોગબનનાર જોડે ઉભેલ હતા. એ વાત ખરી છે કે આરોપીએ મને ભોગબનનાર સાથે જોયેલ તેના કારણે ઝઘડો થયેલો. એ વાત ખરી છે કે આરોપીએ સાથે મારે ઝઘડો થયેલ તે બાબતે મે કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીનુ એકટીવા હુ ઉભો હતો ત્યાં પડેલુ. એ વાત ખરી છે કે આરોપી ભોગબનનારને એકટીવા ઉપર મામલદાર કચેરી તરફ લઈ ગયો ત્યારે મે કોઈને જાણ કરેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનાર જે ફરીયાદ કરેલ તે આ ઝધડો થયા પછી કરેલ.**

**આરોપી નં.૪, ૫ તરફે આ સાહેદની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.**

(૩૪) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧૩ તરીકે ગૌતમભાઇ શૈલેષભાઇ પટેલને આંક–૮૬** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે

પોતાના પુરાવામાં જણાવેલ છે કે તા.૨૪/૯/૨૪ ના રોજ તેમનું બાઇક મહેસાણા મુકામે પરા ટાવર ખાતે બગડેલ હતુ, જેથી તેઓ તેમના બનેવી વિક્રમભાઇને ત્યાં ગયેલા ત્યાં તેમની બહેન, બનેવી, ભોગબનનાર અને ભોગબનનારના માતા હાજર હતા. આરોપી વિજયભાઇએ ભોગબનાનર તથા તેની માતાને સમાધાનની વાત કરેલી જેથી દવાડા ગામના પાટીયે સમાધાન માટે તેઓ, તેમના બનેવી, તેમની બહેન, બીજા યોગેશભાઇ તથા ભોગબનાનર અને તેની માતા ગયેલા. ત્યાં વિજયભાઇ હાજર હતા. આ સમાધાનમાં ભોગબનનારના મામાએ વિજય પાસે આશરે બે એક લાખ રૂપિયા માંગેલા જેથી વિજયભાઇની માતાએ કહેલ કે અમારી પાસે પૈસાની સગવડ નથી. આટલું થયેલું. પછી તેઓ ઘરે આવતા રહેલા. પોલીસે તેમનો જવાબ લીધેલો. આરોપી વિજયને ઓળખતા હોવાનું જણાવી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરી વિગતવાર પુછપરછ કરવા છતાં પણ તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતોને તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી.

(૩૪.૧) **આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે** '' એ વાત ખરી છે કે અમે વિક્રમભાઇના ઘરે ગયા ત્યારે વિજય હાજર હતો નહી. એ વાત ખરી છે કે દવાડા પાટીયે ગયા ત્યારે પણ વિજય ત્યાં હાજર ન હતો. એ વાત ખરી છે કે ભોગબનનારના મામાએ વિજયને ફોન કરી દવાડા પાટીએ બોલાવેલો. **<u>એ વાત ખરી છે કે ભોગબનનારના મામાએ વિજયને</u>**

**કહેલ કે બે લાખ રૂપિયા આપી દે નહીતર અમે કેસ કરીશું.** એ વાત ખરી છે કે વિજય પાસે પૈસા ન હતા એટલે પૈસા આપેલા નહી. **એ વાત ખરી છે કે વિજયે આ લોકો પાસે પૈસા માંગેલા હોય તેવું બનેલ નથી.**

**ગેસ્ટહાઉસના માલીક તથા અન્ય સાહેદનો પુરાવો :–**

(૩૫) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧૪ તરીકે કનુભાઇ અંબાલાલ સથવારાને આંક–૮૯** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ ખેરવા મુકામે તેમના પરીવાર સાથે રહે છે અને ખેતીકામ કરે છે. આર્શીવાદ ગેસ્ટ હાઉસ તેમની માલીકીનુ છે. જે ખેરવાથી ગોઝારીયા રોડ ઉપર આવેલ છે અને આ ગેસ્ટ હાઉસ, તેમને તેમની બાયપાસ સર્જરી કરાવેલ હોય, તેમનો દીકરો સંજય, જે આ કામે આરોપી છે તે, ચલાવે છે. તેમની તબીયત સારી ન હોવાથી તેઓ ગેસ્ટ હાઉસમાં આવતા નથી. તેમના ગેસ્ટ હાઉસનો નોંધણી ક્રમાંક નં. ૧૫/૧૩ છે, જે તા. ૩૧/૧૨/૧૪ સુધી રીન્યુ થયેલ હતો. તેમન ગેસ્ટ હાઉસમાં સી.સી.ટી.વી કેમેરા લગાવેલ છે, જેમાં તા.૧૮/૯/૨૪ ના રોજ એક બ્લુ કલરની સ્વીફટ ગાડી આવેલ હોય તેવુ દેખાય છે. આ અંગે પોલીસે તેમનું નિવેદન લીધેલુ.

(૩૫.૧) **આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે** '' એ વાત ખરી છે કે બનાવના ચાર માસ અગાઉથી ટેસ્ટ હાઉસમાં જતો નથી. એ વાત ખરી છે કે અમારા ગેસ્ટ હાઉસમાં ઘણી બધી ગાડીઓ આવતી હોય છે. એ વાત ખરી છે કે

સી.સી.ટી.વી. કેમેરામાં જે ગાડી હતી તે આરોપીની હતી તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે કેમેરામાં આરોપી કે છોકરીને મે જોયેલ નથી.

**આરોપી નં.૪,૫ તરફે આ સાહેદની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.**

(૩૬) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧૬ તરીકે ચૌધરી યોગેશકુમાર શંકરભાઇને આંક–૯૭** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓ ચિત્રોડીપુરા ખાતે તેમના પરીવાર સાથે રહે છે અને ખેતીકામ કરે છે. વિક્રમભાઇ દીપકભાઇ પટેલને તેઓ ઓળખતા નથી અને તેઓ તેમના મિત્ર નથી. તેઓએ તેમને બોલાવેલ નથી અને સમાધાનમાં તેઓ ગયેલ હોય તેવું બનેલ નથી અને તેમની રૂબરૂમાં કોઇ સમાધાનની વાતચીત થયેલ હોય કે ઝઘડો થયેલ હોય તેવું બનેલ નથી. તેઓ આરોપી વિજય કે ભોગબનનારને ઓળખતા નથી. આ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરી વિગતવાર પુછપરછ કરવા છતાં પણ તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતોને તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી.

**આ સાહેદની આરોપીઓપક્ષે કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.**

<u>ત.ક.અધિ.શ્રીઓનો પુરાવો :–</u>

(૩૭) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧૮ તરીકે જીતેન્દ્રકુમાર પીતામ્બરભાઇ સોલંકીને આંક–૧૦૮** થી તપાસવામાં આવેલા છે.

આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તા.૨૬/૯/ ૨૪ ના રોજ તેઓ પી.આઇ. તરીકે મહેસાણા તાલુકા પો.સ્ટે માં ફરજ બજાવતા હતા. દરમ્યાન ફરીયાદી ભોગબનનારે પોતાની ફરીયાદ હકકીત જાહેર કરતાં તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ તેઓએ લખી લીધેલ. તેમને આંક ૧૯ વાળી ફરીયાદ બતાવતા જેમાં તેમની તથા ભોગબનનારની સહી છે જે ઓળખી બતાવેલ છે. આ કામે ફરીયાદ મુજબ મહેસાણા તાલુકા પો. સ્ટે પાર્ટ એ ગુ. ર. નં. ૦૬૭૭ બી.એન.એસ. કલમ ૬૪, ૭૮, ૧૧૫(૨) તથા પોકસો એકટની કલમ ૪,૫(એલ) ૬ અને ૮ મુજબનો ગુનો તેઓએ જાતે મહેસાણા તાલુકા પો.સ્ટે.ક ૨૦.૪૫ સ્ટે.ડા.એન્ટ્રી નં. ૨૩/૨૪ થી રજીસ્ટર કરી આગળની તપાસ સારૂ કાગળો તેઓએ સંભાળેલ, જે ડેપ્યુટ હુકમ નિ.૬/૨ થી રજુ છે. જે આંક-૧૦૯ થી રજુ કરેલ છે. આ કામે ફરીયાદ સાથે જન્મનુ પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ, જે આંક ૯૨ થી રજુ છે. બાદ આ કામે ભોગબનનારને સીવીલ હોસ્પીટલ મહેસાણા ખાતે મેડીકલ તપાસ સારૂ મોકલવામાં આવેલ. બાદ ભોગબનનારે બતાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાએ જઇ બે પંચોને હાજર રખાવી તેઓના લખાવ્યા મુજબનુ પંચનામુ લખી લીધેલ, જે આંક ૪૭ થી રજુ છે. જેમાં તેમની તથા પંચોની સહીઓ છે. આ કામે ભોગબનનારે બનાવ વખતે પહેરેલ કપડા કબજે લેવા સારૂ બે સરકારી પંચોને હાજર રખાવેલ અને તેઓના લખાવ્યા મુજબનું પંચનામુ લખી લીધેલ. જે આંક-૪૮ થી રજુ છે. જેમાં તેમની તથા પંચોની સહીઓ છે. બાદ આ કામે તા ૩૦/૯/૨૪ ના રોજ ભોગબનનારનુ વિશેષ નિવેદન

લીધેલ. બાદ આ કામે સાહેદ કલ્પેશ અમૃતભાઈ પટેલ તથા સાહેદ રશ્મીકાબેન પટેલ શિક્ષકનાઓના નિવેદન લીધેલ. બાદ એફ આઈ આર માં કલમ વધારાનો રીપોર્ટ આપેલ. બાદ માં આ કામે આરોપીઓ વિજય રાવળ, રાહુલ રાવળ સવધાનજી ઉર્ફે ચીન્ટુનાઓને ડી સ્ટાફના કર્મચારીઓ લાવી રજુ કરતાં પંચો રૂબરૂ પંચનામુ કરી અટક કરેલ. બાદ આ કામના આરોપી કુલદીપસિંહ વાઘેલાઓને અત્રેના ડી સ્ટાફના કર્મચારી રજુ કરતાં અટક કરેલ. બાદમાં આરોપી વિજય રાવળની બળાત્કાર લગત મેડીકલ તપાસ કરાવેલ. બાદમાં તા.૨/૧૦/૨૪ ના રોજ આરોપી વિજય રાવળે ગુનામાં ઉપયોગ કરેલ સ્વીફ ગાડી છરી તેમજ કપડા કબજે કરવાના હોઈ પંચો રૂબરૂ કબજે કરેલ. બાદ આ કામના આરોપી સથવારા સંજયકુમાર કનુભાઈ સંચાલક ગેસ્ટ હાઉસમાં સીસીટીવી કેમેરાના વીડીયો પેન્ડ્રાઇવમાં રજુ કરતા હોઈ સરકારી પંચો રૂબરૂ કબજે કરેલા તથા ૬૩(૪)સી નું પ્રમાણપત્ર મેળવેલ બાદમાં ભોગબનનારને એકટીવા ઉપર આરોપી વિજય રાવળ અપહરણ કરી લઇ ગયેલ અને માર મારી છોડી મુકેલ તે જગ્યા બતાવવા માગતી હોઈ પંચો રૂબરૂ પંચનામુ કરવામાં આવેલ. બાદ સાહેદ સહેનાઝબાનુ શેખ, ચંદ્રીકાબેન રમેશજી તથા અન્ય સાહેદોના નિવેદનો લીધેલા. બાદમાં સાહેદ નંદનીબેન પ્રજાપતિ, મીતકુમાર પટેલ, ગૌતમભાઈ પટેલ, માસુમબેન પટેલ, વિક્રમકુમાર પટેલ તથા યોગેશકુમાર ચૌધરીનાઓના નિવેદન લીધેલા. બાદમાં મુદામાલ એફ.એસ.એલ. ખાતે તપાસ સારૂ ગાંધીનગર મોકલી આપવા તજવીજ કરેલ. બાદ તેઓએ લાગતા વળગતા સાહેદોના

નિવેદન લીધેલા. તેમને આંક– ૫૪ બતાવતા જે આરોપી વિજયની શરીરસ્થિતીનુ પંચનામુ છે. જે બે પંચોને હાજર રાખી કરવામાં આવેલ જેમાં તેમની તથા પંચોની સહીઓ છે. સાહેદને આંક–૬૦ બતાવતા જે આરોપી વિજયે બનાવ વખતે પહેરેલ કપડા તથા ગુનાના કે વપરાયેલ છરી તથા ગાડી કબજે કર્યાનું પંચનામુ છે, જેમાં બે પંચોએ તેમના રૂબરૂમાં સહી કરેલ અને તેઓએ સહી કરેલ. તેમને આંક–૬૬ બતાવતા જે ગુનાના કામે ગેસ્ટ હાઉસના સીસીટીવી કુટેજ પેન્ડ્રાઇવમાં લઇ કબજે કરેલ હોઇ, જેનું અસલ પંચનામુ છે. જેમાં તેમની તથા પંચોની સહીઓ છે. સાહેદને નિ. ૬/૧૮ બતાવતા, જે બી.એસ એ.ની કલમ ૬૩ મુજનુ સર્ટી. છે. જે સીસીટીવી કુટેજની પેન્ડાઇવ આરોપીએ તેમની હાજરીમાં આપેલ હોય તેનુ સર્ટી. છે. જેમાં આરોપીની સહી છે. જે આંક–૧૧૦ થી રજુ કરેલ છે. સાહેદને આંક–૬૭ બતાવતા જે ભોગબનનારને આરોપીએ વિજયે માર મારેલ તે જગ્યા ભોગબનનાર શોધી બતાવેલ જે જગ્યાનું પંચનામુ કરેલ જે સદર કામે સામેલ રાખેલ તે તે જ છે. સાહેદે કબજે કરવામાં આવેલ મુદામાલ એફ.એસ.એલ માં મોકલેલ તે રવાનગી પત્રક આંક–૧૧૧,૧૧૩ થી, મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ આંક–૧૧૨,૧૧૪ થી, ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૩૭(૧) પ્રમાણે હથીયાર બંધની જાહેરનામાની નકલ આંક–૧૧૫ થી રજુ કરેલ છે. આ કામના આરોપી રાહુલ રાવળનાઓએ આરોપી વિજય રાવળનાઓને ભોગબનનારને આર્શીવાદ ગેસ્ટ હાઉસમાં રૂમ અપાવવા માટે સંચાલકનો સંપર્ક કરી આપાવેલ હતો. જે

અનુસંધાને સંચાલક તથા મેનેજરના નિવેદન લીધેલા. આરોપી કુલદીપસિંહનાઓ વિજય રાવળનાઓની મીત્રતા કરાવેલ હોય તેમજ અંગ્રેજીમાં ટાઈપીંગ પોતે વિજય બનીને કરતા હોઈ તથા આરોપી સવધાનજી ઉર્ફે ચીંન્ટુનાઓ મારા મારીનો બનાવ બનેલ તે સમયે સાથે ગયેલ હોય ને તેના વાડામાં લઈ ગયેલ હોય અને જયારે વિજરા રાવળ ભોગબનનારને બીજા સાથે કેમ વાત કરે છે. તેમ કહી માર મારતો હોઈ તે સમયે સવધાનજી પણ મારવા માટે જણાવતો હોય તેમજ સથવારા સંજયભાઈનાઓના સંચાલક અવાર નવાર ગેસ્ટ હાઉસ માટે રૂમ કોઈ પણ આઈ.ડી વગર ભોગબનનાર પુખ્ત વયની ન હોય તેમજ છતાં આપતા હોય, આરોપીઓને અટક કરેલ. બાદમાં તેમની તા.૧૭/ ૧૦/૨૪ ના રોજ મહેસાણા તાલુકા પો.સ્ટે થી એલસીબીમાં થતાં, આગળની તપાસ પી.આઈ. ડી.જી. બડવાનાઓને સોંપેલ. જે આરોપીઓને તેઓએ અટક કરેલા તે આરોપીઓને ઓળખતા હોવાનું જણાવી આરોપીઓ પૈકી વિજય રાવળ ના.કોર્ટમાં હાજર હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૩૭.૧) **આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે** '' એ વાત ખરી છે કે ભોગબનનાર જયારે ફરીયાદ કરવા મારી સમક્ષ આવી ત્યારે તેના માતા પિતા હાજર હતા. એ વાત ખરી નથી કે ફરીયાદ આપવા આવ્યા ત્યારે આમ આદમી પાર્ટીના નેતા પણ હાજર હતા. એ વાત ખરી નથી કે ફરીયાદની હકકીત નેતા અને તેની માતાએ લખાવેલી. એ વાત ખરી છે કે <u>**ભોગબનનારે ફરીયાદ આપી તેના ૩ મહીના પહેલા બનાવ બનેલ**</u>

**<u>હોવાનુ જણાવેલ હતુ.</u>** સાહેદ સ્વચેછાએ જણાવે છે કે તા. ૨૪/૯/૨૪ ના બપોરના બે વાગ્યા પહેલાથી ત્રણેક માસ અગાઉ બનેલ હોવાનુ જણાવેલ. **એ વાત ખરી છે કે <u>ભોગબનનારે જે ફરીયાદ આપેલ તેમાં બનાવ ચોકકસ કઈ તારીખે ક્યા મહીનામાં બનેલ તેવી કોઇ હકીકત જણાવેલ ન હતી</u>. એ વાત ખરી છે કે ભોગબનનારે જે <u>ફરીયાદ આપેલ તેમાં રાહુલ અને ચીંન્ટુનુ નામ જણાવેલ ન હતુ.</u> એ વાત ખરી છે કે <u>મારી સમગ્ર તપાસ દરમ્યાન ભોગબનનાર પાસે કોઈ મોબાઇલ કબજે કરેલ નથી.</u>** એ વાત ખરી છે કે **<u>ભોગબનનારે અપહરણ કરી લઇ ગયેલ હોવાની જે હકીકત જણાવેલ તે જગ્યા મામલતદાર કચેરી અને જુની કોર્ટની નજીકમાં આવેલ છે. એ વાત ખરી છે કે જુની કોર્ટ અને મામલતદાર કચેરીમાં ધણા બધા માણસોની હાજરી હોય છે</u>.** એ વાત ખરી છે કે આ જગ્યાની બીલકુલ નજીક સહેનાઝબાનુ મહંમદભાઈ શેખની ચા ની કીટલી આવેલ છે. એ વાત ખરી નથી કે આ કામે મે શહેનાઝબાનુનુ કોઇ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારે તપાસ દરમ્યાન તેની સાથે રૂમ નં.૬ માં બનાવ બનેલાની હકીત જણાવેલ હતી.

સવાલ:- આપની તપાસ દરમ્યાન આપે ગેસ્ટહાઉસનુ રજીસ્ટર કબજે કરેલ તેમાં આરોપી અને ભોગબનનાર રહેલ હોય તેવો કોઈ પુરાવો મળિ આવેલ નથી.

જવાબ:- એ વાત ખરી છે કે **<u>તપાસ દરમ્યાન કબજે કરેલ રજીસ્ટરમાં ભોગબનનાર તથા આરોપીની એન્ટ્રી નથી. સાહેદ</u>**

**<u>સ્વેચ્છાએ જણાવે છે કે સંચાલકનાઓએ રાહુલ રાવળના કહેવાથી રૂમ આપેલો જેથી પોતે આ બાબતે કોઇ એન્ટ્રી કરેલ ન હતી.</u>**

એ વાત ખરી છે કે **<u>રાહુલ રાવળના કહેવાથી એન્ટ્રી કરેલ રૂમ આપેલ હોય તે બાબતે આરોપીના નિવેદન સીવાય બીજો કોઇ પુરાવો નથી. એ વાત ખરી છે કે મે રાહુલ રાવળ અને હોટલના સંચાલક સાથે વાતચીત થતી હોઇ તે બાબતે મે આ બંને પૈકી કોઇના મોબાઇલ કબજે કરેલા નથી.</u>**

સવાલ:- બનાવના સમયગાળા દરમ્યાન આરોપી વિજયની હાજરી બનાવના સ્થળે હતી બાબતે આપે આરોપીના મોબાઇલનુ લોકેશન મેળવેલ નથી.

જવાબ:- એ વાત ખરી નથી કે આરોપી વિજયની હાજરીના સ્થળેથી સી.ડી.આર મેળવેલ નથી.

સવાલ:- આપે સી.ડી.આર. મેળવેલ હોય તો તપાસના કામે સામેલ રાખેલ નથી.

જવાબ:- મે ચાર્જશીટ કરેલ નથી.

એ વાત ખરી નથી કે આ કામે તમામ પંચનામા જાતે તૈયાર કરી પંચોની સહીઓ લીધેલ છે. એ વાત ખરી નથી કે તમામા સાહેદોના નિવેદન ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલા. હવે સાહેદ જણાવે છે કે આ કામના આરોપી વિજય રાવળના મોબાઇલ નં.૯૫૩૭૮૩૬૧૮૪ અને ૭૨૦૧૮૩૨૫૨૩ તથા ફરીયાદીના પિતા જે મોબાઇલ ફોન ભોગબનનાર આરોપી સાથે વાત કરતી હતી તે મોબાઇલ નં. ૯૭૨૪૧૭૨૧૫૯ તથા આશીવાદ હોટલના મેનેજરનો મો.નં. ૬૩૫૨૭૧૦૫૨૫ તથા રાહુલ રાવળ

મો.નં.૭૯૮૪૦૬૧૩૨૪ ના મોબાઈલ નંબરની સીડીઆર ફોર્મ ભરી પો.સ્ટે.ના જા.નં. ૬૨૧૭/૨૪ તા.૨૭/૯/૨૪ થી નોડલ ઓફીસરનાઓને સીડીઆર મેળવવા માટે રીપોર્ટ મોકલી આપેલ. એ વાત ખરી છે કે **મો.નં. ૯૭૨૪૧૭૨૧૫૯ વાળો નંબર ભોગબનનારના પિતાનો છે.** **એ વાત ખરી છે કે ભોગબનનારે મારી રૂબરૂમાં જે ફરીયાદ અને નિવેદન આપેલા તેમાં તેણીનો મો.નં. ૭૦૧૬૪૨૫૯૦૦ લખાવેલ છે.** એ વાત ખરી છે કે **આ કામે મે આ નંબરનો કોઈ સીડીઆર મંગાવેલ નથી.''**

(૩૭.૨) **આરોપી નં.૪ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે '' એ વાત ખરી છે કે વિજય રાવળના મોબાઈમાં કોઈ મેસેજ કે ચેટીંગ મળિ આવેલ નથી.** એ વાત ખરી છે કે જો કોઈ મોબાઈમાંથી મેસેજીસ કે વોટસઅપ ચેટ ડીલીટ કરવામાં આવેલ હોય તો તે મોબાઈલને એફ.એસ.એલ માં મોકલીને ડીલીટ થયેલા મેસેજ ને વોટસઅપ ચેટ પરત મેળવી શકાય છે. **એ વાત ખરી છે કે ભોગબનનારે મારી રૂબરૂ તેણીનો કોઈ મોબાઈલ રજુ કરેલ નથી.** એ વાત ખરી છે કે ભોગબનનારે મારી રૂબરૂમાં આપેલ ફરીયાદમાં તથા તા. ૨૭/૯/૨૪, ૩૦/૯/૨૪ તથા તા.૫/૧૦/૨૪ ના રોજ આપેલ વિશેષ નિવેદનમાં આરોપી કુલદીપ વિજય રાવળ બનીને કે વિજય રાવળના કહેવાથી ભોગબનનાર સાથે ચેટીંગ કરતો હોય તેવી વિગત જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી રૂબરૂની તપાસમાં આરોપી કુલદીપ

ભોગબનનાર સાથે કોઈ પણ પ્રકારે ચેટીંગ કરતો હોય તેવી કોઈ વિગત ખુલવા પામેલ નથી.''

(૩૭.૩) **આરોપી નં.૫ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે**

'' એ વાત ખરી છે કે ભોગબનનારની ફરીયાદમાં કોઈ ગેસ્ટહાઉસનુ નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં આરોપી કે ભોગબનનારનુ કોઈ જગ્યાએ નામ નથી. એ વાત ખરી નથી કે પંચનામા જાતે તૈયાર કરી પાછળથી પંચોની સહીઓ કરેલી. એ વાત ખરી છે કે આ ગુનાની ફરીયાદ મે લીધેલ અને મોટા ભાગની તપાસ પણ મે કરેલી.''

(૩૮) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧૯ તરીકે બડવા દીલીપકુમાર ગાંગાભાઈને આંક–૧૩૨** થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે તા.૧૭/૧૦/ ૨૪ ના રોજ આ ગુનાની તપાસ સંભાળવામાં આવેલ. આ કામે મુદામાલ પૃથ્થકરણ સારૂ એફ.એસ.એલ ખાતે મોકલવામાં આવેલ. બાદ આ કામે સાહેદ સુરેશભાઈ માનસંગભાઈ ચૌધરી, સબ રજીસ્ટાર નગરપાલીકા મહેસાણાનાઓનુ જન્મ પ્રમાણપત્ર ખરાઈનુ નિવેદન લેવામાં આવેલ. બાદ આ કામે વપરાયેલ મો.સા. જી.જે.૦૨ સી.કયુ ૭૫૭૯ વાળુ બે પંચોની હાજરીમાં પંચનામાની રૂએ કબજે કરવામાં આવેલ. બાદ આ કામે સાહેદ અસ્વીનજી અમરતજી ઠાકોરનુ નિવેદન લીધેલ. બાદ આ કામે સાહેદ મીતકુમાર બળદેવભાઈ પટેલનુ નિવેદન લીધેલ. બાદ આ કામે આરોપીના એન્ડ્રોઈડ મોબાઈલ ફોનમાંથી વોટસઅપ ચેટ ડીલીટ થયેલ હોય

જે રીકવરી માટે એફ.એસ.એલ ખાતે મોકલી આપવામાં આવેલ. બાદ આ કામે ભોગબનનાર આરોપી સાથે જે મોબાઇલ ફોનથી ચેટ કરતી હોઇ તે પો.સ્ટે.આવી રજુ કરતાં બે પંચોની હાજરીમાં પંચનામાની રૂએ કબજે કરવામાં આવેલ. બાદ આ કામે રીકવરી માટે એફ.એસ.એલ ખાતે મોકલી આપવામાં આવેલ. બાદ આ કામે ભોગબનનાર નિવેદન લીધેલ. બાદ આ કામે તમામ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોઇ નામ.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. આરોપી નં. ૪ કુલદીપસિંહ બકુલસિંહનાઓએ મુખ્ય આરોપી વિજય રાવળનાઓની ભોગબનનાર સાથે મુલાકાત કરાવેલી તેમજ ભોગબનનાર તા.૨૯/૧૧/૨૪ ના રોજના નિવેદન મુજબ કુલદીપસિંહ વિજય રાવળના નામથી તેની સાથે ચેટ કરતો હતો. આરોપી નં.૨ રાહુલભાઈ અશોકભાઈ રાવળ અને આરોપી નં.૫ સથવારા સંજયભાઇ કનુભાઇનાઓએ મુખ્ય આરોપી વિજય રાવળ ખેરવા નજીક આર્શીવાદ ગેસ્ટ હાઉસમાં રૂમની વ્યવસ્થા કરી મદદગારી કરેલ. આરોપી નં.૩ સવધાનજી ઉર્ફે ચીન્ટુનાઓએ ભોગબનનારને વાડામાં લઈ જઇ ગડદાપાટુનો માર મારેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. આરોપી નં. ૧ વિજયભાઇ કરશનભાઇ રાવળનાઓએ ભોગબનનાર તા. ૨૪/૯/૨૪ ના રોજ બે વાગ્યા પહેલા ત્રણેક માસ અગાઉના વચ્ચેની કોઇ પણ તારીખ ભોગબનનારને અનઇચ્છા વારંવાર પીછો કરી ડરાવી, ધમકાવી, લાફટ ઝાપટ કરી અવાર નવાર આર્શીવાદ ગેસ્ટ હાઉસમાં લઇ જઇ મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધેલ. સાહેદને નિ. ૬/૨૪ બતાવતા જે રવાનગી

નોંધની સ્થળપત્ર છે, જેમાં તેમની સહી ઓળખી બતાવી આંક–૧૩૩ થી રજુ કરેલ છે. સાહેદને નિ. ૬/૨૫ બતાવતા જે મુદ્દામાલ પહોચ છે, જે આંક–૧૩૪ થી રજુ કરેલ છે. સાહેદને નિ. ૬/૨૬ બતાવતા જે એફ.એસ.એલ નો પત્ર તથા બાયોલોજી તથા સીરોલોજી વિભાગનો રીપોર્ટ છે, જે સંયુકત આંક–૧૩૫ થી રજુ કરેલ છે.

(૩૮.૧) **આરોપી નં.૧ થી ૩ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં** સવાલ પુછવામાં આવેલ છે કે સવાલ:– ચાર્જશીટ કરતા સમયે તમે તપાસના કાગળો જોયેલા તેમાં આરોપી અને ભોગબનનાર હોટલમાં રોકાયેલ હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો મળિ આવેલ નથી.

જવાબ:– એ વાત ખરી નથી.હોટલના સીસીટીવી મળેલા છે.

સાહેદે ઉલટતપામાં જણાવેલ છે કે ''એ વાત ખરી નથી કે હુ સીસીટીવી કુટેજમાં ભોગબનનાર કે આરોપીને ઓળખી શકુ નહી. સાહેદ જણાવે છે કે **સીસીટીવીમાં સ્પષ્ટ જણાતુ નથી**. એ વાત ખરી છે કે સીસીટીવી કુટેજ દરમ્યાન અન્ય પણ ધણા બધા વ્યકિતઓ ત્યાં હાજર હોય તેવું જોવા મળેલ. એ વાત ખરી છે કે તે અન્ય વ્યીકતઓ કોણ હતા તે અંગે કોઇ તપાસ કરેલ નથી. **એ વાત ખરી નથી કે સીસીટીવીમા સ્પષ્ટ દેખાતુ ન હોઈ હુ ભોગબનનાર અને આરોપી હતા તેવુ કહી શકુ નહી.''**

(૩૮.૨) **આરોપી નં.૪ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે** '' એ વાત ખરી છે કે આ કામે ચાર્ઝશીટ મે દાખલ કરેલ છે. **એ વાત ખરી છે.કે ચાર્જશીટ કર્યુ ત્યાં સુધી ભોગબનનાર અને કોઇ**

**પણ આરોપી વચ્ચે થયેલ ચેટ અમોને મળિ આવેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારનો મોબાઈલ મે ચાર્જશીટ ફાઇલ કયુ પછી કબજે લીધેલ.** એ વાત ખરી છે કે અમોએ ચાર્ઝશીટ દાખલ કયા" પછી ભોગબનનારને મોબાઇલ કબજે લેવા માટે કોર્ટ પાસેથી ફરધર ઈન્વેસ્ટીગેશન અંગેની કોઈ પરવાનગી મેળવેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારના મોબાઇલ કબજે કયાનુ પંચનામુ અમારી રૂબરૂમાં થયેલુ. **એ વાત ખરી છે કે અમારા રૂબરૂ થયેલ ભોગબનનારના મોબાઈલના પંચનામા દરમ્યાન ભોગબનનારનુ કોઈ પણ આરોપી સાથેનુ કોઈ ચેટ મળિ આવેલ નથી. એ વાત ખરી છે કે અમારી તપાસ દરમ્યાન ભોગબનનાર સાથે કયા નંબર ઉપર થી ચેટ થયેલ તે વિગત ખુલેલી નથી.** એ વાત ખરી છે કે ભોગબનનારનો મોબાઈલ ફોન તેઓની પોતાની કસ્ટડીમાં હતો.

**કોર્ટ તર્ફે" સવાલઃ- ચાર્ઝશીટ પહેલા તપાસ દરમ્યાન તમોએ ભોગબનનારનો મોબાઈલ કેમ કબજે લીધો નહી ?**

**જવાબઃ- ચાર્ઝશીટ પહેલા ફરીયાદી અને ભોગબનનારને વારંવારને મોબાદ ફોન રજુ કરવા માટે જાણ કરેલી. ભોગબનનારે ફરીયાદીએ તે મોબાઈલ રજુ કરેલ નહી.**

(૩૮.૩) **આરોપી નં.પ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં** જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે આ કામની મોટાભાગની તપાસ સોલંકી સાહેબે ક છે. એ વાત ખરી છે કે ગેસ્ટ હાઉસના ચોપડામાં આરોપીનુ કે ભોગબનનારે રાખેલ હોય તેની કોઈ નોધ જણાઈ આવતી નથી.

સવાલ: આરોપી તથા ભોગબનનારની ગેસ્ટ હાઉસમાં હાજરી હોય તેવો કોઇ પુરાવો તમને મળેલ નથી?

જવાબ: મારા અગાઉના આઇ.ઓ. એ ગેસ્ટ હાઉસના સી.સી.ટી.વી. ફુટેજ મેળવેલા છે.

સવાલ: એ સી.સી.ટી.વી. ફુટેજમાં આરોપી કે ભોગબનનાર દેખાય છે કે નહી એ તમે કહી શકો?

જવાબ: **સ્પષ્ટ દેખાતુ નથી. પરંતુ કોઇ છોકરો કે છોકરી ગાડીમાંથી ઉતરતા દેખાય છે.**

ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે '' **એ વાત ખરી છે કે સી.સી.ટી.વી. ફુટેજમાં ગેસ્ટ હાઉસનું નામ દેખાતું નથી. એ વાત ખરી છે કે આ સી.સી.ટી.વી. ફુટેજમાં ગાડીનો નંબર દેખાતો નથી.** ''

(૩૯) હાલના કામે આરોપીઓ સામે એ મતલબનું તહોમત મુકવામાં આવેલ છે કે, આરોપી નં.૪ કુલદિપસિંહ બકુલસિંહ નાઓએ આરોપી નં.૧ વિજય કરશનભાઇ રાવળનાઓની ફરીયાદી/ ભોગબનનાર ઉંમર ૧૬ વર્ષ, ૪ માસ અને ૨૭ દિવસની સગીર વયની સાથે મુલાકાત કરાવી આપી, ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં આરોપી નં.૧ નાઓની મદદગારી કરી, ભોગબનનારને લચાવવા સારૂ આરોપી નં.૧ વતી પોતે ભોગબનનાર સાથે મોબાઇલ ચેટીંગથી વાતચીત કરી તેમજ આરોપીઓએ તા.૧૩/૦૯/૨૦૨૪ ના રોજ ભોગબનનારનો પીછો કરી, અર્બન સ્કુલ આગળ સાહેદ મીત બળદેવભાઇ સાથે

વાતચીત કરતા સમયે બપોરના સાડા બાર વાગ્યાના સમયે આરોપી નં.૧ વિજય રાવળે આવી, ફરીયાદી તથા સાહેદ મીતને ગડદા પાટુનો માર મારી, ફરીયાદીને એકટીવામાં બેસાડી, જુની કોર્ટ રાજમહેલ અને ત્યાંથી સીવીલ આગળ રોડ ઉપર લઇ જઇ, ગડદા પાટુનો માર મારી, ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં આરોપી નં.૧ વિજય રાવળે તથા આરોપી નં.૩ સવધાનજી ઉર્ફે ચિન્ટુ હરીજીનાઓ ભોગબનનારને મહેસાણાથી જબરજસ્તીથી અપહરણ કરી, એકટીવા ઉપર ગુંજાળા રોડ ઉપર લાખવડ ગામની સીમમાં આરોપી નં.૩ સવધાનજી ઉર્ફે ચિન્ટુના વાડામાં લઇ જઇ, ગડદા પાટુનો માર મારી અને કોઇને કહેશે તો જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપી તેમજ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં આરોપી નં.૧ વિજય રાવળે તા.૨૪/૯/૨૪ ના બપોરના બે વાગ્યા પહેલાથી ત્રણેક માસ અગાઉના વચ્ચેની કોઇપણ તારીખ અને સમયે ફરીયાદી/ભોગબનનારની સ્પષ્ટ અનિચ્છા હોવા છતાં પોતાનું વ્યકિતગત હિત સાધવાના હેતુથી પીછો કરી, ભોગબનનારને ડરાવી, ધમકાવી ગાડીમાં બેસાડી લાપટ ઝાપટ કરી, અવાર નવાર ખેરવા નજીક આવેલ આશીર્વાદ ગેસ્ટહાઉસમાં લઇ જઇ, દારૂ પીવડાવી, સગીર વયની ભોગબનનારની મરજી વિરૂધ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર કરી તેમજ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં આરોપી નં.૨ રાહુલ અશોકભાઇ તથા આરોપી નં.૫ સથવારા સંજયકુમાર કનુભાઇ નાઓએ ખેરવા નજીક આશીર્વાદ ગેસ્ટહાઉસમાં રૂમની

વ્યવસ્થા કરી આપી, ગુનો કરવામાં મદદગારી કરી તેમજ ફરીયાદી/ભોગબનનાર અને સાહેદોને આરોપી નં.૧ વિજય રાવળે સમાધાન સારૂ બોલાવી, છરો લઇ આવી જાનથી મારી નાખવાની ધમકી આપી, જીલ્લા મેજી.શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, **બી.એન.એસ. ની કલમ– ૬૪(૨)(એમ),૭૮,૧૧૫(૨), ૧૩૭(૨), ૩૫૧(૩), ૫૪, ૧૨૩ તથા પોકસો એકટની કલમ–૪,૫(એલ), ૬,૮,૧૭ તથા જી.પી. એકટની કલમ–૧૩૫** મુજબના સજાને પાત્ર ગુનાઓ કર્યા છે.

(૪૦) આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષના મહત્વના સાહેદ એ ભોગબનનાર છે તેથી ભોગબનનારના પુરાવાનું મુલ્યાંકન કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાતો ધ્યાનમાં લઈને કરવાનું રહે છે. ભોગબનનારનો પુરાવો ફરીયાદપક્ષે આંક–૧૮ થી રજુ થયેલ છે.

ભોગબનનારની સમગ્ર જુબાની ધ્યાને લેતાં, ભોગબનનારે ડોકટર રૂબરૂ આપેલ હીસ્ટ્રી, મેજીસ્ટ્રેટશ્રીની સમક્ષ નોંધાવેલ આંક–૧૯ થી રજુ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૪ હેઠળનું નિવેદન અહીયાં દર્શાવવું જરૂરી છે, જે નીચે મુજબ :–

| **ભોગબનનારની ડોકોટરશ્રી સમક્ષની હીસ્ટ્રી** | **ભોગબનનારે આંક–૧૯ ના બી.એન.એસ. એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનમાં જણાવેલ હકીકતો** |
|---|---|
| ''તા.૨૫/૬/૨૪ ના રોજ પહેલી વખત વિજય રાવળ નામના યુવક સાથે મુલાકત થઈ હતી. ત્યાર બાદ તા.૧૩/૯/૨૪ ના રોજ મે મરજીથી | ''બનાવ ૧૩–૯–૨૪ ના રોજ સવારે હું સ્કુલ માટે ઘરેથી નીકળી મારા ફ્રેન્ડના ઘરે ગયેલ અને સ્કુલ ગયેલ ન હતી. સાડાબારે હું સ્કુલ આગળ ગયેલ ત્યારે મે |

વિજય રાવળ સાથે સંબંધ બાંધ્યો હતો. ત્યાર બાદ તેને સ્કુલમાં તથા જુની કોર્ટ પાસે માર મારી પછી સીવીલવાળા રોડ ઉપર તેની સાથે તેના મીત્ર લાખવાળા રોડ ઉપર લઈ ગયા હતા. ત્યા આગળ પણ માર મારેલ હતો. ત્યાર બાદ રે મોકલી દીધી હતી. પછી રોજ સ્કુલમાં હેરાન ગતી વિજય દ્વારા કરવામાં આવતી હતી. તેના દ્વારા વીડીયો વાયરલ કરવાની ધમકીઓ આપવામાં આવતી હતી તથા મારવાની ધમકીઓ આપવામાં આવતી હતી. વિજય મને અવાર નવાર ગેસ્ટ હાઉસમાં દારૂ પીવડાવીને સંબંધ બાંધતો હતો. છેલ્લે વિજય તા.૨૪/૯/૨૪ ના રોજ મારી મરજી વિરૂધ્ધ કારમાં લઈ જઈને સંબંધ બાંધ્યો હતો''.

ગાયનેક વિભાગના ઓપીનીયન પ્રમાણે ભોગબનનારે જાતે હીસ્ટ્રી આપેલ હતી, સ્ટાફ નર્સની હાજરીમાં અને વુમન પોલીસ કોન્સ્ટે.ની હાજરીમાં હીસ્ટ્રી તથા શારીરીક તપાસ થયેલી. સંભોગની હીસ્ટ્રીમાં પહેલો સંભોગ મરજીથી વિજય ધ્વારા તા.૨૫/૬/૨૦૨૪ ના રોજ કોન્ડમ વગર લગ્નની લાલચ આપીને કર્યો હતો ત્યારબાદ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી હતી, છેલ્લો સંભોગ તા.૨૪/૯/૨૦૨૪ ના રોજ મરજી વિરૂધ્ધ સ્વીફ્ટ કારમાં મહેસાણા બજારમાં બપોરે સાડા બાર

રીલેટીવને જોયેલ જે અમારા સમાજનો છોકરો છે જેનુ નામ મીત પટેલ છે. એમને મે પુછ્યુ એટલે તેમને કહેલ કે મારી કાર બગડેલ છે. પછી ત્યાં વિજય રાવલ કરીને એકટીવા હતુ ત્યાં અમને બંન્નેને જોયા અને મારઝુડ કરવા લાગેલા. મીતે કીધુ કે તુ એમને શું કરવા મારે છે તેમને ઘરે જવા દે, તો વિજય કહેવા લાગેલ કે તારે નહિ જોવાનુ તું અહીંથી જતો રહે. ત્યાંથી વિજય મને જુનો કોર્ટ આગળ લઈ ગયેલ ત્યાં મારી સાથા મારઝુડ કરેલ ત્યાંથી સીવીલ વાળા રોડ ઉપર લઈ ગયેલ ત્યાં પણ મારઝુડ કરી પછી અને એના ફ્રેન્ડને ફોન કરીને બોલાવેલ એનો ફ્રેન્ડ ચીન્ટુ અને એના બે મિત્રો ત્યાં આગલ આવેલા પછી ત્યાંથી મને લાખવડ ગુંજાળા રોડ ઉપર ચિન્ટુનો વાડો આવેલ છે ત્યાં લઈ ગયેલા. ત્યાં પણ મને મારવા લાગેલ અને એના ફ્રેન્ડો બધા એમ કહેતા કે હજુ માર માર અને વિજય મને વધુ મારવા લાગેલ. ત્યારપછી વિજય મને સ્કુલેથી નિકળતા ધમકીઓ આપવા લાગેલ કે હું તારા ફોટા અને વીડીયો વાયગલ કરી દઈશ. જબરજસ્તીએ મને સ્વીફ્ટ બ્લુય કલરની ગાડીમાં બેસાડી ખેરવા ગેસ્ટ હાઉસમાં લઈ ગયેલ. જબરજસ્તી દારૂ પીવડાવેલ, બળાત્કાર કરેલ. ટયુશનનો છુટવાનો ટાઈમ હોય ત્યારે મને ઘરે મુકી આવેલ. અવાર નવાર મારી સાથે આવી ધમકીઓ આપેલ કે ફોટા અને વીડીયો વાયરલ કરી દઈશ તેવી ધમકી આપીને મને દસ બાર વખત ગેસ્ટા હાઉસમાં લઈ જઈને

| | |
|---|---|
| વાગ્યે કોન્ડમ વગર વિડીયો વાયરલ કરવાની ધમકી આપીને કર્યો હતો. સીમેન ઈમીશન–આઉટ સાઈડ વજાઈના ઓવર બોડી, લુબ્રીકન્ટસની હાજરી ન હતી, ભોગબનનારના શરીરમાં નાશાના તત્વો–છેલ્લા સંભોગમાં ન હતા પરંતુ પહેલાના સંભોગ વખતે દારૂ પીવડાવેલ હતો (જબરજસ્તીથી અમુક–અમુક વખત), ટોટલ સંભોગ પંદર વખત કોન્ડમ વગર કરેલો. | જબરજસ્તી બળાત્કાર કરેલ. જયારે મને ઘરે મોકલતો ત્યારે મને ધમકી આપતો કે જો કોઈને આ વાત કરીશ તો હું તને અને તારા મમ્મી પપ્પાને જાનથી મારી નાંખીશ અને તારા ફોટા આવે વીડીયો વાયરલકરી દઈશ. હું ગભરાઈ ગયેલ હતી અને બીકના લીધે મે મારા ઘરે કોઈને વાત કરેલ નહિ. તેથી અવાર નવારા આ રીતે ટોર્ચર કરતો. એક દિવસ ટયુશનમાં લેટ થવાથી મમ્મીએ પુછેલ કે કેમ લેટ થયુ તો મે મમ્મીને વાત કરેલ કે ઓક છોકરો મને ટોર્ચર કરે છે પછી રાત્રે બધા ભેગા થઈ વિજયે અમને ભાન્ડુ સમાધાન માટે બોલાવેલ ત્યાં આગળ મારી મમ્મીને કહેલ કે તારી છોકરીની કિંમત બોલ જેટલા પૈસા માંગીશ તેટલા પૈસા આપી દઈશ. મમ્મીએ કીધુ કે એક તો તુ ગુનો કરે છે અને ભાલતોલ કરે છે. પછી એને છરો કાઢીને મારી મમ્મીને મારવા ગયો હતો. આ છોકરો મને અવાર નવાર એવી ધમકી આપે છે કે પોલીસ અને કોર્ટ મારૂ ભરણ ખાય છે મારૂ શું ઉફાડી લેશે. પછી ત્યાંથી અમે ઘરે આવી ગયેલા. અવાર નવાર ફોન કરી હજી પણ ધમકીઓ આપે છે. આ સિવાય મારે કંઈ કહેવું નથી. '' |

આમ, ભોગબનનારની ડોકટરશ્રી રૂબરૂની હીસ્ટ્રી, મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂનું નિવેદન અને કોર્ટ રૂબરૂનું નિવેદનમાં ખુબજ ગંભીર વિસંગતતાઓ જોવા મળે છે. વધુમાં આ કામે ગુનાની તપાસ કરનાર અમલદારે ભોગબનનારના તા.૨૭/૯/૨૪, તા.૩૦/૯/૨૪, તા.૫/૧૦/૨૪ ના રોજ લીધેલ નિવેદનો

ધ્યાને લેતાં, ફરીયાદ હકીકત સાથે ભોગબનનારનો પુરાવો ધ્યાને લેતાં ભોગબનનારે પોતાના પુરાવામાં વધારાની હકીકતો જણાવેલી છે, પુરાવામાં વિરોધાભાસ છે. જે બચાવપક્ષે ઉલટતપાસ દરમ્યાન પુરવાર કરેલ છે તેમજ ત.ક.અધિ.શ્રી જીતેન્દ્રકુમાર પિતાંબરભાઇના પુરાવાથી પણ આ વિરોધાભાસ પુરવાર થયેલ છે.

આ સમગ્ર ગુનાની સૌપ્રથમ ગુનો બનેલાની હકીકત ભોગબનનારના કહેવા પ્રમાણે તા.૨૪/૯/૨૦૨૪ ના રોજ બનેલો છે. ભોગબનનારે ફરીયાદમાં જે હકીકત લખાવેલ છે તે હકીકત મુજબ આ કામના આરોપી નં.૧ વિજય રાવળે તેના ઉપર બળાત્કાર કરેલાની હકીકત લખાવેલી છે. ફરીયાદ મુજબ જોઇએ તો આરોપી નં.૧ ના એ બળાત્કાર ભોગબનનારને કોઇ ગેસ્ટહાઉસમાં લઇ જઇને કરેલ છે. સદરહું ફરીયાદમાં ભોગબનનાર તરફે એવી હકીકત પણ લખાવવામાં આવેલ છે કે વિજય રાવળે ભોગબનનાર સાથે મિત્રતા ફોનના માધ્યમથી કરવામાં આવેલી. પુરાવામાં ભોગબનનાર તથા તેની માતાએ જુબાની આપી જણાવેલ છે કે ભોગબનનાર સાથે મોબાઇલ પર વિજય રાવળ પોતાના મોબાઇલથી ચેટીંગ કરતો હતો અને ફોન ઉપર વાત કરતો હતો. આરોપી નં.૨ અને ૩ નાઓએ ભોગબનનારને મારઝુડ કરી તેમજ આરોપી નં.૨ રાહુલને આશીર્વાદ ગેસ્ટહાઉસમાં પોતાની ઓળખાણ હોવાથી વિજય રાવળને રૂમ અપાવેલ છે અને વિજય રાવળે દસથી પંદર વખત આશીર્વાદ ગેસ્ટહાઉસમાં ભોગબનનારને લઇ જઇને ભોગબનનાર ઉપર બળાત્કાર ગુજારેલ છે. આ હકીકત

પુરવાર કરવા માટે પોલીસે કોઇ સ્વતંત્ર સાહેદો તપાસેલા નથી. સરકાર પક્ષ તરફે દલીલ કરવામાં આવેલ છે કે આવા કેસોમાં કોઇ સ્વતંત્ર સાહેદ મળી આવે તે શકય નથી અને ભોગબનનારની જુબાની ઉપર કોર્ટે આધાર રાખવાનો હોય છે અને ભોગબનનારે પોતે જુબાની આપેલ છે જેનાથી આરોપીઓ સામે તહોમત પુરવાર થાય છે. ફરીયાદપક્ષ તરફે આ દલીલ ગ્રાહય રાખવા પાત્ર છે કે નહી તે નકકી કરવા ભોગબનનારના સ્ટેટમેન્ટ ફરીથી જોવું જરૂરી બને છે. ઉપર ભોગબનનારનો પુરાવો, ભોગબનનારે ડોકટરશ્રી રૂબરૂ આપે હીસ્ટ્રી, ભોગબનનારે મેજીસ્ટ્રેટ સમક્ષ આપેલ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નું નિવેદન, આ ત્રણે રીપ્રોડયુશ કરવામાં આવેલ છે.  આ તમામ રીપ્રોડયુશ કરવામાં આવેલ છે. ભોગબનનારે ફરીયાદમાં આરોપી નં.૧ સિવાય અન્ય કોઇ આરોપીનું નામ લીધેલ નથી. ત્યારબાદ તા.૨૭/૯/૨૦૨૪, તા.૩૦/૦૯/૨૪ અને ત્યારબાદ તા.૦૫/૧૦/૨૦૨૪ ના રોજ પોલીસે ભોગબનનારે પો.સ્ટે.માં બોલાવીને નિવેદનો નોંધેલા છે. આ નિવેદનો નોંધવા માટે ભોગબનનારે સામેથી તૈયારી દર્શાવેલી કે પોલીસે ભોગબનનારને સામેથી બોલાવેલ છે તે અંગે કોઇજ પુરાવો રજુ નથી. ઉપર જણાવેલ ભોગબનનારના તમામ સ્ટેટમેન્ટો સાથે વાંચવામાં આવે તો ભોગબનનારના તમામ સ્ટેટમેન્ટમાં વિસંતતા જોવા મળે છે. ભોગબનનાર સૌપ્રથમ ફરીયાદમાં જણાવે છે કે આ આરોપી વિજય રાવળે તેની સાથે બળાત્કાર કરેલ છે. ડો.શ્રી રૂબરૂ હીસ્ટ્રીમાં તેણી લખાવે છે કે તેણી તેની મરજીથી વિજય રાવળ સાથે ગઇ હતી અને શારીરિક સંભોગ

કરેલ હતો. ત્યારબાદ મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં તદ્દન નવી હકીકતો જણાવેલી છે જે ઉપર લખેલી છે. મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં આ વિજય રાવળે ગેસ્ટહાઉસમાં લઇ જઇને તેણીને દારૂ પીવડાવેલ અને દારૂ પીવડાવીને બળાત્કાર કરેલાની હકીકત લખાવેલી છે તેમજ ભોગબનનારના ફોટા તેમજ વીડીયો આરોપી નં.૧ નાએ લીધેલા છે જે વાયરલ કરવાની ધમકી આપેલ. જુબાનીમાં ભોગબનનારે આ સ્ટેટમેન્ટથી ઉપર વધુ ગંભીર આક્ષેપો કરેલા છે જે મુજબ તા.૨૪/૯/૨૪ ના રોજ તેઓ જયારે તેના મિત્ર મીત પટેલ જોડે ઉભા હતા ત્યારે વિજય રાવળે ત્યાં આવીને ભોગબનનારને તેની સાથે લઇ ગયેલ અને કોર્ટ આગળ મેઇન રોડ ઉપર ગાડીમાં તેની જોડે મારઝુડ કરીને ગાડીમાં સંભોગ કરેલો. આમ, ભોગબનનારે પોલીસ રૂબરૂની ફરીયાદમાં, ડો.શ્રી રૂબરૂની હીસ્ટ્રીમાં, બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ ના નિવેદનમાં અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં તદ્દન અલગ અલગ હકીકતો જણાવી છે. ભોગબનનારના આ નિવેદનોમાં વિસંગતતા હોવાથી અન્ય સાંયોગીક પુરવાથી ભોગબનનારની જુબાનીને સમર્થન મળે તે જરૂરી હોય છે. હવે, સાહેદ નં.૧૩, ૧૬ અને સાહેદ નં.૧૭ જુબાની ધ્યાને લઇએ તો ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે આરોપી વિજય રાવળ અને ભોગબનનારના માતા પિતા તથા તેઓ સમાધાનની વાતચીત કરવા માટે સહયોગ પાસે ભેગા થયેલા જયાં આગળ ભોગબનનારના માતા પિતાએ વિજય રાવળ પાસેથી પૈસાની માંગણી કરેલી અને વિજય રાવળે ભોગબનનારના માતા પિતા પાસેથી પૈસા માગ્યા હોય તેવું બનેલ નથી.

ભોગબનનારના માતા પિતાને વિજય રાવળે પૈસા આપવાની ના પાડેલ હોવાથી ત્યારબાદ હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. ભોગબનનારની માતા અને મામાએ પોતાની ઉલટતપાસમાં કબુલેલ છે કે વિજય રાવળે પૈસા આપવાની ના પાડયા બાદ તેઓ વકીલને મળેલા, વકીલને મળ્યા બાદ તેઓ કોઈ રાજકીયપક્ષના નેતાઓને મળેલા અને વકીલની સલાહ પછી તેમણે આ ફરીયાદ આપેલી. અહીંયા નોંધવા પાત્ર વાત એ છે કે જે દિવસની ફરીયાદ છે તે દિવસે આરોપી નં.૧ અને ભોગબનનાર મળેલા નથી. ફરીયાદ મુજબ આ ગુનો બે થી ત્રણ મહીના અગાઉ બનેલો છે. ત.ક.અમલદારે પોતાની તપાસમાં ગેસ્ટહાઉસ શોધવાનો પ્રયત્ન કરેલ છે, આ પ્રયત્ન પુરો થાય તે માટે તેમણે એક જગ્યાના સી.સી.ટી.વી. ફુટેજ ઉપર આધાર રાખેલ છે પરંતુ તે સી.સી.ટી.વી. ફુટેજને તમામ પક્ષકારોની હાજરીમાં કોર્ટના એલ.ઈ.ડી. સ્ક્રીન ઉપર પ્લે કરીને બતાવતા બંને પક્ષો તરફે સ્વીકૃત હકીકત બહાર આવેલ છે કે આ સી.સી.ટી.વી. ફુટેજમાં ગેસ્ટહાઉસનું બોર્ડ કયાંય નથી તેમજ આરોપી અને ભોગબનનાર પણ સ્પષ્ટપણે ઓળખી શકાય તેવી રીતે દેખાતા નથી. આમ, ભોગબનનારનો જે આક્ષેપ હતો કે દસ થી પંદર વખત આરોપી ભોગબનનારને આશીર્વાદ ગેસ્ટ હાઉસમાં લઈ ગયેલ છે તે હકીકત શંકાથી પર પુરવાર થતી નથી. વધુમાં આરોપીઓ ઉપર એવું તહોમત મુકવામાં આવેલ કે આરોપી નં.૨ રાહુલ પોતાની ઓળખાણથી આશીર્વાદ ગેસ્ટહાઉસના મેનેજર જોડે વાત કરાવીને આરોપી નં.૧ ને રૂમ અપાવતો હતો. આ હકીકત સાબિત કરવા

ત.ક.અમલદારે કોઇ સચોટ પુરાવા એકત્રીત કરેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. ત.ક.અમલદારે પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે રાહુલ અને આશીર્વાદ ગેસ્ટહાઉસના મેનેજર આરોપી નં.પ એકબીજા જોડે ટેલીફોનથી સંપર્કમાં હતા તેવો પુરાવો તેમને મળેલ નથી. આમ, ભોગબનનાર ગેસ્ટહાઉસ ગયેલા હકીકત ફરીયાદપક્ષ ધ્વારા શંકાથી પર પુરવાર થઇ શકેલ નથી. ફરીયાદી તથા ભોગબનનારની વર્તણૂંક શંકાસ્પદ જણાય છે તેનું કારણ એ છે કે પુરાવાથી એ હકીકત સાબિત થઇ ગયેલ છે કે ભોગબનનાર અને તેના પરીવાર ધ્વારા આરોપી નં.૧ પાસેથી પૈસાની માંગણી કરવામાં આવેલી પરંતુ આરોપી નં.૧ નાએ પૈસા નહી આપતા વકીલો તથા નેતાઓની સલાહ લઇને આરોપી સામે ફરીયાદ કરવામાં આવેલ છે. આરોપી નં.ર થી પ નાઓને પાછળથી ગુનેગાર તરીકે બતાવવામાં આવેલા છે. જયારે તપાસ ચાલુ હતી ત્યારે ત.ક.અમલદારે ભોગબનનારનો મોબાઇલ જમા કરાવવા માટે ભોગબનનારની માતાને જણાવેલ પરંતુ ભોગબનનારની માતાએ તપાસમાં સહકાર ન આપીને ભોગબનનાર દિકરીનો મોબાઇલ જે ખુબજ જરૂરી પુરાવો છે, જેમાંથી ભોગબનનાર અને આરોપી વિજય રાવળની ચેટ જો હોય તો, મેળવવાની થતી હતી, કોલ રેકર્ડ મેળવવાના થતાં હતા, તે મોબાઇલ આપવાની ના પાડી દીધેલી. જયારે ત.ક.અમલદાર પાસે વિજય રાવળના મોબાઇલમાં ભોગબનનાર જોડે કરેલી ચેટ મળી આવીજ નથી તો, આરોપી નં.૪ કુલદીપ સામે કેવી રીતે તહોમત મુકાયું તે અંગે ત.ક.અધિ.શ્રીએ પોતાની જુબાનીમાં

ખુલાસા કરેલ નથી. ભોગબનનારે આરોપી નં.૨ અને ૩ ની સાથે ગડદા પાટુનો માર મારવાની ફરીયાદ કરેલી પરંતુ આ હકીકત અંગે પણ મેડીકલ એવીડન્સ તથા અન્ય સ્વતંત્ર સાહેદોના પુરાવા સમર્થનકારી હોવાનું જણાઇ આવતું નથી. આ કામે ડી. એફ. એસ., ગાંધીનગરનો પૃથ્થકરણ રીપોર્ટ આંક–૯૩ ના લીસ્ટ થી રજુ છે. સદરહું રીપોર્ટ અનુસાર આ કામના આરોપી નં.૧ વિજય રાવળના મોબાઇલમાંથી કોઇ વાંધા જનક હકીકત મળી આવેલ નથી તેમજ આરોપીના ફોનમાંથી ભોગબનનારના કોઇ વાંધાજનક કોઇ ફોટા કે વીડીયો મળી આવેલ નથી. જો ફરીયાદપક્ષ એવી દલીલ કરતા હોય કે આરોપીએ બધુ ડીલીટ કરી દીધેલ છે તો ભોગબનનારના મોબાઇલમાંથી આરોપીએ કરેલ ચેટ મેળવી શકતા હતા. પરંતુ ભોગબનનારે પોતાનો મોબાઇલ તપાસમાં આપવાની જ ના પાડી દીધેલ જેને લીધે મોબાઇલ ચેટીંગ તથા મોબાઇલ કોલીંગની હકીકત પુરવાર થઇ શકેલ નથી.

(૪૧) આ કામે એક વિચિત્ર ઘટના એવી બની કે ત.ક.અમલદાર સાહેદ નં.૧૯ બડવા દીલીપકુમાર ગાંગાભાઇએ કોર્ટના કોઇ હુકમ વગર જયારે કેસમાં બધા સાહેદોની જુબાની પુર્ણ થઇ ગયેલ ત્યારબાદ કોર્ટને અરજી કર્યા સિવાય ભોગબનનારનો મોબાઇલ કબજે કરીને પુરાવા તરીકે હાલના કામે રજુ કરેલ. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે કે જો પોલીસે ચાર્જશીટ પછી કોઇપણ તપાસ કરવી હોય તો કોર્ટ પાસેથી ફર્ધર ઇન્વેસ્ટીગેશનની પરવાનગી મેળવવાની રહે છે. પરંતુ ત.ક.અમલદારે આવી કોઇ કાર્યવાહી ન

કરવાનું ઉચિત સમજીને પોતેજ કાયદાથી ઉપરવટ જઇને હાલની કાર્યવાહી કરેલી છે. ભલે ત.ક.અમલદારની આ કાર્યવાહી કાયદાથી વિપરીત હોય પરંતુ ત.ક.અમલદારનો ઉદ્દેશ આરોપી સામે પુરાવો મેળવવાનો હોવાનું જણાઇ આવતા, ત.ક.અમલદારનું આ કૃત્ય શુધ્ધબુધ્ધિ પુર્વકનું હોવાનું માનું છું.

આ ભોગબનનારના મોબાઇલમાંથી પણ આરોપી વિરૂધ્ધ કોઇપણ જાતનો પુરાવો મળી આવેલ નથી. વધુમાં ભોગબનનારના મિત્ર મિત પટેલની જુબાની અને ભોગબનનારની જુબાનીને સાથે વાંચીએ તો ભોગબનનારે આ મિત પટેલ બાબતે જુબાનીમાં ખોટુ બોલેલાનું દેખાઇ આવે છે. આમ, ભોગબનનારના તમામ નિવેદનોમાંથી ગંભીર વિસંતતાઓ જણાઇ આવતી હોવાથી અને આ નિવેદનો અંગેનો કોઇ સચોટ પુરાવો ત.ક.અલમદાર મેળવી શકેલ ન હોવાથી ફરીયાદપક્ષ ફાઉન્ડેશનલ ફેકટ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલાનું જણાઇ આવે છે.

ફરીયાપક્ષ તરફે દલીલ કરવામાં આવેલ છે કે ભોગબનનાર સગીર વયની હોવાનું પ્રસ્થાપિત થયેલ હોવાથી પોકસો એકટની કલમ-૨૯ અને ૩૦ હેઠળ આરોપી વિરૂધ્ધ પ્રિઝમ્પશન કરવાનું હોય છે. આ પ્રિઝમ્પશન મુજબ આરોપી વિરૂધ્ધ ભોગબનનારે જુબાની આપેલ છે. જેથી આરોપીને દોષી માનવો જોઇએ.

આ તબકકે પોકસો એકટની કલમ-૨૯ અને ૩૦ નોંધવી જરૂરી બને છે, જે નીચે મુજબ છે:

***Section 29 :***

*Where a person is prosecuted for committing or abeting or attempting to commit any offence under Section 3, 5 , 7*

*and Section 9 of this Act, the Special Court shall presume that such person has committed or abetted or attempted to commit the offence, as the case may be unless the contrary is proved.*

***Section 30. Presumption of culpable mental state.***
*In any prosecution for any offence under this Act which requires a culpable mental state on the part of the accused, the Special Court shall presume the existence of such mental state but it shall be a defence for the accused to prove the fact that he had no such mental state with respect to the act charged as an offence in that prosecution.*
*For the purposes of this section, a fact is said to be proved only when the Special Court believes it to exist beyond reasonable doubt and not merely when its existence is established by a preponderance of probability.*

હું ફરીદપક્ષની આ દલીલ સાથે સંમત થતો નથી કારણ કે કલમ–૨૯ અને ૩૦ મુજબ જયારે ફરીયાદપક્ષ પોતાનો કેસ એટલે કે ફાઉન્ડેશનલ ફેકટ શંકાથી પર પુરવાર કરે ત્યારે આરોપી વિરૂધ્ધ પ્રિઝમ્પશનની વાત આવે. આ કેસમાં ઉપર જણાવેલ કારણોસર ફરીયાદપક્ષ ફાઉન્ડેશલ ફેકટ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી કલમ–૨૯ અને ૩૦ હેઠળના પ્રિઝમ્પશનની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી.

આ તબકકે **ના.ગુજરાત હાઈકોર્ટે કિરણભાઈ વસંતભાઈ વસાવા વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના કેસમાં આપેલ ચુકાદો અગત્યનો બને છે. સદર ચુકાદાના પેરા–૧૧,૧૨ અને ૧૩ ધ્યાનમાં લેવો જરૂરી છે જે નીચે મુજબ છે.

> 11. It is the case of the prosecution that the victim was a minor on the date of the incident and her birth certificate is produced at Exh. 17. We find that the birth certificate of the victim has been produced in her own

deposition where she has stated that her date of birth is 20.09.1998 and she has produced her birth certificate at Exh. 17. The prosecution has examined PW16 - Kantibhai Haribhai Patel, Talati cum Mantri, Kharach, Taluka Hansot, District Bharuch and he has produced the extract of the Births and Deaths Register at Exh. 62, wherein, at serial no. 37, the name of the victim has been entered in the record on the basis of the information given by Kushalbhai Madhavbhai Prajapati. The witness has stated that generally the birth is registered as per the information given from the hospital but sometimes the birth is directly registered but he does not know under what circumstances the birth of the victim has been registered. The prosecution has not examined Kushalbhai Madhavbhai Prajapati and there is no evidence on what basis, the birth of the victim has been registered. It is settled principle of law that the authenticity of the entry in the register would depend upon the source of information and it is required to be approved in accordance with law but the prosecution has not proved the contents of the document produced at Exh. 17 beyond reasonable doubts and on mere production of the document, it cannot be presumed that the contents of the document are correct. Hence in light of the judgments of the Apex Court in Satpal Singh (Supra) and Kalpana Mehta (Supra) we find that the learned Trial Court was not justified in relying upon the document produced at Exh. 17.

**12. We have minutely dissected the evidence of the victim to examine whether it can be said that her deposition is of sterling quality and her say is an assailable version and whether it can be accepted at its face value without any corroborating evidence. It is settled law that the evidence of a victim stands at par with the evidence of an injured witness and is reliable and can be acted upon even without corroboration if it is found to be of a sterling quality.** As per the case of the prosecution, the incident has occurred while the victim fled away from Nari Suraksha Kendra, Bharuch

with Komal on 25.03.2012 and they resided for one night at the place of Rehana the daughter of one Munnibal who was known to Komal. It is pertinent to note that the prosecution has not examined Komal who was the friend of the victim and had fled away from the Nari Suraksha Kendra along with the victim. At the time of the incident, Kamal was with the victim and as per the victim, the incident of rape has occurred twice, once while both of them were with Kiran and Babu and at that time, Kiran, Babu and Komal sat in the rickshaw and she started walking and Kiran came from behind her, removed her clothes and raped her. This incident is said to have occurred in a public place but she did not mention about the incident to Komal or Babu and continued to accompany them to see a movie at Relief Talkies. That she preferred to be in the company of Kiran and Babu and thereafter, the four of them left the movie midway and they asked Kiran and Babu for a place to stay and while they were going to see the place where they were to stay for the night, Komal went to answer natures call and she, along with both the accused went into the room where the second incident of rape has occurred and both Kiran and Rahul raped her. That she met Komal immediately after the incident but she did not tell Komal about the incident and there is nothing on record to show where the victim and Komal spent the night. As per the say of the victim, the next morning she met Mukesh and she stayed with Mukesh for many days till she went back to the Nari Suraksha Kendra on 15.04.2012 and the complaint was filed on 17.04.2012. The prosecution has not examined Mukesh with whom the victim was from 25.03.2012 to 15.04.2012 and even thereafter, as per the victim, Mukesh took her to the house of his aunt at Naldhari, Valliya where she resided for two days but she did not inform the aunt of Mukesh about the incident. **If the evidence of the victim is perused, the deposition does not appear to be natural and consistent with the case of the prosecution and the acts of the victim to not reside with her Aunty and Uncle or Grandfather and thereafter, running away**

**from the Nari Suraksha Kendra with Komal and both of them joining the company of Kiran and Rahul without knowing them, does not appear to be natural.** The prosecution has not examined Komal, Ravi Babubhai, Munnibai, Rehana, Mukesh or his Aunt to corroborate the say of the victim that in fact she had met them or that she stayed with them for some time and except for the say of the victim, there is no iota of evidence in the case of the prosecution regarding the whereabouts of the victim from 25.03.2012 to 15.04.2012. Even if we do not seek for corroboration regarding the actual sexual assault, the other aspects are required to be proved by some corroboration at least regarding the whereabouts of the victim and whether she was at the places and in the company of persons, as stated by her during the time period from 25.03.2012 to 15.04.2012. **We find that the deposition of the victim has many discrepancies and the evidence does not inspire confidence and cannot be relied upon without some corroboration to satisfy our judicial conscience.** The prosecution has not examined the Aunty and Uncles of the victim who could throw some light on the reasons why the victim was at the Nari Surakhsha Kendra or even her date of birth and who was Khushalbhai Madhavbhai Prajapati. **We find that the case of the prosecution, as per the version of the victim, seems highly improbable and suffers from various lacunae and the deposition of the victim does not fall in the category of a sterling witness and it would not be in the fitness of things to solely rely on the evidence of the victim to convict the accused.**

13. In view of the above discussions, we of the considered opinion that the prosecution has not fully proved the case beyond reasonable doubt to come to a conclusion about the guilt and the involvement of the appellants in the offence and there is no legal evidence on record to sustain the conviction of the appellants. The learned Trial Court has not appreciated the evidence in proper perspective and we are of the considered opinion that the evidence adduced by the

> prosecution is not sufficient to come to a finding that the accused have committed the offence and can be convicted for the same and consequently, Criminal Appeal No. 648 of 2015 and Criminal Appeal No. 747 of 2014 are allowed. The conviction of the appellants under Section 376(g) 506(2) of the IPC is hereby set aside. The appellants shall be set at liberty, forthwith if not required to be detained in connection with any other offences. Fine, if any, paid by the appellants be refunded.

આ કેસમાં પણ ભોગબનનારે કરેલા આક્ષેપોને અન્ય સાહેદોના સમર્થન મળતા નથી. વધુમાં ભોગબનનારની એકલાની જુબાની આ કેસમાં ગ્રાહય રાખી આરોપીઓને ઉપર જણાવેલ કારણો તથા ના.ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ ન્યાયિક સિધ્ધાંત મુજબ ગુનેગાર ઠરાવવાનું ઉચિત જણાતું નથી.

(૪૨) પોક્સો એકટના પ્રબંધો ધ્યાનમાં લેતાં અને મુખ્યત્વે પોકસો એકટની કલમ ૨૯ વંચાણે લેતાં આ ગુન્હના આરોપી સામે કેસ થયેલ હોય તો પોકસો એક્ટની કલમ ૨૯ અન્વયે આપી સામે ગુન્હો કરેલ છે તે મતલબના અનુમાનનો પ્રબંધ કરવામા આવેલ છે. કાયદાનો અનુમાન સંદર્ભે એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે કોઈપણ અનુમાન સંપૂર્ણ નથી અને દરેક અનુમાનને પુરાવાથી ખંડીત કરી શકાય છે. **નામ.સર્વોચ્ચ અદાલત દ્વારા બાબુ વિરુધ્ધ સ્ટેટ ઓફ કેરાલા ૨૦૧૦ (૯) એસ સીસી ૧૮૯** માં નામ. સર્વોચ્ચ અદાલતે કરાવેલ છે કે દરેક આરોપી એ નિર્દોષ છે. જ્યાં સુધી તેને તકસીરવાન ઠરાવવામાં આવેલ ન હોય. નિર્દોષ હોવાનુ અનુમાન એ માનવ અધિકાર છે. કાયદાથી આરોપીએ ગુનો કરેલ

છે તે મતલબના અનુમાનની જોગવાઈ કરવામાં આવેલ હોય તો પણ તેણે વ્યાજબીપણા અને સ્વતંત્રતાના જે બંધારણના આર્ટીકલ ૧૪ અને ૨૧ અન્વયેના વ્યાજબીપણાની પરીક્ષામાંથી પસાર થવુ પડે છે. પોકસો એકટની કલમ ૨૯ ના પ્રબંધો ધ્યાનમાં લેતાં અનુમાન ખંડીત થઈ શકે જ નહીં તેવી કોઈ જોવગવાઈ કરવામાં આવેલ નથી અને તેથી એવું માની શકાય કે અનુમાનનુ ખંડન થઈ શકે છે એટલે કે રીવર્સ બર્ડન આરોપી ઉપર છે અને જો આરોપી તે રીવર્સ બર્ડન પુરવાર કરી શકે તો તેની સામે ઉપસ્થિત થયેલ પોકસો એકટની કલમ ૨૯ ના અનુમાનને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં જે **નુર આગા વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૨૦૦૮(૧૬) એસ સીસી ૪૧૭, કાલીરામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ ૧૯૭૩ (૨) એસ સીસી ૮૦૮** માં ઠરાવેલ છે.

(૪૩) પોક્સો એકટની કલમ ૩૦ માં ગુનાહીત માનસ ન હતું તે હકીકત આરોપી ફરીયાદ પક્ષના પુરાવાથી સાબિત કરી શકે છે અને બીજું સાક્ષીની ઉલટ તપાસમાંથી પણ તેઓનો કોઈ ગુનાહીત ઈરાદો કૃત્ય કરવામાં હતો નહીં તે અનુમાનનું ખંડન કરી શકે છે. આરોપીઓનુ બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયેનું નિવેદન વંચાણે લેતા અને તેની સાથોસાથ ફરીયાદપણના પુરાવાનું મૂલ્યાંકન કરતા આરોપીઓએ તેની સામે ઉપસ્થિત થયેલ પોકસો એકટની કલમ ૨૯ અને ૩૦ ના અનુમાનોને ખંડીત કરી શકેલ છે. આ બાબતે **રાજ વિગેરે વિરુધ્ધ સ્ટેટ ઓફ**

**મધ્યપ્રદેશ ૨૦૦૮(૧૫) એસ સીસી ૧૩૩** નો ચુકાદો ધ્નમાં લવો યોગ્ય અને ન્યાયીક જણાય છે. સુંદર કેસમાં નામ. સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે કોઈપણ ખોટી સંડોવણીની શક્યતા સામે આરોપીને રક્ષણ આપવું જોઈએ અને જયારે રેપના આક્ષેપો કરવામાં આવેલ હોય તે કિસ્સામાં ભોગ બનનારનો પુરાવો ઈજા પામનાર સાક્ષીના પુરાવાની જેમ જ મુલ્યાંકન કરવો જોઈએ, પરંતુ એવુ સનાતન રીત માનવુ જોઈએ નહીં કે તેણીનો પુરાવો સંપર્ણ છે. સદર કેસમાં નામ.સર્વોચ્ચ અદાલતે વધુમાં નોંધેલ છે કે દરેક શારીરીક હુમલાના કેસ જે કોર્ટ સમક્ષ આવે છે તેમા દરેક કીસ્સામાં ભોગ બનનારનો પુરાવો સંપૂર્ણ છે તેવું માનીને આરોપીને દોષીત ઠરાવવો જોઈએ નહીં. અદાલતે એ હકીકત અવગણવી જોઈએ નહીં કે જેવી રીતે રેપનો કેસ ભોગ બનનારને ખુબજ અપમાનજનક અને માનસીક પીડા આપે છે તે જ રીતે ખોટા રેપના આક્ષેપોનો કેસ આરોપીને પણ એટલુ જ અપમાનજનક અને માનસીક પીડા અને નુકશાન આરોપીને થાય છે. **તમીજુદ્દીન ઉર્ફે તમ્મુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એન સીટી ઓફ દિલ્હી ૨૦૦૯ (૧૫) એસ સીસી ૫૬૬** ના કેસમાં ઠરાવેલ છે કે ભોગ બનનારના પુરાવાને મહત્વ આપવું જોઈએ પરંતુ તેણીનો પુરાવો વિરોધાભાસી, વિસંગત અને અતાર્કીક હોવા છતાં ગ્રાહય રાખવો તે ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંતો સાથે હિંસા કરવા બરાબર ફોજદારી કેસમાં ગણાય.

(૪૪) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો સમગ્ર રીતે વંચાણે લેતાં ભોગબનનારના પુરાવો સ્પષ્ટ, ચોકકસ અને વિશ્વસનીય જણાતો નથી, ભોગબનનારની ડોકટર રૂબરૂની હીસ્ટ્રી, મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂનું નિવેદન અને કોર્ટ રૂબરૂના નિવેદનમાં ખુબજ ગંભીર વિસંતતાઓ જોવા મળે છે, પુરાવામાં વિરોધાભાસ છે. તેવા સંજોગોમા ભોગબનનારનો પુરાવો સંપૂર્ણ પણે વિશ્વસનીય જણાઈ આવતો નથી અને તેણીએ કોર્ટ સમક્ષ જે પુરાવો આપેલ છે તેમાં વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે. વધુમાં ભોગબનનારની માતાનો પુરાવો પણ શંકાસ્પદ જણાય છે, ભોગબનનારના પિતાનો પુરાવો જોતાં ફરીયાદ હકીકત કે બનાવ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે. ભોગબનનારના મામા પ્રવિણભાઈનો પુરાવો પણ વિશ્વસનીય અને માનવા લાયક જણાતો નથી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ પંચ સાહેદોએ આંક–૪૭, ૪૮, ૫૪, ૬૦ અને ૬૫ ના પંચનામાને સમર્થન કારી પુરાવો આપેલ છે પરંતુ જયારે ભોગબનનારનો પુરાવો શંકાસ્પદ જણાતો હોય, માનવા લાયક અને વિશ્વસનીય ન હોય ત્યારે માત્ર પંચ સાહેદોના સમર્થન માત્રથી આરોપીઓને ગુના સાથે સાંકળવા ન્યાયોચિત જણાતું નથી. વધુમાં આંક–૬૭ ના ગુનાવાળી જગ્યાના પંચનામાના બંને પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને આંક–૬૭ ના પંચનામાને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

આ કામે ત.ક.અધિ.શ્રી એ ભોગબનનાર પાસેથી કોઈ મોબાઈલ કબજે કરેલ નથી અને ભોગબનનારે જે ફરીયાદ આપેલ તેમાં રાહુલ અને ચીન્ટુનું નામ જણાવેલ ન હતુ અને તપાસ

દરમ્યાન કબજે કરેલ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં ભોગબનાનર તથા આરોપીની એન્ટ્રી નથી અને આરોપી રાહુલ રાગળના કહેવાથી એન્ટ્રી કરેલ રૂમ આપેલ હોય તે બાબતે આરોપીના નિવેદન સિવાય બીજો કોઇ પુરાવો નથી અને તેઓએ રાહુલ રાવળ અને હોટલના સંચાલક સાથે વાતચીત થતી હોય તે બાબતે તેઓએ આ બંને પૈકી કોઈના મોબાઈલ કબજે કરેલ નથી અને આરોપીની બનાવ સ્થળે હાજરી બાબતે મોબાઈલ લોશેકશન મેળવેલ નથી અને વિજય રાવળના મોબાઈલમાં કોઇ મેસેજ કે ચેટીંગ મળી આવેલ નથી અને ભોગબનનારે તેમની રૂબરૂ તેનો કોઇ મોબાઇલ રજુ કરેલ નથી અને ભોગબનનારે તેમની રૂબરૂ આપેલ ફરીયાદમાં તથા તા.૨૭/૯/૨૪, ૩૦/૯/૨૪ તથા ૫/૧૦/૨૪ ના આપેલ વિશેષ નિવેદનમાં આરોપી કુલદીપ વિજય રાવળ બીનને કે વિજય રાવળના કહેવાથી ભોગબનનાર સાથે ચેટીંગ કરતો હોય તેવી વ્ગિત જણાવેલ નથી અને તેમની રૂબરૂની તપાસમાં આરોપી કુલદીપ ભોગબનનાર સાથે કોઈપણ પ્રકારે ચેટીંગ કરતો હોય તેવી કોઇ વિગત ખુલવા પામેલ નથી. ભોગબનનારની ફરીયાદમાં ગેસ્ટહાઉસનું નામ જણાવેલ નથી અને ગેસ્ટહાઉસના રજીસ્ટ્રરમાં આરોપી કે ભોગબનનારનું કોઇ જગ્યાએ નામ નથી. ભોગબનનારે અપહરણ કરી લઇ ગયેલ હોવાની જે હકીકત જણાવેલ તે જગ્યા મામલતદાર કચેરી અને જુની કોર્ટની નજીકમાં આવેલ છે, જુની કોર્ટ અને મામલતદાર કચેરીમાં ધણા બધા માણસોની હાજરી હોય છે, બનાવવાળી જગ્યાએ ઘણા બધાએ જાહેર રસ્તો આવેલ છે, સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હોવા છતાં આ કામે કોઇ સ્વતંત્ર

સાહેદોનું નિવેદન લેવામાં આવેલ નથી કે આ કામે બનાવ નજરે જોનાર કોઈ સાહેદને તપાસવામાં આવેલ નથી.

વધુમાં ત.ક.અધિ.શ્રી જીતેન્દ્રકુમાર પિતાંબરભાઈ સોલંકીનો આંક–૧૦૮ નો પુરાવો ધ્યાને લેતાં મો.નં. ૯૭૨૪૧૭૨૧૫૯ વાળો નંબર ભોગબનનારના પિતાનો છે, ભોગબનનારે તેમની રૂબરૂમાં જે ફરીયાદ અને નિવેદન આપેલા તેમાં તેણીનો મો.નં. ૭૦૧૬૪૨૫૯૦૦ લખાવેલ અને આ કામે તેઓએ આ નંબરનો કોઈ સીડીઆર મંગાવેલ નથી, ભોગબનનારે ફરીયાદ આપી તેના ૩ મહીના પહેલા બનાવ બનેલ હોવાનુ જણાવેલ હતુ. સાહેદ સ્વચેછાએ જણાવે છે કે તા. ૨૪/૯/૨૪ ના બપોરના બે વાગ્યા પહેલાથી ત્રણેક માસ અગાઉ બનેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં ત.ક.અધિ.શ્રી બડવા દીલીપકુમાર ગાંગાભાઈની આંક–૧૩૨ ની જુબાની ધ્યાને લતાં આરોપી અને ભોગબનનાર હોટલમાં રોકાયેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મળિ આવેલ નથી, ચાર્જશીટ કર્યુ ત્યાં સુધી ભોગબનનાર અને કોઈ પણ આરોપી વચ્ચે થયેલ ચેટ અમોને મળિ આવેલ નથી, ભોગબનનારનો મોબાઈલ ચાર્જશીટ ફાઈલ કયુ પછી કબજે લીધેલ છે, ચાર્જશીટ પહેલા ફરીયાદી અને ભોૌગબનનારને વારંવારને મોબાઈલ ફોન રજુ કરવા માટે જાણ કરેલી પરંતુ ભોગબનનારે અને ફરીયાદીએ તે મોબાઈલ રજુ કરેલ નથી. ભોગબનનારના મોબાઈલના પંચનામા દરમ્યાન ભોગબનનારનુ કોઈ પણ આરોપી સાથેનુ કોઈ ચેટ મળિ આવેલ નથી. તપાસ દરમ્યાન ભોગબનનાર સાથે કયા નંબર ઉપર થી ચેટ થયેલ તે વિગત ખુલેલી નથી. સીસીટીવીમાં સ્પષ્ટ જણાતુ નથી.

સીસીટીવી કુટેજ દરમ્યાન અન્ય પણ ધણા બધા વ્યકિતઓ ત્યાં હાજર હોય તેવું જોવા મળેલ અને તે અન્ય વ્યીકતઓ કોણ હતા તે અંગે કોઇ તપાસ કરેલ નથી તેમજ ગેસ્ટ હાઉસના ચોપડામાં આરોપીનુ કે ભોગબનનારે રાખેલ હોય તેની કોઈ નોધ જણાઈ આવતી નથી. સીસીટીવીમાં સ્પષ્ટ દેખાતુ નથી પરંતુ કોઇ છોકરો કે છોકરી ગાડીમાંથી ઉતરતા દેખાય છે. સી.સી.ટી.વી. કુટેજમાં ગેસ્ટ હાઉસનું નામ દેખાતું નથી. આ સી.સી.ટી.વી. કુટેજમાં ગાડીનો નંબર દેખાતો નથી. આમ, ત.ક.અધિ.શ્રીનો પુરાવો જોતાં પણ આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી.

વધુમાં મેડીકલ પુરાવાથી પણ ભોગબનનાર ઉપર બળાત્કાર થયેલાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે એફ.એસ.એલ. રીપોર્ટ આંક–૧૩૫ થી રજુ થયેલ છે. આ એફ.એસ.એલ.નો રીપોર્ટ ધ્યાને લઇએ તો ભોગબનનારના બનાવ સમયે પહેરેલ કપડા ઉપર કોઇ રૂધિર, વીર્ય, લાળ કે વાળ મળી આવેલ નથી તેમજ આરોપી વિજયના પેન્ટ રૂધિર, વીર્ય, લાળ વાળ મળી આવેલ નથી તેમજ આરોપીના જાંગીયા ઉપર રૂધિર, લાળ, વાળ મળેલ નથી, માનવ વીર્ય મળેલ હતુ,જે માનવ વીર્ય જુથ બી નું જણાવેલ છે. આમ, એફ.એસ.એલ.નો આંક–૧૩૫ થી રજુ રીપોર્ટ ધ્યાને લેતાં પણ ભોગબનનારની તરફેણમાં હકીકત માની શકાય તવો કોઇ પુરાવો મળી આવેલ નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ ધ્વારા જે લેખીત તથા મૌખિક પુરાવો રજુ થયેલ છે તે ચોકકસ, માનવાલાયક અને સચોટ હોવાનું

ફરયાદપક્ષ પુરવાર કરી શકતા ન હોય, તેથી આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનું ન્યાયોચિત જણાતું હોય, મુદ્દા નં.૨ નો નિર્ણય ''નકારમાં'' આપી મુદ્દા નં.૩ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

ભોગબનનારનો પુરાવો વિશ્વાસપાત્ર જણાયેલ ન હોવાથી તેમજ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ તહોમત સાબિત કરી શકેલ ન હોવાથીલ ભોગબનનારને કોઈ આખરી સ્વરૂપની વળતરની રકમ અપાવવી ઉચિત જણાતું નથી.

## –:: આખરી હુકમ ::–

(૧) ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૫૮ હેઠળ આરોપી નં.(૧) વિજય કરશનભાઈ અરજણભાઈ રાવળ, રહે.સુવિધા સોસાયટી, ઉચરપી રોડ, મહેસાણા,મુળ વતન: દવાડા,તા.જી.મહેસાણા, (૨) રાહુલ અશોકભાઈ હરગોવનભાઈ રાવળ, રહે.ખેરવા, રાવળવાસ, તા.જી.મહેસાણા, (૩) સવધાનજી ઉર્ફે ચિન્ટુ હરીજી માનસંગજી ઠાકોર, રહે.લાખવડ, તા.જી.મહેસાણા, (૪) કુલદીપસિંહ બકુલસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા, રહે.મહેસાણા, નાગલપુર, પટેલવાસ, રામજી મંદિર પાછળ, તા.જી.મહેસાણા, મુળ રહે.ભલગામ, ભવાની માતાના મંદિર પાસે, તા. કાંકરેજ, જી.બનાસકાંઠા, (૫)સથવારા સંજયકુમાર કનુભાઈ અંબાલાલ, રહે.એ/૨૨, વિશ્વકર્મા સોસાયટી, ખેરવા,તા.જી.મહેસાણા નાઓને બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(એમ),૭૮,૧૧૫(૨), ૧૩૭(૨), ૩૫૧(૩), ૫૪, ૧૨૩ તથા પોકસો એકટની કલમ–

૪,૫(એલ), ૬,૮,૧૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના સજાને પાત્ર ગુન્હાઓ અંગે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આરોપી નં.૧ હાલ આ ગુનાના કામે જયુડીશયલ કસ્ટડીમાં હોઇ, તેઓની અન્ય કોઇ ગુનાના કામે હાજરીની જરૂરીયાત ન હોય તો તેઓને જેલ મુકત કરવા જરૂરી રીલીઝ યાદી ઇસ્યુ કરી, જેલ ઓથોરીટી સમક્ષ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૨) આ ગુનાને કામે કબજે કરવામાં આવેલ તમામ નોન વેલ્યુએબલ મુદ્ધામાલ કપડાનો, પેન ડ્રાઇવ અને છરીનો અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો.

તેમજ ગુનાના કામે કબજે કરવામાં આવેલ એક મોબાઇલ ફોન કાળા કલરના કવર સાથેનો, ઓપો કંપનીનો એન્ડ્રોઇડ ફોન મોડલ નં.CPH2693 નો પર્પલ કલરનો છે તે આરોપી વિજય કરશનભાઇ એ રજુ કરેલા હોય, સદર મુદ્દામાલ મોબાઇલ ફોન અપીલ પિરીટડ પુરો થયેથી આરોપી વિજય કરશનભાઇને પરત કરવા હુકમ કરવામાં આવે છે.

તેમજ ગુનાના કામે કબજે કરવામાં આવેલ મારૂતિ સુઝુકી કંપનીની બ્લ્યુ કલરની સ્વીફટ ગાડી, જેના આગળ પાછળ નંબર પ્લેટ લગાવેલ નથી, ચેસીસ નં.MBHCZCB3SPKD40349 તથા એન્જીન નં.K12NP1524421 નો લખેલ છે, તે અરજદાર રાવળ વિજય કરશનભાઇ નાઓને વચગાળાના હુકમથી પરત કરેલ છે, તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

તેમજ બજાજ કંપનીનું પલ્સર મોટર સાયકલ રજી. નંબર જીજે૦૨સીકયુ૭૫૭૯ બ્લેક કલરનું ઠાકોર અશ્વીનજી અમરતજી, રહે.લાખવડનાઓએ રજુ કરેલ હોઇ, તેની માલીકી અંગેની ખાતરી કરી, તેના માલીકને અપીલ પિરીયડ પુરો થયેથી પરત કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) દરેક આરોપીએ આ હુકમ ઉપર નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અપીલ થાય તો હાજર રહેવા રૂા.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ના જાત જામીન તથા તેટલીજ રકમના જામીન અપીલ સમય સુધીના અત્રેની કોર્ટમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨જી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મહેસાણા મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૨/૦૪/૨૦૨૬

સ્થળ : મહેસાણા.

**(એસ. એસ. કાળે)**

ચોથા એડીશ્નલ સેસન્શ જજ અને ખાસ જજ(પોકસો),
મહેસાણા.

**(કોડ નંબર : જીજે ૦૦૭૫૩)**